એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૭ ● અંક : ૬

ઓગષ્ટ'૧૨ - સપ્ટેમ્બર'૧૨

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**<u>વ્યવસ્થાપક સમિતિ</u>**

***ચેરમેન***

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

***માનદ્ સંયોજક***

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

***મુદ્રણ આયોજન***

સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

***વેબસાઈટ***

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

***નાણાકીય આયોજન***

કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩

(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**<u>જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક</u> :**

● **અમદાવાદ**

ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**

ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫

વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪

(રૂલપ્રેસવાળા)

● **અંજાર**

અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**

પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫

(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**

હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**

શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**

અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની

ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com

**ઈ-મેલ :** editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી

ભારતના પશ્ચિમોત્તર કિનારે કચ્છ. અહીંથી સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશની સીમાઓ વળોટતું, દક્ષિણ પૂર્વે, છત્તીસગઢ રાજ્યની રાજધાનીનું નગર રાયપુર.

કચ્છના સેંકડો પરિવારોનો અહીં કાયમી વસવાટ છે. ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) કોમના સોનાચાંદીના આભૂષણો માટે વિશ્વાસપાત્ર 'કચ્છી સોની મહાજન'ની હેસિયતથી અંજાર અને કુંભારીયાના આપણા બે પરિવારો લગભગ એંસી વર્ષ અગાઉ અહીં આવી વસ્યા. એમના પ્રોત્સાહનથી અન્ય પરિવારો પણ આવ્યા. હાલે અહીં ૧૦૦ થી અધિક પરિવારોનો આપણો સંગઠીત સમાજ છે. સમાજ દ્વારા ૨૦૦૬માં પરિવાર પુસ્તિકા પ્રકાશીત થઈ છે. એમાંની કેટલીક રસપ્રદ અને પ્રેરક બાબતોની ઝલક અત્રે પ્રસ્તુત છે.

અહીં વસતા પરિવારોમાં ૬૫ ટકા પરિવારોનું મૂળ વતન કુંભારીયા અને અંજાર છે. બાકીના પરિવારોમાં (ઉતરતા ક્રમે) બળદીયા, કેરા, ભુજ, માધાપર, રામપર, દેવળિયા અને વિથોણ મુખ્ય છે. અન્ય પાંચેક ગામોનો એક એક પરિવાર છે. માંડવી, લખપત, અબડાસા કે વાગડ વિસ્તારનો એકે પરિવાર નથી. એક પરિવાર સિહોર (સૌરાષ્ટ્ર)નો પણ છે. અહીંના ૭૫ ટકા પરિવારો પોમલ, બારમેડા અને બુદ્ધભટ્ટી છે. બાકીના પચીસ ટકામાં મૈચા, કટ્ટા, છત્રાળા, સોલંકી, કોટડીયા પરમાર આદિ છે.

આ અંકમાં નીતાબેન નિલેશ બુદ્ધભટ્ટીનો લેખ, અહીંના સમાજનું મહિલા 'સશક્તિકરણ' સ્પષ્ટ કરે છે. કન્યા કેળવણીનું પ્રમાણ અને સ્તર ખૂબ જ ઊંચું છે. સમાજની શિક્ષિત મહિલાઓ (બેટી હોય કે વહુ) વિવિધ વ્યવસાય ઉપરાંત રાજકારણ અને સમાજ સેવા ક્ષેત્રે પ્રવૃત્ત છે. 'લિંગ ભેદ' નથી. દહેજ જેવા દૂષણો પણ નથી.

વ્યવસાય ક્ષેત્રે અહીં આવેલી પ્રથમ પેઢી સોનાચાંદી, આભૂષણ ઘડતર અથવા વ્યાપાર સાથે સંકળાયેલી હશે પરંતુ બીજી અને ત્રીજી પેઢીએ, હાલે, ૭૫ ટકા પરિવારના સદસ્યો અન્ય ક્ષેત્રે (સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ, ઓટોમોબાઈલ્સ, ઈલેક્ટ્રોનિક્સ, એન્જીનીયરીંગ, બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન એસ્ટેટ અને શેયર મેનેજમેન્ટ, ટૂલ્સ અને ડાયમેકીંગ જનરલ મર્ચન્ડાઈઝ) આદિ વ્યવસાયો તેમજ બેન્ક અથવા અન્યત્ર નોકરી હેતુ સંકળાયેલા છે. જે સમાજની સાર્વત્રિક પ્રગતિનાં સૂચક છે. ૯૫ ટકાથી વધુ પરિવારો એક અથવા વધુ લેન્ડલાઈન ફોન ઉપરાંત મોબાઈલ ધારકો છે. આ સ્થિતિ છ વર્ષ પહેલાંની હતી. હવે કદાચ એનું પ્રમાણ સો ટકા હશે.

ઉપરોક્ત વિગતો પરથી નિ:શંક કહી શકાય કે રાયપુરનો આપણો સમાજ, સામાજીક અને આર્થિકક્ષેત્રે સમૃદ્ધ થવા અગ્રસર છે.

ગત માસે સેતુ પરિવારના સદસ્યો તેમજ અમદાવાદ જ્ઞાતિ અગ્રણીઓ મહામંડળની રાયપુર મધ્યે મળેલી મિટીંગમાં હાજરી આપવા ગયેલા ત્યારે રાયપુર નિવાસીઓએ એમનું ઉમળકાભેર સન્માન કર્યું તેમજ 'સેતુ'ની સરાહના કરી. રાયપુર જતા સેતુ પરિવારના સદસ્યોનું વડોદરા અને નાગપુર જ્ઞાતિ પરિવારોએ પણ સ્ટેશને આવીને ચાહભર્યું સન્માન કર્યું તે બદલ સેતુ પરિવાર વતી હું એમનો સહુનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

**હંસરાજ કંસારા**

**મુખ્ય તંત્રી**

# પુષ્ટિ માર્ગ પ્રણેતા શ્રી વલ્લભાચાર્ય - મહાપ્રભુજી

સંકલન : મનુભાઈ કોટડીયા

## શ્રી વલ્લભાચાર્ય જયંતિ

આંધ્રપ્રદેશમાં કાંકર પરગણામાં આવેલા કાંકરપાદુ ગામના તૈલંગ બ્રાહ્મણ શ્રી લક્ષ્મણ ભટ્ટના આભિજાત પરિવારમાં શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી વિ.સં. ૧૫૩૫માં ચૈત્રી કૃષ્ણ એકાદશીના રાત્રીએ અવતરીત થયાં.

તેઓનું આ પ્રાગટ્ય પણ કાંઈક અંશે નાટકીય ઢબે થયું. કહે છે કે જ્યારે વલ્લભાચાર્ય ગર્ભસ્થ હતા ત્યારે તેઓના માતા-પિતા સોમયાગ યજ્ઞના સંદર્ભે કાશી મુકામે હતા.

પરંતુ આ પ્રદેશોમાં ઈબ્રાહીમ લોદીનું લશ્કર દિલ્હી સુધી આવી પહોંચતાં સહુ ભયના માર્યા કાશી છોડી પોતપોતાના વતન તરફ હિજરત કરવા લાગ્યા ત્યારે ભારદ્વાજ ગોત્રના તૈલંગ બ્રાહ્મણ લક્ષ્મણ ભટ્ટજી પણ એમની ગર્ભવતી પત્નીને લઈ પોતાના વતન આંધ્ર તરફ આવવા નીકળ્યા. માર્ગમાં તેઓ ભીમરથી નદીના કિનારે આવેલા ચંપારણ્ય નામના સ્થાને અંધારી રાત્રીમાં આવી પહોચ્યાં. અહીં પત્નીને પ્રસવ પીડા ઉપડતાં જંગલમાં રોકાયા. સાતમે અધૂરે મહિને અવતરેલા કૃષ ગર્ભને અચેતન જેવો જોઈ તેને મૃત સમજી બંને પતિ-પત્ની ભારે હૈયે નવજાત પુત્રને નજીકના ઝાડની બખોલમાં કપડામાં વીંટાળી પાંદડાં ઢાંકીને રાખ્યું. તેમના આ બાળકના મૃત શરીરને કોઈ વન્ય પશુ આવી કોળિયો કરી ન જાય તે માટે આજુબાજુથી સાંઠિકડા - લાકડા વીણી લાવી તાપણું કરી ત્યાં સૂઈ ગયા...



બીજે દિવસે વહેલા બ્રહ્મ મૂહુર્તમાં અગ્નિની અવિરત ઉષ્માથી પેલું બાળક સળવળવા લાગ્યું ને ઊંચા અવાજે રડવા લાગ્યું. જે સાંભળી બ્રાહ્મણ ભટ્ટ અને તેમનાં પત્ની સફાળા જાગ્યા અને બંનેના ચહેરા પર પ્રસન્ન ભાવના પૂર ઉમટ્યા...

મમતાનાં આવેગમાં ભટ્ટાણીએ તો પુત્રને બાથમાં લઈ સ્તનપાન પણ કરાવ્યું. આમ આ બાળક વિદ્વાન અને આચાર્ય કક્ષાનો થવાનો છે, તેવા ભાવિથી અજાણ દંપતિ એમના પુત્રને હૃદય સરસો ચાંપી, એમની યાત્રામાં આગળ વધ્યા. એક નજીકના ગામમાં જઈ પુત્ર અવતર્યાની સઘળી વિધિઓ પૂર્ણ કરી. અહીં જ એમણે છઠ્ઠી વિગેરે માંગલિક પ્રસંગો પતાવ્યા. ત્યારબાદ બરાબર દોઢ મહિને જ્યારે સમાચાર મળ્યા કે કાશીમાં શાંતિ સ્થપાઈ ગઈ છે એટલે ફરી તેઓ કાશી જવા રવાના થયા.

આમ ક્યાં આંધ્રપ્રદેશ અને ક્યાં કાશી અને ક્યાં ચંપારણ... પણ પ્રભુની લીલા ન્યારી છે અને નિમિત્ત સઘળા નિશ્ચિત છે એ સત્યકથનાનુસાર શ્રી વલ્લભાચાર્ય આ પૃથ્વી પર પ્રગટ્યા... અગ્નિનાં આવરણની વચ્ચે સુંદર મુખાર્વિંદ ધરાવતા આ બાળકને તેથી જ શ્રી આચાર્ય ચરણનું અગ્નિ સ્વરૂપ - શ્રી વલ્લભો અગ્નિરૂપઃ સ્થાન માનવામાં આવ્યું છે.

બરાબર આ જ દિવસે એટલે કે ચૈત્રી અગિયારસે જ ગોવર્ધન પર્વત પર શ્રીનાથજીએ પોતાના મુખારવિંદનું પ્રાગટ્ય કર્યું એ પણ ઈશ્વરીય વિધાન જ સમજવું જોઈએ કે ઈષ્ટ અને ભક્ત બંનેનું પ્રાગટ્ય આ પૃથ્વી પર એક જ દિવસે થયું, અને તેઓનું જીવનકાર્ય પણ સુનિશ્ચિત જ હતું બંનેનું પ્રાગટ્ય ભારતવર્ષની જીર્ણશીર્ણ ધર્મ-અવસ્થાને સુધારીને ભારતીય જીવનનું પુનરૂત્થાન કરવા માટે જ થયું હતું.


પાંચમાં વર્ષે શ્રી વલ્લભનાં યજ્ઞોપવિત સંસ્કાર થયાં. અને ત્યારબાદ કાશીમાં જ શ્રી માધવેન્દ્રયતિના શિષ્ય માધવાનંદજીના ગુરૂપદે શ્રી વલ્લભે સોળમાં વર્ષ સુધીમાં સામાન્ય શાસ્ત્રોનો અભ્યાસ ઊંડાણથી કરી લીધો. દાર્શનિક વિષયો માટે તેઓશ્રીએ મામાશ્રીનાં મુકામે વિજયનગરમાં ઉચ્ચ અભ્યાસ કર્યો.

ત્યારબાદ પિતાશ્રી લક્ષ્મણ ભટ્ટજીની ઈચ્છા દક્ષિણના તીર્થોની યાત્રાની હતી. તે સમયે યાત્રા કરવી સુગમ નહોતી એટલે પોતાના ત્રણ પુત્રો, શ્રી વલ્લભ, શ્રી રામકૃષ્ણ તથા શ્રી રામચંદ્રને લઈ માતા-પિતા દક્ષિણભારત યાત્રાએ નીકળ્યા.

બાલાજીના દર્શન બાદ પિતાશ્રી લક્ષ્મણ ભટ્ટ શ્રીજી ચરણ થયાં. માત્ર સોળ વર્ષની વયે શ્રી વલ્લભે પિતાછત્ર ગુમાવ્યું, નિરાધાર માતાને આધાર આપી તેઓ મામાના ઘરે વિજયનગર આવ્યા. અહીં શ્રી વલ્લભે દર્શન શાસ્ત્રનો અભ્યાસ કર્યો, ને પુનઃ માતાજીને લઈ અધૂરી છોડેલી યાત્રા પૂર્ણ કરવા નીકળ્યા. યથા સમયે જગન્નાથપુરી પહોંચ્યા. અહીં વિદ્વાનોની સભામાં માત્ર ૧૬ વર્ષે 'ગીતા એ શાસ્ત્ર અને શ્રીકૃષ્ણ એ પરમ દૈવત' એ સિદ્ધાંત સ્થાપી ઘણું માન બહુમાન મેળવી વિજયનગર પરત આવ્યા. અહીં ગ્રંથલેખન શરૂ કર્યું. પ્રથમ ગ્રંથ લખ્યો 'તત્વાર્થદીપનિબંધ' જેમાં બ્રહ્મ મીમાંસા, ધર્મ મીમાંસા અને ભગવત મહાપુરાણને સમાવિષ્ટ કર્યા.

શ્રી વલ્લભે વીસમા વર્ષે વિજયનગરમાં અધ્યયન-પરિશીલન-ગ્રંથલેખનની પર્યાપ્ત શક્તિ પ્રાપ્ત કરી લીધી હતી. તેથી હવે દેશાટન અને પંડિતોનો સમાગમ કેળવવા

ભારતવર્ષના તીર્થોની યાત્રા કરવાનો આરંભ કરી દ્વારકા સુધીની ત્રણ પરિક્રમાઓ સિદ્ધ કરી, વેદાંત વિષયે 'અખંડ બ્રહ્મવાદ' અને ભક્તિમાર્ગના પ્રચારનું કાર્ય કર્યું. તીર્થોમાં જ્યાં જ્યાં એમણે ભાગવત મહાપુરાણની કથા કરી તેવા ૮૪ સ્થાનો, શ્રી મહાપ્રભુજીની બેઠક તરીકે જાણીતા છે.



શ્રી વલ્લભાચાર્યે દક્ષિણનાં રામેશ્વરથી માંડી, તિરૂપતિ, પંઢરપુર, પોતાના જન્મસ્થાન ચંપારણ્ય, નાસિક, જનકપુર, ગુજરાત તેમજ સૌરાષ્ટ્રનાં તીર્થસ્થાનમાં અમદાવાદ નજીક ધંધુકા પાસે તગડીનો પણ સમાવેશ થાય છે. પ્રત્યેક સ્થળ પર તેઓ વૈષ્ણવોને વિષ્ણુસ્વામીની પરંપરાની ભાગવતી દીક્ષા આપતા.

ભારતવર્ષની દ્વિતીય પરિક્રમાનાં સમયે જ્યારે શ્રી વલ્લભ વ્રજભૂમિમાં પધાર્યા ત્યારે તેઓને શ્રીનાથજીના પ્રાગટ્યના શુભ સમાચાર સાંપડ્યા. તે જ સમયે શ્રીજીએ તેમને પ્રત્યક્ષ દર્શન પણ આપ્યા. શ્રીનાથજીની કૃપાથી તેમજ શ્રી મહાપ્રભુજીના સત્ પ્રયત્નથી ભારતભરમાં ભક્તિની એવી લહેર ઊઠી કે તેમના દ્વારા સ્થાપિત શ્રીજીની સેવા પદ્ધતિ આજ સુધી યથાવત છે.

## શ્રીનાથજીનું પ્રાગટ્ય

શ્રી વલ્લભાચાર્ય જ્યારે વ્રજભૂમિમાં વિચરણ કરતા હતા ત્યારે જ શ્રીનાથજીનાં પ્રાગટ્ય વિષે તેઓએ જાણ્યું અને તે જ સમયે તેઓ ભાવાવેશમાં આવી ગયા.. આ અવસ્થામાં શ્રીજીએ તેમને પ્રત્યક્ષ દર્શન આપ્યા.

શ્રી ગોવર્ધનનાથજીના પ્રાગટ્યના સંબંધમાં ગર્ગ સંહિતામાં ભવિષ્યવાણી પણ કરવામાં આવી છે.. જે મુજબ...

ગિરિરાજ ગુહામધ્યાત્સર્વેષાં પશ્યતાં નૃપ ।

સ્વતઃ સિદ્ધ ચ તદ્રપં, હરેઃ પ્રાદુ ર્ભવિષ્યતિ ॥

... એટલે કે ... હે રાજન, સર્વનાં નજર સમક્ષ જ શ્રી ગિરિરાજની ગુફામાંથી સ્વતઃ સિદ્ધ શ્રી હરિ આ સ્વરૂપને પ્રગટ કરશે અને

યેન રૂપેણ કૃષ્ણને, ધૃતો ગોવર્ધનો ગિરિઃ ।

તદ્રુપં વિધતે તત્ર રાજન્ શૃંગારમંડળે ॥

...હે રાજન ભગવાન શ્રી કૃષ્ણે જે સ્વરૂપમાં ગિરિરાજપર્વતને ધારણ કર્યો, એ જ રૂપમાં શૃંગારમંડલ - વ્રજમાં તેઓ બિરાજમાન છે. તેઓનો જમણો હસ્ત કેડની નજીક મુઠ્ઠી બંધ કરેલો છે, તથા તેમનો અંગુઠો બહાર દ્રશ્યમાન છે, વામહસ્ત ઉપર ઊંચો રહેલ છે, કે જે સંસારના તમામ દુઃખોને પોતાના ઉપર લઈ જીવોને અભયદાન અર્પે છે. વળી વામહસ્તને ઊંચો કરીને તેઓ નિજભક્તને બોલાવે પણ છે, કે હે ભક્તગણ જો તમે પાપ, તાપ અને સંતાપથી ભય પામતા હો તો મારા શરણમાં આવો. હું ચિદાનંદ આપીશ.

આ જ સ્વરૂપમાં ભગવાન શ્રીકૃષ્ણે ગોવર્ધન ધારણ કર્યો હતો, એ જ પ્રભુ શ્રી ગોવર્ધન નાથજી - શ્રી નાથજીના નામથી પ્રસિદ્ધ છે. જેના દર્શનથી આપણે ધન્યતા અનુભવીએ છીએ.

## વિદ્વતાપૂર્ણ વ્યક્તિત્વ ધરાવતા આચાર્ય શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી

શ્રી વલ્લભાચાર્યે ભારતવર્ષની ત્રણવાર પદયાત્રા કરી અનેક તીર્થોનાં દર્શન કર્યાં. પ્રથમ ભારતભ્રમણના સમયમાં દક્ષિણના પ્રસિદ્ધ વિદ્યાકેન્દ્ર વિજયનગરમાં શ્રીકૃષ્ણદેવરાયના રાજદરબારમાં શ્રી મહાપ્રભુજી સાથે અનેક વિદ્વાનોનો અને તે સમયના શંકરાચાર્યનો શાસ્ત્રાર્થ થયો. વિદ્વત્સમાજે શ્રી મહાપ્રભુજીના વચનોના સત્યની પ્રશંસા કરી. સમગ્ર વિજયનગરમાં શ્રી વલ્લભની વિજયયાત્રા નીકળી અને તેમના સન્માનાર્થે કનકાભિષેકનું આયોજન કરવામાં આવ્યું. તે જ સમયે તમામ સંપ્રદાયના આચાર્યોએ વિજયતિલક કરીને તેઓના દિવ્ય વ્યક્તિત્વથી અભિભૂત થઈ તેઓને મહાપ્રભુ શબ્દથી સંબોધિત કર્યા. શ્રી મહાપ્રભુનો વિજયડંકો સમગ્ર ભારતભરમાં બજી ઊઠ્યો.

અન્ય એક તીર્થ યાત્રા દરમ્યાન જ તેઓએ અક્ષયતૃતિયાના શુભ મુહૂર્તમાં વ્રજભૂમિના ગિરિરાજનની તળેટીમાં સંવત ૧૫૬૬માં ભવ્ય મંદિર નિર્માણનો પાયો નાંખ્યો. અહીં તેઓએ પોતાના ગુરુ માધવાનંદને મુખિયા તરીકે નીમ્યા અને ભક્ત શ્રીકૃષ્ણદાસને અધિકારી બનાવ્યા તથા દર્શન-કીર્તનની વ્યવસ્થા ભક્તકવિ કુંભનદાસને સોંપીને પોતે કાશી તરફ રવાના થયા. અહીં તેમણે શ્રી માધવેન્દ્રપુરી પાસેથી સંન્યાસદીક્ષા લઈ ૪૦ દિવસ સુધી હનુમાનઘાટ પર નિવાસ કર્યો.

આ સમય દરમ્યાન મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યના બંને પુત્ર શ્રી ગોપીનાથજી તથા શ્રી વિઠ્ઠલનાથજી ગોંસાઈ એમના દર્શન કરવા પધાર્યા તે સમયે શ્રી મહાપ્રભુજીએ મૌન ધારણ કરી લીધું હતું, આથી જમીન પર લખીને પોતાના પુત્રોને અંતિમ ઉપદેશ આપ્યો કે, 'ભગવાન શ્રીકૃષ્ણ જ આપણા સર્વપ્રકારે સર્વસ્વ છે, જો પૂર્ણ નિષ્કામભાવથી તેમની સેવા કરશો તો અવશ્ય તમારા સર્વ કાર્યો સિદ્ધ થશે. સેવ્યઃ સ એવ ગોપીશો,

વિસાસ્યત્યખિલં હિતમ્' અને આ બ્રહ્મવાક્ય આજે પણ સિદ્ધ ઉપદેશાત્મક વાક્ય છે - આમ પોતાના જીવનના બાવન વર્ષ, બે માસ, સાત દિવસ આ ભૂમંડલ પર વ્યતીત કરીને વિદ્વાન આચાર્યશ્રી મહાપ્રભુજી વલ્લભાચાર્યએ અષાઢ શુક્લ ત્રીજ સંવત ૧૫૮૭ના દિવસે કાશીમાં ગંગાનદીમાં પોતાના સ્વરૂપને બ્રહ્મલીન કરીને આ લોકમાંથી લીલાસંવરણ કરી શ્રીજી ચરણ થયાં.

પિતૃચરણના ગોલોક નિવાસ બાદ, શ્રી ગોપીનાથજી ગાદી પર બિરાજ્યાં. તેમણે તન્મયાપૂર્વક શ્રીનાથજીની સેવા કરી અને ભારતભ્રમણ કર્યુ. શ્રી ગોપીનાથજીએ પોતાના સમયમાં જે બ્રહ્મસંબંધ આપવાની વ્યવસ્થા પોતાના નાનાભાઈ શ્રી વિઠ્ઠલનાથ ગોંસાઈજીને સોંપી હતી, તેઓએ પુષ્ટિમાર્ગની પરંપરાને પુષ્ટ કરી જીવંત રાખી.

## પુષ્ટિ માર્ગની પરંપરા...




ભારતવર્ષની યાત્રા દરમ્યાન શ્રી વલ્લભાચાર્ય જ્યારે ઝારખંડમાં હતા ત્યારે તેઓને સમાચાર મળ્યા કે વ્રજભૂમિમાં ગિરિ ગોવર્ધન ઉપરના મંદિરમાં પોતાના વિદ્યાગુરૂ માધવેન્દ્રયતિજી શ્રી નાથજીની સેવામાં પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા છે... તો યાત્રા થંભાવી તેઓ વ્રજભૂમિ તરફ વળ્યા, અને પહેલો મુકામ ગોકુળમાં શ્રી યમુનાજી ઉપરના ગોવિંદઘાટ ઉપર કર્યો એ દિવસ હતો. શ્રાવણી અગિયારસ સંવત ૧૫૬૩નો. 'સિદ્ધાન્તરહસ્ય'માં બતાવ્યા મુજબ આ દિવસે તેઓશ્રીના હૃદયમાં નિઃસાધન શરણમાર્ગ 'પુષ્ટિમાર્ગ' ની સ્ફૂરતા થયેલી. ત્યારથી પુષ્ટિમાર્ગના અધિકારી વૈષ્ણવોને અને તેઓના સંતાનોને બે દીક્ષા આપવામાં આવે છે.

પહેલી દીક્ષા **'શ્રી કૃષ્ણ શરણં મમ્'** એ અષ્ટાક્ષરમંત્ર બોલાવી કંઠમાં તુલસીની કંઠી આપવામાં આવે છે, એ પછીની બીજી દીક્ષા એવા શરણાર્થીઓને 'સિદ્ધાન્તરહસ્ય' માં સૂચવેલી બ્રહ્મસંબંધ દીક્ષા આપવામાં આવે છે. જેમાં શરણાર્થી પાસે આત્મનિવેદન કરાવવામાં આવે છે. જેમાં ભાવનાથી પોતાનું સર્વસ્વ પ્રભુના ચરણોમાં અર્પિત કરવાની પ્રતિજ્ઞા કરવામાં આવી હોય છે. આ બ્રહ્મસંબંધ મંત્રના ૮૪ અક્ષરો છે, જેમાંના છેલ્લા શબ્દ **'હે કૃષ્ણ ! હું તમારો દાસ છું.'** એ છે.

શ્રાવણ સુદ બારસને દિવસે 'પુષ્ટિમાર્ગ' નો આવિષ્કાર કરી પહેલી દિક્ષા શ્રી વલ્લભાચાર્ય દ્વારા પોતાના પ્રિય શિષ્ય દામોદરદાસ હરસાણીને આપી અને બાદમાં આચાર્ય શ્રી વલ્લભાચાર્ય તુરત જ શ્રી ગોવર્ધન ગિરિ ઉપર શ્રીનાથજીના દર્શને તેમજ ગુરુજી પાસે પહોંચ્યા.

આમ મૂળ પુષ્ટિમાર્ગનો પાયો શ્રી વલ્લભાચાર્યએ નાખ્યો, જેની ઉપર ઈમારત તો તેમની પાછળ આચાર્ય બનેલા એમના દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથ ગોંસાઈજીએ ઊભી કરી.

## ચંપારણ્યમાં ચૈત્રવદીમાં વિશ્વભરમાંથી લાખો લોકો દર્શને આવે છે.



શ્રી મહાપ્રભુજી પ્રાકટ્ય સ્થળ - ચંપારણ્ય. પુષ્ટિધર્મના ભક્તિરસના પ્રાણ સંચારથી ગુંજતુ દિવ્ય ચંપારણ્ય મહાપ્રભુજીનું પ્રાકટ્ય ધામ છે. વિશ્વના હજારો વૈષ્ણવો ચૈત્રવદી અગિયારસના દિવસે આ તીર્થક્ષેત્રે દર્શન કરવા આવે છે. આ દિવ્ય પુષ્ટિતીર્થ છે. પુષ્ટિમાર્ગનું પાયાનું તીર્થ છે.

શ્રી ચંપારણ્ય બેઠકજીના મંદિરનો ધાર્મિક પ્રભાવ એટલો બધો છે કે એની પાછળનો અલૌકિક ઈતિહાસ તેમજ ભાવપૂર્વકના સેવા દર્શનતી આત્માનું કલ્યાણ થયા વિના રહે નહિ. અહીં દર્શન કરવાથી વૈષ્ણવી જીવન કૃતાર્થ થાય છે. કારણકે આજે પણ શ્રી મહાપ્રભુજી સાક્ષાત્ બિરાજે છે હજારો પુષ્ટિજીવોને તેનો સાક્ષાત્કાર થયેલો છે.

શ્રી ચંપારણ્ય ધામ એ વૈષ્ણવ સૃષ્ટિનું આદિદૈવિક દર્શનીય ધાર્મિક સ્થળ છે. વૃક્ષઘટાથી પરમ શોભાયમાન વિરાટ વનરાજી વચ્ચે અતિ સોહામણું સૃષ્ટિ સૌંદર્યનું પણ અભિસિંચન પવિત્ર ધરતી તીર્થ ક્ષેત્ર વૈષ્ણવ સૃષ્ટિનું નંદનવન છે. પુષ્ટિમાર્ગની સ્મૃતિ ખડી કરતું વૈષ્ણવોનું પ્રાણવાન દિવ્ય સ્થળ છે.

વૈષ્ણવ સમાજની ધબકતી ભાવાત્મક સમૃદ્ધિના શ્વાસે જ પુષ્ટિમાર્ગના પાયાની આ સંસ્થા આધ્યાત્મિક બળ આપી રહી ધર્મ અને સદાચારની રક્ષા કરવા અને વૈષ્ણવોના જીવનનો આધાર કરવા શ્રી મહાપ્રભુજી એ આ દિવ્યધામમાં જન્મ ધારણ કર્યો. પ્રાકટ્ય થયું.

મધ્યપ્રદેશ હાલમાં (છત્તીસગઢ) ના રાયપુર શહેરથી ૪૫ કિમી. વૃક્ષ ઘટાથી શોભાયમાન ચંપારણ્યનાં ગાઢ જંગલમાં વિ.સ. ૧૫૩૫ના ચૈત્ર વદી એકાદશીના મધ્યાન્હે શ્રી વલ્લભાચાર્યજી (શ્રી મહાપ્રભુજી) નું પ્રાકટ્ય થયું. આજ દિવસે વ્રજમાં શ્રી ગિરીરાજ ઉપર શ્રીનાથજી (શ્રી કૃષ્ણરૂપ)નું પ્રાકટ્ય થયું.

ધર્મશાસ્ત્રોના શ્રી વલ્લભનો અવતાર ઠાકોરજીના મુખારવિંદ સ્વરૂપ માનવામાં આવ્યો છું. ઘણા અગ્નિદેવના અવતાર કહે છે. ભારતના આ મહાન જ્યોર્તિધર જગદ્‌ગુરુએ વૈષ્ણવ સંપ્રદાયનું સ્થાપન કર્યું છે. આજે આ સંપ્રદાય વિશ્વમાં 'પુષ્ટિ સંપ્રદાય' તરીકે ઓળખાય છે. ભગવત્સોના તેમજ જીવમાત્રની સેવાથી માંડીને ભવસાગરના કિનારે પહોંચાડનારી દીવાદાંડી એ પુષ્ટિ માર્ગ છે. સેવા જ મંત્ર છે, સેવા એ એક યજ્ઞ છે, સેવા જ જપ છે, સેવા જ સુષ્ટિનો ઉદ્ધાર કરી શકે. માટે જ સેવા ને જ જીવનના સર્વોચ્ચ આદર્શ તરીકે તેઓએ માન્ય રાખીને ઉપદેશ આપ્યો.

પુષ્ટિમાર્ગના ભક્ત માટે સંસારના સંબંધો ધીમે ધીમે તુટી જાય છે. છુટી જાય છે અને પ્રભુસેવા (ભક્તિ) એક અલૌકિક દૈવી સ્વરૂપ ધારણ કરે છે. પુષ્ટિમાર્ગનું લક્ષ્ય માનવ જીવનની આધ્યાત્મિક શક્તિઓનું પુનઃશોધ અન્વેષણ કરવાનું છે.

## કેળવણી એ માનવીના મન અને જીવનનું નવનિર્માણ કરવાની પારસમણિ છે.

— લાયચા શ્રુતિ જયંતિલાલ, કોટડા (જડોદર)

મનુષ્યના બધા કાર્યોમાં ઘડતરની પ્રક્રિયા દ્વારા જ નિર્માણ શક્ય બને છે. એક પહાડ અણુઓમાંથી જ બનેલો હોય છે. અક્ષરોના સમૂહથી જ આખરે એક પુસ્તકનું નિર્માણ થાય છે.

કેળવણી પ્રાપ્ત કરેલ વ્યક્તિ પોતાના મનનું ઘડતર જાતે જ કરતી હોય છે. પ્રત્યેક વિચાર એ મનરૂપી મકાનની એક ઈંટ સમાન છે. આમ, કેળવણી એવી હોવી જીોએ કે જેના ઉપર મનરૂપી મંદિરનું નિર્માણ કરી શકાય.

પોતાની જાતનું ઘડતર વ્યક્તિએ પોતે જ કરવાનું છે. જો તે પોતાને એવા ખંડેરમાં રહેલા જુએ છે કે જ્યારે જર્જરિત છતમાંથી પાણી વહેતું હોય તો એનું કર્તવ્ય છે કે તે એવા એક ગ્રહનું નિર્માણ કરે છે કે જે એને રક્ષણ આપી શકે. એવી જ રીતે, માણસે જો સફળ, દ્રઢ અને દાખલારૂપ જીવનનું નિર્માણ કરવું હોય એટલે કે એવું જીવન કે જે આફતોના અનેક ઝંઝાવાતો / આંધીઓ વચ્ચે પણ અડગપણે ઉભું રહે તો આવું જીવન કેળવણીના પાયા પર ચણાયેલું કે નિર્માણ થયેલું હોવું જોઈએ.

કેળવણીને પારસમણિ સાથે સરખાવી શકાય. જેમ અંધારામાં રહેલા મણિ ઉપર પ્રકાશ પાડતા તે અંધારી જગ્યા ઝળહળી ઊઠે છે. તેવી જ રીતના આપણા મન તથા જીવનરૂપી મણિ ઉપર જ્ઞાનરૂપી કેળવણીનો પ્રકાશ પાડતા તે પણ ઝળહળી ઉઠે છે. તેથી કેળવણી એ મન તથા જીવનરૂપી મણિ ઉપર જ્ઞાનરૂપી પ્રકાશ પાડતી પારસમણિ છે તેમ કહી શકાય.

## પ્રાર્થના

હે પ્રભુ !
સ્મરણ તારું કરતાં કરતાં, સવારની શરૂઆત કરાવી દેજે.
તારું જ પ્રતિબિંબ પડે હૃદયમાં, પ્રભાતનું સોનેરી કિરણ તેવું દેજે.
ડગલા મારા મંદિર તરફ વળે, એવો ઈશારો મને તું કરી દેજે.
મુજ નયનમાં સુખ-શાંતિનું, એક મંદિર તું ખડું કરી દેજે.
રીઝવી ના શકું ભલે જગને, મીઠી વાણીની મિલ્કત મને દેજે.
નથી જોઈતું મારે અણ-હક્કનું, વિધીએ લખ્યું એટલું જ મને દેજે.
ભટકતું મન સ્થિર થાય તારામાં, તારા દરવાજે લાવી ખડું કરી દેજે.
અંત સમયે તારામાં જ રહું, આવું સગપણ મને તું કરી દેજે.
દુઃખી જોઈને રડે આંખો મારી એવા સબનમમાં આંસુ મને દેજે.
મળી જાય દેહ પંચભૂતમાં તો પણ કરે યાદ જગત,
એવું જીવન મને દેજે.
પરમાત્માનું રટણ તનમાં, તારો જ સાથ મનમાં
હસતો હસાવતો જાઉં એવી, ખુમારી મને દેજે.

**— ડિમ્પલ નિરવ સોની - રવાપર**

## આભાર દર્શન

કચ્છ અને કચ્છ બહાર વસતાં આપણા સમાજના પરિવારોનું પરસ્પર પરિચય વધે તે માટે 'જ્ઞાતિસેતુ' સહ પ્રયત્નશીલ રહે છે. 'જ્ઞાતિસેતુ'ના 'રાયપુર વિશેષાંક' દ્વારા રાયપુરના પરિવારો, ત્યાંની સંસ્કૃતિ તથા ત્યાંના સમાજનો વિશેષ પરિચય આપવા પ્રયાસ કરવામાં આવેલ છે. આ કાર્યમાં રાયપુરના પ્રમુખશ્રી પ્રફુલભાઈ બારમેડા, શ્રી પ્રકાશભાઈ બારમેડા, શ્રી કમલેશભાઈ બીજલાણી, શ્રી જયેશભાઈ પોમલ, નિલેશભાઈ બુદ્ધભટ્ટી, શ્રીમતી નીતાબેન બુદ્ધભટ્ટી, શ્રીમતી શીવાંગી પોમલ, શ્રીમતી નયનાબેન બારમેડા, શ્રીમતી લતાબેન સોલંકી (ભુજ), કુ. એકતા કટ્ટા (અંજાર), શ્રી ઈશ્વરભાઈ હેડાઉ (ભુજ) વિગેરેએ જે સાથ સહકાર આપેલ તે માટે તેઓનો હૃદયપૂર્વક આભાર...

**રમેશભાઈ સોની**
(પ્રમુખ, અમદાવાદ જ્ઞાતિ)

**હંસરાજ કંસારા**
(મુખ્યતંત્રી, જ્ઞાતિસેતુ)

**મનુભાઈ કોટડીયા**
(ચેરમેન, જ્ઞાતિસેતુ)

**અતુલ સોની**
(માનદ્ સંયોજક, જ્ઞાતિસેતુ)

# શ્રી મારૂ કંસારા સોની સમાજ, રાયપુર પ્રગતિના પંથે...

આજથી લગભગ ૮૦ વર્ષ પૂર્વે શ્રી લાલજી હીરજી પરિવારના સદસ્ય શ્રી હીરજીભાઈ બારમેડા સૌ પ્રથમ કચ્છ અંજારથી રાયપુર આવી વસ્યા. ત્યારબાદ શ્રી લખમસી પદમસીભાઈ પોમલ કચ્છ કુંભારીયા ગામથી રાયપુર આવી લખમસી પદમસી જ્વલેર્સ નામની ફર્મની સ્થાપના કરી તથા કચ્છથી આપણા જ્ઞાતિ બંધુઓને રાયપુર આવવા પ્રોત્સાહિત કર્યા. તેમના માટે કામ શીખવાડવાની વ્યવસ્થા કરી અને જ્યારે તેઓ કુશળ કારીગર થયા ત્યારે તેમના માટે સ્વતંત્ર ધંધો કરવાની વ્યવસ્થા પણ કરી આપી.

આ પ્રમાણે આપણા સમાજના ઘર વધતા ગયા અને એક સંગઠન બન્યું ત્યારબાદ લગભગ ૧૦ વર્ષ પછી શ્રી મારૂ કંસારા સોની સમાજની સંરચના ગોઠવાઈ અને સ્વ. શ્રી નારાયણજી પદમશીભાઈ પોમલ એના પ્રથમ અધ્યક્ષ બન્યા. ત્યારબાદ સ્વ. શ્રી ઓધવજી મુરજીભાઈ બીજલાણી, સ્વ. શ્રી ગોપાલજી પરષોત્તમભાઈ કટ્ટા જેવા વડીલો અધ્યક્ષ બન્યા અને સમાજનું કામ આગળ વધતું ગયું.

સ્વ. શ્રી નાનાલાલ શીવજીભાઈ બુદ્ધભટ્ટી જ્યારે સમાજના અધ્યક્ષ બન્યા ત્યારે તેમણે પોતાની જમીનનો એક ભાગ સમાજ માટે ભેટ સ્વરૂપ આપ્યો જે સમાજ માટે આર્થિક આવકનું સાધન બન્યું. આ પ્રમાણે સંગઠન ધીરે ધીરે મજબૂત થતું ગયું.

ત્યાર બાદ સ્વ. શ્રી પોપટભાઈ પદમશીભાઈએ સમાજના સાંસ્કૃતિક કાર્યક્રમ માટે સમાજમાં પ્રત્યેક શ્રાવણ માસની અમાસે એક સામાજીક કાર્યક્રમની પ્રથા પ્રારંભ કરી તે માટે તેઓ સમાજના પ્રત્યેક સદસ્યોને રાયપુરથી લગભગ ૭ કિમી. દૂર સરોના ગ્રામના મહાદેવ મંદિર લઈ જતા. આજે પણ સમાજના સદસ્યો દર વર્ષે શ્રાવણ માસની અમાસની ઉજવણીનો કાર્યક્રમ ત્યાં કરે છે.

સ્વ. શ્રી છગનલાલ પદમશીભાઈ પોમલ અધ્યક્ષ બન્યા ત્યારે સમાજની જમીન જે ત્યારે રાયપુર શહેરથી ખૂબ દૂર હતી આ જમીનને સમાજના સદસ્યોની મંજુરી લઈને વેચી અને સમાજ માટે એક મુડી ઉભી કરી. શ્રી મનોહરલાલ છગનલાલ પોમલની અધ્યક્ષતામાં ફાફાડીહ, રાયપુરમાં એક અન્ય જમીન સમાજનાં નામથી લેવામાં આવી. જ્યારે શ્રી નરભેરામ નાનાલાલભાઈ બુદ્ધભટ્ટી અધ્યક્ષ પદે હતા. ત્યારે સમાજનું ભવન બનાવવા માટે ભૂમિ પૂજન કરી સમાજનાં ભવન નિર્માણનું પ્રથમ ડગલું ભર્યું અને ભવન માટે ફાળો એકત્રીત કરવાનો નિર્ણય લીધો. શ્રી છગનલાલ કલ્યાણજીભાઈ સમાજના અધ્યક્ષ પદે આ કાર્ય આગળ વધ્યું. આપણા સમાજનું રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું. સમાજના ભવનનું કામ જેમ આગળ વધતું ગયું તેમ ભવન બનાવવા માટે આર્થિક આવશ્યકતા વધતી ગઈ ધીમે ધીમે કાર્ય આગળ વધતું ગયું.

કહે છે કે મન ડગે પણ મેરૂ ન ડગે. આપણા સમાજના એક બહેન શ્રીમતી કમળાબેન વ્રજલાલ બારમેડાએ ૫૦,૦૦૦ જેવી મોટી રકમ એક સાથે આપી, તેમના પતિ સ્વ. શ્રી વ્રજલાલ રતનશીભાઈની સ્મૃતિમાં સમાજમાં એક રૂમ બુક કરાવ્યો. ભવન નિર્માણ કાર્યમાં તેજી આવી. શ્રી જયેશકુમાર બાબુલાલભાઈ પોમલે સમાજનું પદભાર ગ્રહણ કર્યુ ત્યારે તેમણે સમાજની યુવાશક્તિને જોર આપી સમાજમાં ભવનના કાર્યને આગળ વધારી લગભગ અંતરૂપ સુધી લાવી દીધું તથા સમાજના અન્ય સામાજીક, સાંસ્કૃતિક કાર્યને પણ આગળ વધાર્યું અને સમાજનાં શ્રી કિશોરકુમાર બાબુલાલભાઈ બુદ્ધભટ્ટીએ અધ્યક્ષ બન્યા પછી સમાજના ભવનના કાર્યને કમ્પલીટ કરાવ્યું આ પ્રમાણે આપણા સમાજનું ભવન બન્યું અને એનું ઉદ્‌ઘાટન સમાજનાં વયોવૃદ્ધ સદસ્ય શ્રીમતી ડાહીબેનના હસ્તે કરવામાં આવ્યું..

સમાજનું ભવન બનાવવામાં સમાજનાં અન્ય સભ્યો શ્રી કિશોરચંદ્ર ગોપાલજીભાઈ કટ્ટા, શ્રી નરોત્તમભાઈ બીજલાણી, શ્રી રસીકલાલ મુરજીભાઈ, સ્વ. શ્રી મનસુખલાલ વલમજીભાઈ, શ્રી મગનલાલ વલમજીભાઈ, શ્રી યોગેશકુમાર નાનાલાલભાઈ બુદ્ધભટ્ટી, શ્રી જુગલકિશોર વિઠ્ઠલજીભાઈ બુદ્ધભટ્ટી તથા શ્રી શાંતિલાલ દેવકરણ મૈચા જેવા સભ્યોએ કોઈ પણ પદની લાલસા વગર સમાજની સેવા માટે સદૈવ તત્પર રહ્યા. આ પ્રમાણે સમાજના પ્રત્યેક સદસ્યોની મહેનત, લગન તથા સહયોગથી આજે કચ્છથી બહાર આપણા સમાજનું એક માત્ર ભવન રાયપુરમાં જ છે.

રાયપુર, દુર્ગ અને કુમ્હારીમાં મળી આપણા સમાજના લગભગ ૧૦૧ ઘર છે. આજે આપણા સમાજમાં એક મહિલા મંડળ છે જે સમય સમય પર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરે છે અને જ્ઞાતિના વિદ્યાર્થીઓને આગળ આવવા પ્રોત્સાહીત કરે છે. આજે આપણો સમાજ એના સભ્યોની પરસ્પર લાગણી અને ભાઈચારા સાથે આગળ વધી રહ્યો છે અને એમજ આગળ વધે અને ઉન્નતિ કરે એવી હું ઈશ્વરને પ્રાર્થના કરું છું.

**કમલેશકુમાર બીજલાણી - મંત્રી**
**શ્રી મારૂ કંસારા સોની સમાજ, રાયપુર**

# રાયપુર : સ્ત્રીશકિત

નીતા નિલેશ બુદ્ધભટ્ટી - રાયપુર



નારી તું નારાયણી

પ્રાચીન કાળથી નારી તથા દૈવિશક્તિનું સ્મરણ હંમેશા રહેલું જ છે. ઋષિ પુત્રીઓ સ્મૃતિ, મેધા, ગર્ગી, લોવા વગેરેએ અનેક વેદોથી રીચાઓની રચના કરી, સ્તુતિની રચના કરી, સમગ્ર જગતને વેદોનું જ્ઞાન આપ્યું છે. દૈવિ શક્તિ દ્વારા જ આ જગતનું અસ્તિત્વ રહેલ છે.

સમગ્ર વિશ્વમાં નારીઓએ એક અલગ વિશેષ સ્થાન પ્રાપ્ત કરેલ છે. દરેક ક્ષેત્રે પુરુષોની સાથે સ્ત્રીઓ પણ એટલે જ સફળ થઈને પ્રગતિના પંથે આગળ વધેલ છે. આજના યુગમાં નારીઓનું વર્ચસ્વ પુરુષોના સમાન જ જોવા મળે છે.

આજે ભારતમાં જ્યાં સ્ત્રીઓ ઘરકામની સાથે બહારના કામોમાં પણ નિપુણ છે. ત્યાં કોઈક જગ્યાએ ઘરની લક્ષ્મી વહુને જ દહેજ માટે જીવતી સળગાવવાના પ્રયાસો આપણને નિરંતર સાંભળવા મળે છે. ઘણી પુત્રીઓને દહેજ પ્રથાના કારણે બોજ રૂપ સમજતા હોય છે. તથા પુત્ર-પુત્રીનો ભેદભાવ પણ કરતા હોય છે. એ લોકો હજુ પણ એ નથી સમજતા કે પુત્રી તો બંને કુળને તારનાર હોય છે. છતાં પણ પુત્ર જન્મના મોહમાં પુત્રીના ભ્રુણની પણ હત્યા, આજના યુગમાં પણ સમસ્યા રૂપ બનેલ છે.

હજુ આજે પણ આપણો દેશ એવી પ્રથાઓથી ઘેરાયેલો છે કે પુત્ર ને દરેક રીતે પ્રોત્સાહિત જ કરવો અને પુત્રીઓને જવાબદારીથી લાદી નાખવી.

આજે સમગ્ર ભારતમાં આપણી જ્ઞાતિ તથા આપણો સમાજ એક એવો ઉદાહરણરૂપ સમાજ છે કે જ્યાં દિકરાઓ તથા દિકરીઓ બંને સમાનરૂપ ગણાય છે. આપણા સમાજમાં દહેજ પ્રથા જેવા કોઈ રિવાજ નથી કે જેથી દિકરીઓને લઈને કદી કોઈ ચિંતા કે સમસ્યા ઊભી થાય. આવો આપણો સમાજ સમગ્ર ભારત માટે એક પ્રોત્સાહક તથા પ્રતિભાશાળી સમાજની મિશાલ છે. સમાજની પ્રત્યેક મહિલા કોઈને કોઈ ક્ષેત્રમાં પોતાનું સ્થાન મેળવેલ છે.

આપણા મારૂ કંસારા સોની જ્ઞાતિને પણ પ્રેરણારૂપ બને એવો રાયપુર (ઘટક) નો સમાજ છે કેમ કે અહીં રાયપુર મધ્યે લગભગ ૯૦% પરિવારો સુશિક્ષિત છે તથા સમગ્ર પરિવારોમાંની દિકરીઓને સારી શિક્ષા આપવામાં આવે છે તથા પરિવારની વહુઓ શિક્ષિત હોવાની સાથે લગ્ન પછી હજુ પણ ઘણા ક્ષેત્રોમાં પોતાની આગવી પ્રતિભા ઉભી કરીને રાયપુર સમાજની પ્રતિષ્ઠા વધારે છે.

આજથી લગભગ ૨૫ વર્ષ પહેલાથી જ રાયપુર સમાજની દિકરીઓ (ગ્રેજ્યુએશન) સ્નાતક તથા અનુસ્નાતક ડિગ્રીઓ મેળવેલ છે. જે વર્ષો-વર્ષ શિક્ષિત દિકરીઓની સંખ્યામાં વધારો કરેલ જ છે.

આજે તો રાયપુર સમાજની દિકરીઓ બિઝનેસ, કોમ્પ્યુટર, એન્જીનીયરીંગ, ચાર્ટડ એકાઈન્ટન્ટ તથા ચિકિત્સા ક્ષેત્રે અભ્યાસ રત પણ છે તથા અભ્યાસ પુરો કરીને સારી જગ્યાએ નિમણુક થયેલ છે. આવી દિકરીઓ થીજ સમાજનું ગૌરવશાળી ભવિષ્ય દેખાય છે.

હાલના સમયમાં રાયપુર જ્ઞાતિની દિકરીઓ તથા વહુઓ પરણિત હોવા છતાં પણ સારી જગ્યાએ જોબ પર છે. કોઈ કોલેજમાં લેકચરર છે, તો કોઈ સી.એ. આર્ટીકલશીપ કરે છે તથા પૂરી કરીને પોતાની વ્યક્તિગત પ્રેક્ટિસની તૈયારી કરે છે, કોઈ આર્કિટેક્ટ એન્જીનીયર બનીને આગળનો વધુ અભ્યાસ પણ કરે છે અને જોબ પણ કરે છે, કોઈ ફેશન ડિઝાઈનર છે તો કોઈ શાળામાં શિક્ષક છે, કોઈ પોતાની આર્ટશોપ ચલાવે છે, તો કોઈ હોબી ક્લાસીસ ચલાવે છે. કોઈ બુટીક તો કોઈ બ્યુટી પાર્લર પણ ચલાવે છે.

અમુક વહુઓ શિક્ષિત હોવા છતા પણ ઘરની પરિસ્થિતિ સમજીને લઘુ ઉદ્યોગ ચલાવીને પોતાનું ગુજરાન ચલાવે છે તથા પોતાના બાળકોને શિક્ષિત બનાવે છે. જ્ઞાતિમાં એક બે મહિલાઓ એવા પણ થઈ ગયા છે જે આજથી ૫૦ વર્ષ પહેલા શાળામાં સંસ્કૃત વિષયના શિક્ષિકા હતા. તથા એમના પુત્રવધુ રાજકારણ ક્ષેત્રમાં રસ લાવીને પોતાનું એક અલગ સ્થાન બનાવેલ છે. અને હજુ પણ જ્ઞાતિ - રાયપુરથી દિકરીઓ MBA, MCA તથા મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરે છે. અને આપણો સમાજ આવી જ રીતે સ્ત્રી શક્તિની મજબુતીથી ખુબ જ ગર્વનો અનુભવ કરે છે.

આપણે આવી જ રીતે સમાજનું નામ રોશન કરવું જોઈએ દિકરા-દિકરીઓને એક સમાન ગણીને પ્રોત્સાહન આપીને આખા દેશમાં આપણા સમાજનું નામ ઊંચું કરવું જોઈએ જે એક ઉદાહરણ રૂપ બની રહે.

**ઉચ્ચ શિક્ષણ, મહિલાનું સશક્તિકરણનું પ્રથમ ચરણ – *રાજહંસ***

## શ્રી મારૂ કંસારા મહિલા મંડળ - રાયપુર

શ્રાવણ માસની અમાસનો દિવસ રાયપુર સમાજ દર વર્ષે આનંદ-ઉલ્લાસથી મનાવે છે. આ વર્ષે તા. ૧૭-૮-૨૦૧૨ના રોજ રાયપુર ખાતે આવેલ હોલીડે રીસોર્ટમાં ઉજવણી કાર્યક્રમ રાખેલ હતો. જેમાં રાયપુર મહિલા મંડળે રમત-ગમત અને અલગ-અલગ પ્રતિયોગિતા રાખી પુરા દિવસને આનંદમય



બનાવ્યો હતો. દિવસની શરૂઆત મીઠાશની સાથે મીઠાઈની પ્રતિયોગિતા સાથે કરેલ હત. જેમાં સુજીની થીમ આપેલ હતી. જેમાં સુજીથી બનતી સ્વીટ ડીશ બનાવીને ઘણી મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબર જનકબેન બારમેડા તથા દ્વિતીય વંદનાબેન પોમલ થયા હતા. ત્યાર બાદ પાંચ પ્રકારની અલગ અલગ ચટણી બનાવી વિવિધ રીતે ડેકોરેશન કરી પ્રતિયોગિતાની શોભા વધારી હતી. જેમાં પ્રથમ નંબર ઈલાબેન



બારમેડા અને દ્વિતીય નંબર પર ભાવનાબેન કટ્ટા આવેલ હતા. સાથે સાથે હરિત શ્રૃંગારની પ્રતિયોગિતા હતી. જેમાં મહિલાઓ ૧૬ શ્રૃંગાર લીલા કલરમાં આવેલ હતા. જેમાં પ્રથમ ખ્યાતીબેન કટ્ટા આવેલ હતા. સાથે સાથે નાના નાના બાળકો માટે લીંબુ ચમચ, રેસ, ૧ મિનીટ ગેમ શો, બેસ્ટ આઉ ઓફ ધ બેસ્ટ, હાઉઝી, ખુરશી દોડ જેવી વિવિધ પ્રતિયોગિતાથી બધાજ નાનાથી મોટા ભાગ લઈ ઉજવણીનો આનંદ ઉઠાવ્યો હતો. આખરીમાં કપલ ગેમ શો રમાડ્યા જેનો આનંદ સમાજના દરેક જણાએ લીધો. જેમાં હિરલ મહેશભાઈ બારમેડા આ કપલ વિજય થયા હતા. મહિલા મંડળ તરફથી ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આમ રાયપુર મહિલા મંડળે પુરા દિવસને આનંદમય બનાવ્યો હતો.

શ્રીમતી શિવાંગી પંકજભાઈ પોમલ (સચિવ)
શ્રીમતી પૂર્ણિમાબેન જુગલભાઈ બુદ્ધભટ્ટી (અધ્યક્ષી)

## શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર મહિલા મંડળ પ્રમુખો



શ્રીમતી પુષ્પાબેન મનસુખભાઈ બારમેડા
(૨૦૦૩-૨૦૦૫)



શ્રીમતી શોભનાબેન જયેશભાઈ પોમલ
(૨૦૦૫-૨૦૦૬)



શ્રીમતી રંજનબેન મગનભાઈ બારમેડા
(૨૦૦૬-૨૦૦૭)



શ્રીમતી નયનાબેન પ્રકાશભાઈ બારમેડા
(૨૦૦૭-૨૦૦૮)



શ્રીમતી નીતાબેન નિલેશભાઈ બારમેડા
(૨૦૦૮-૨૦૧૦)



શ્રીમતી પુર્ણિમાબેન જુગલભાઈ બુદ્ધભટ્ટી
(૨૦૧૦-૨૦૧૨)

# રાયપુર સમાજ : સુદ્દઢ સંગઠન

લત્તા સોલંકી, ભુજ

નિયમોને આધિન કાર્ય કરતા સ્વૈચ્છિક સંગઠનોને આપણે સમાજ તરીકે સંબોધિત કરીએ છીએ. આવું જ એક સંગઠન શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ-રાયપુર, છત્તીસગઢમાં સ્થપાયેલ છે.

રાયપુર ઘટકમાં આશરે ૮૨ વર્ષ પહેલા આપણી જ્ઞાતિના પગરથ થયા. સર્વ પ્રથમ શ્રી લાલજી હીરજીભાઈનું પરિવાર ત્યાં આવ્યું ત્યાર પછી ધીમે ધીમે ત્યાં સ્થાયી થઈને રાયપુરને પોતાની કર્મભૂમિ બનાવી. આશરે દશ વર્ષ પછી આપણી જ્ઞાતિનું સંગઠન અસ્તિત્વમાં આવ્યું. સ્વ. નારાણજીભાઈ પદમશી પોમલ રાયપુર સમાજના પ્રથમ પ્રમુખ બન્યા. ક્રમશઃ સ્વ. ઓધવજી મુરજી બીજલાણી, સ્વ. ગોપાલજી પરસોત્તમ કટ્ટા, સ્વ. નાનાલાલ શીવજી બુદ્ધભટ્ટી જ્ઞાતિના પ્રમુખ બન્યા. સ્વ. નાનાલાલ શીવજી બુદ્ધભટ્ટીના માર્ગદર્શનમાં સમાજની આર્થિક આવક માટે 'લાણા પ્રથા' અસ્તિત્વમાં આવી. જ્ઞાતિના સમાજ ભવનના સ્વપ્નને સાકાર કરવા તેમણે દશ હજાર વર્ગ ફુટ જમીનનું દાન કરેલ. તેઓ વીસ વર્ષના લાંબા ગાળા સુધી પ્રમુખ પદે રહી સમાજ સેવા કરેલ. ત્યારબાદ સ્વ. છગનલાલ પદમશીએ પ્રમુખ પદ સંભાળ્યું ત્યારે આ જમીન વહેંચી સમાજ માટે મુડી ઊભી કરી. શ્રી મનોહરલાલ છગનલાલ પોમલના પ્રમુખપદ હેઠળ ફાફાડી વિસ્તારમાં જમીન લેવામાં આવી. આ જમીન પર જ્ઞાતિના સમાજ ભવનની પ્રમુખ શ્રી નરભેરામ નાનાલાલ બુદ્ધભટ્ટીના વરદ્ હસ્તે પાયાવિધિ કરવામાં આવી. શ્રી છગનભાઈ વિથોણવાળાએ પ્રમુખ પદ સંભાળી આ કાર્ય આગળ વધારેલ. શ્રી જયેશભાઈ બાબુલાલ પોમલે પોતાના છ વર્ષના કાર્યકાળમાં ભવન નિર્માણમાં આગળની કાર્યવાહી ચાલુ રાખેલ. તેમજ શ્રી કિશોરભાઈ બાબુભાઈએ પોતાના પ્રમુખપદના બે વર્ષ દરમ્યાન ભવન નિર્માણનું કાર્ય પૂર્ણ કરાવેલ. શ્રી પ્રકાશભાઈ ભગતભાઈ બારમેડાએ ચાર વર્ષ સુધી પ્રમુખ પદ સંભાળેલ. ત્યારબાદ શ્રી પ્રફુલભાઈ મગનભાઈ બારમેડાએ પ્રમુખ પદ સંભાળ્યું અને તેઓએ સમાજ ભવનના ત્રીજા માળના બાંધકામનો આરંભ કરાવેલ. જે પૂર્ણતાના આરે છે.

સમાજમાં એકસૂત્રતા લાવવા અને તેના વિકાસને નિરંતર પ્રગતિના પંથે દોરી જવા દર વર્ષે શ્રાવણ માસની અમાસના દિવસે પ્રવાસ અને સમૂહ ભોજનનું આયોજન વર્ષોથી કરવામાં આવી રહેલ છે. દર વર્ષે ભાઈ-બીજના દિવસે સ્નેહમિલનની પરંપરા આજે પણ જળવાઈ રહી છે. છેલ્લા થોડા વર્ષોથી પોષ સુદ ચૌદસના દિવસે શ્રી મહાકાલીકા માતાજીનો પાટોત્સવ ખૂબ ધૂમધામથી ઉજવવામાં આવે છે. જ્ઞાતિના પદાધિકારીઓ સિવાય અનેક નામી અનામી કાર્યકરોએ સમાજના વિકાસમાં અગત્યનો ફાળો આપી સમાજ સેવાના ઉમદા કાર્યમાં ફાળો આપેલ છે.

સંસાર રથનું બીજું પૈડું એટલે સ્ત્રી. સ્ત્રીઓએ પણ સમાજના વિકાસમાં ફાલો આપવાના નિર્ધાર સાથે મહિલા મંડળની તા. ૯-૧૧-૨૦૦૩ના દિવસે સ્થાપના કરેલ. તેના પ્રથમ પ્રમુખ બનવાનું શ્રેય શ્રીમતી પુષ્પાબેન મનસુખલાલ બારમેડાના મળેલ. ત્યારબાદ શ્રીમતી શોભનાબેન જયેશકુમાર પોમલ, શ્રીમતી રંજનબેન મગનભાઈ બારમેડા, શ્રીમતી નયનાબેન પ્રકાશભાઈ બારમેડા, શ્રીમતી નીતાબેન નિલેશ બુદ્ધભટ્ટી, શ્રીમતી પુર્ણિમાબેન જુગલભાઈ બુદ્ધભટ્ટીએ ક્રમશઃ મહિલામંડળનું પ્રમખ પદ સંભાળેલ છે. જ્ઞાતિના શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી જ્ઞાતિની મહિલા મંડળે પુરી પાડી રહેલ છે. મહિલા મંડળે 'સાવન મેલા' અને 'સ્વદેશી મેલા' માં મેડલ મેળવેલ છે. 'તીજ' ઉત્સવમાં ફુડ સ્ટોલ લગાવી ફંડ ફાળો એકઠો કરેલ છે. વર્ષમાં જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન, સમર કેમ્પ વિગેરે યોજવામાં આવે છે. આ રીતે સમાજનું મહિલા મંડળ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજીક અને મનોરંજન જેવા કાર્યક્રમો ગોઠવી સમાજને આગળ લઈ જવા પ્રયત્નશીલ રહેલ છે. અગિયારસના ભજન કીર્તન જેવા કાર્યક્રમો ગોઠવી બહેનો ઘર જવાબદારીઓ સાથે સામાજીક તથા ધાર્મિક જવાબદારીઓ પણ સુપેરે નિભાવે છે.

રાયપુર ઘટકના આમંત્રણને માન આપી શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળે તા. ૨૨, ૨૩ જુલાઈ, ૨૦૧૨ના રોજ મહામંડળની કારોબારી સભ્યોની મિટીંગનું આયોજન રાયપુર મધ્યે ગોઠવેલ. જેમાં મહામંડળની કારોબારી મિટીંગની કાર્યવાહી સાથે રાયપુર ઘટક દ્વારા શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમનું તેમજ મહામંડળના કારોબારી સભ્યો તથા રાયપુર સમાજ તથા મહિલા મંડળના સભ્યોનું શ્રી ચંપારણ્ય ખાતે યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. મહામંડળના આ પ્રકારના આયોજનના કારણે રાયપુર ઘટકે ધન્યતા અનુભવેલ.

આ રીતે રાયપુર સમાજ દ્વારા છેલ્લા ૮૦ થી ૮૫ વર્ષથી સમાજની ઉન્નતીના સોપાનો સર કરી રહેલ છે અને આગળ પણ ખૂબ જ પ્રગતિ કરશે.

# આપણા રાયપુર સમાજની ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગૌરવપ્રદ ગતિ




દેવેશ પ્રિતમભાઈ બારમેડા
**MCA**



સંજય સુરેશભાઈ બુદ્ધભટ્ટી
**MBA**



નિશાંત સંકેત પરમાર
**B.E. CIVIL 5th Sem.**



રજત ચંદ્રેશ પરમાર
**B.E. MECH. 3rd Sem.**



ચંદન યોગેશ બુદ્ધભટ્ટી
**B. ARCH.**



મનાલી જે. મૈચા
**M.COM./C.A.**



નેહા જયસુખલાલ પોમલ
**MBA**



ભાવિકા છગનભાઈ બારમેડા
**MBA**



ક્રિષ્ના જયસુખલાલ પોમલ
**M.COM.**
**Diploma in Interior Design**



સોનમ ચંદ્રેશ પરમાર
**B.COM./CA**



અંકિતા કમલેશ બીજલાની
**B.E.ET & T**
**1st Sem. PURSUING**



નિરાલી યોગેશ બુદ્ધભટ્ટી
**BSC/MSC Pursuing**



જાગૃતિ પ્રકાશ મૈચા
**MBA**



રિષભકુમાર જયેશભાઈ પોમલ
Pursuing M.Com & M.B.A

## ગૌરવપ્રદ સરકારી હોદ્દેદાર



**શ્રી સાકેતભાઈ પરમાર**
**રાયપુર**

શ્રી સાકેતભાઈ દેવરામભાઈ પરમાર છત્તીસગઢ રાજ્ય સરકારના નાણાં મંત્રાલયમાં ઓફિસર ઓન સ્પેશીયલ ડ્યુટી (ટેકનીકલ) ના ગૌરવપ્રદ હોદ્દા પર ફરજ બજાવે છે. જ્ઞાતિ સેતુ પરિવાર તરફથી તેઓને હાર્દિક શુભેચ્છા...

ઉપરોક્ત માહિતી અનુસાર સો પરિવારોની સરેરાશ ગણતાં સમાજના ૧૩% પરિવારોનું યુવાધન હાલે ઉચ્ચ શિક્ષણ હેતુ પ્રવૃત્ત છે. એમાં પણ ઉચ્ચ શિક્ષણ મેળવતી મહિલાઓનું પ્રમાણ લગભગ ૭૫% છે. આ પ્રતિભા સંપન્ન યુવક-યુવતિઓને સેતુ પરિવારના હાર્દિક અભિનંદન તેમજ અભ્યાસ પશ્ચાત ઉજ્જવળ કારકિર્દીની શુભેચ્છાઓ.

# સફળ આયોજનના સક્ષમ સૂત્રધારો

**અતુલ સોની**

રાયપુર (છત્તીસગઢ)માં સૌ પ્રથમ વખત. મહામંડળ દ્વારા મિટીંગનું આયોજન કરવામાં આવ્યું તેને રાયપુરના જ્ઞાતિજનોએ ઘેર કોઈ ઉત્સવની ઉજવણી હોય તેમ ભવ્ય આયોજન કરેલ. જ્ઞાતિ અગ્રણીઓ, કાર્યકરો, યુવાનો, મહિલાઓ, બાળકો સર્વના ચહેરા પર ઉમંગ અને ઉલ્લાસ નજરે આવતો હતો.

સવારની શુભ શરૂઆત ચા-નાસ્તાથી થઈ અને બહારગામથી પધારેલ મહેમાનોનું ઉમળકાભેર સ્વાગત થતું રહ્યું. કાર્યકરોએ સસ્મિત રજીસ્ટ્રેશન કામગીરી સંભાળેલ. નખત્રાણા, કોઠારા, માંડવી, અમદાવાદ, વડાલી, તલોદ, નાગપુર, વડોદરા, મુંબઈ વગેરે સ્થળોએથી મહામંડળના સભ્યો પધારેલ તેમના રહેવાની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવેલ. દરેક મહેમાનોને સ્ટેશન પરથી લેવાની વ્યવસ્થા હતી. કોઈપણ વ્યક્તિને કોઈ તકલીફ ન પડે તે માટે જ્ઞાતિ હોદ્દેદારો તથા યુવા કાર્યકરો સતત સંભાળ લેતા હતા.

સમગ્ર મિટીંગનું સફળ સંચાલન શ્રીમતી નીલાબેન બુદ્ધભટ્ટી દ્વારા કરવામાં આવેલ. મહામંડળના ઉપપ્રમુખ તથા રાયપુર જ્ઞાતિના અગ્રણી શ્રી પ્રકાશભાઈ બારમેડા સમગ્ર કાર્યક્રમ દરમિયાન સંકલનની જવાબદારી નિભાવતા નજરે પડતા હતા. બપોરે સૌ મહેમાનોએ ભોજનનો સ્વાદ માણેલ. આ ભોજન સમારંભ શ્રી રાજેશભાઈ છોટાલાલ બુદ્ધભટ્ટી (હાલ વડોદરા) દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે વિવિધ અગ્રણી તરફથી મળેલ શુભેચ્છા સંદેશનું વાંચન કરવામાં આવેલ.



મહામંડળનું આગામી અધિવેશન ભુજ ખાતે સમૂહલગ્ન કાર્યક્રમ સાથે યોજવાનું નક્કી કરવામાં આવેલ. શૈક્ષણિક સમિતિના કન્વીનર શ્રી ચેતનભાઈ બારમેડાએ આ અધિવેશન દરમિયાન વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું વિશિષ્ટ સન્માન થશે તેમ જણાવેલ. મહિલા સેલના કન્વીનર શ્રીમતી લતાબેન સોલંકીએ જણાવેલ કે અધિવેશન પ્રસંગે કલાકૃતિ મેળાનું આયોજન કરવામાં આવશે.

રાયપુર જ્ઞાતિ દ્વારા આયોજીત કાર્યક્રમ માટે સ્વ. છોટાલાલ દામજીભાઈ બુદ્ધભટ્ટીના સ્મરણાર્થે શ્રી રાજેશભાઈ છોટાલાલ બુદ્ધભટ્ટી તરફથી રૂપિયા ૪૧૦૦૦/- દાન આપવામાં આવેલ. જે બદલ શ્રી રાજેશભાઈનું સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમના સુંદર આયોજન દ્વારા રાયપુર જ્ઞાતિ પ્રમુખશ્રી પ્રફુલ્લભાઈ સોનીનું પાઘડી પહેરાવી જાહેર સન્માન કરવામાં આવેલ.

બપોરના ભોજન વિરામ સમયે સૌ સાથે મળી ભોજનનો આસ્વાદ માણેલ. કારોબારી મિટીંગના બીજા સત્રમાં વિવિધ વક્તાઓ દ્વારા વિચારો રજુ કરવામાં આવેલ. રાયપુર જ્ઞાતિ ઉપપ્રમુખ શ્રી નિલેશભાઈ બુદ્ધભટ્ટીએ સમાજના સભ્યો માટે વીમા યોજના સંબંધી સૂચનો કરેલ. નાગપુરના શ્રી હર્ષદભાઈ સોનીએ સમાજમાં વ્યવસાયિક માહિતીના આદાનપ્રદાનની જરૂરિયાત હોવાનું જણાવેલ. તેમજ અચાનક સરળતાથી વધારે સંપતિ આવે ત્યારે સમાજમાં વિનાશ નોતરી શકે તેવું ભય સ્થાન દર્શાવી. સાવધાન કરેલ તેઓએ સમાજના વિકાસમાં જ્ઞાતિસેતુ મુખપત્રના વિશેષ પ્રદાનની પ્રશંસા કરી વ્યાપ વધારવા અપીલ કરેલ.

મહામંડળના પૂર્વ માનદ્ મંત્રી તથા જ્ઞાતિસેતુના સહતંત્રી શ્રી અતુલ સોનીએ અમદાવાદ જ્ઞાતિ દ્વારા પ્રકાશિત 'જ્ઞાતિસેતુ' ને સમસ્ત જ્ઞાતિ પરિવારોને જોડતી કડી સ્વરૂપ જણાવેલ. મહામંડળની પ્રવૃતિને સાથ સહભાગી થઈ 'જ્ઞાતિ સેતુ' દ્વારા 'સમજણના સૂર' અભિયાન કરવામાં આવેલ જેને અભૂતપૂર્વ પ્રતિસાદ મળેલ તે બદલ સર્વનો આભાર માનેલ.

મહામંડળની મિટીંગની કાર્યવાહી પૂર્ણ થયા બાદ રાયપુર મહિલામંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવેલ. સાંસ્કૃતિક કાર્યક્રમની રજુઆત એટલી ભવ્ય હતી કે સમગ્ર હોલમાં ઉપસ્થિત દરેક વ્યક્તિ તે જોતાં જ દંગ રહી ગઈ. કુ. ભાર્ગવી બારમેડા દ્વારા પ્રસ્તુત કલાસિક નૃત્ય એ સૌના મનમોહી લીધા. ત્યારબાદ રજુ થતી દરેક આઈટમ જેવી કે રાધા કૃષ્ણનું બાળનૃત્ય, નેન્સી બારમેડાનું મીરાંબાઈ સ્વરૂપે ભાવવાહી નૃત્ય, નાના બાળકોનું સમૂહ ડાન્સ, રાજસ્થાની નૃત્ય.... તથા સૌના શિરમોર સમાન છત્તીસગઢી નૃત્ય મહિલા મંડળ દ્વારા રજુ થયું. રાયપુર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું જાહેર સન્માન કરવા વિશેષ આયોજન કરવામાં આવેલ. વિદ્યાર્થીઓને પારિતોષિકો મહામંડળના હોદ્દેદારો શ્રી પ્રભુદાસભાઈ સોની, શ્રી હરિલાલ લખમશી સોની, શ્રી પ્રેમજીભાઈ સોલંકી, શ્રી ચંદ્રકાંત ચનાણી, શ્રી ચેતનકુમાર બારમેડાના હસ્તે અર્પણ કરવામાં આવેલ.

બહારગામથી પધારેલ મહેમાનો માટે સોમવાર તા. ૨૩ જુલાઈ ના રોજ રાયપુરથી ૫૦ કિમી. દૂર આવેલ સુંદર યાત્રાધામ ચંપારણ્યની યાત્રાનું આયોજન કરવામાં આવેલ. ચંપારણ્યથી ૧૦ કિમી. દુર આવેલ નદીઓના ત્રિવેણી સંગમ પર આવેલ પ્રાચીન મંદિર રાજીવલોચન (રાજીમ)ના દર્શનનો સર્વેને લાભ મળેલ. સોમવારે સાંજે શ્રી પ્રકાશભાઈ બારમેડા તરફથી હોટલ ગોલ્ડન ટુલીપમાં ભવ્ય ભોજન સમારંભનું આયોજન કરવામાં આવેલ. જેમાં મહેમાનો તથા રાયપુર જ્ઞાતિના અગ્રણીઓ હાજર રહેલ. રાયપુર જ્ઞાતિના અગ્રણી કાર્યકરો દ્વારા મહેમાનોને ભાવપૂર્વક વિદાય કરેલ દરેક મહેમાનોને રેલ્વે સ્ટેશન આવી વિદાય કરવામાં આવેલ તથા દરેકને રાયપુરની યાદગીરી સ્વરૂપે મોમેન્ટો આપવામાં આવેલ.


# શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુરનું નેતૃત્વ

## જેમણે સમાજને સમયાંતરે નેતૃત્વ પ્રદાન કર્યુ


સ્વ. નારણજી પી. પોમલ
પ્રથમ પ્રમુખ

સ્વ. ઓધવજી એમ. બીજલાણી


સ્વ. ગોપાલજી પી. કટ્ટા
(૧૯૭૮-૧૯૮૦)


સ્વ. નાનાલાલ એસ. બુદ્ધભટ્ટી



મનહરલાલ સી. પોમલ
(૧૯૯૨-૧૯૯૪)


નરભેરામ એન. બુદ્ધભટ્ટી
(૧૯૯૪-૧૯૯૫)


છગનભાઈ કે. બારમેડા
(૧૯૯૫-૧૯૯૬)


જયેશભાઈ બી. પોમલ
(૧૯૯૬-૨૦૦૦)


કિશોરભાઈ બી. બુદ્ધભટ્ટી
(૨૦૦૦-૨૦૦૨)


પ્રકાશભાઈ બી. બારમેડા
(૨૦૦૨-૨૦૦૬)


પ્રફુલભાઈ એમ. બારમેડા
(૨૦૦૬-૨૦૧૨થી કાર્યરત)



# રાયપુરના રત્નો

## રાયપુર સમાજના આદરણીય વડિલો

રાયપુરમાં આપણા સમાજના કુલ ૧૦૧ પરિવારો છે. આ પરિવારોમાં દીર્ઘજીવન સાથે જ્ઞાન અને અનુભવનું અણમોલ ભાથું ધરાવતા ૧૭ વરિષ્ઠ (૭૫ વર્ષની ઉપરનું આયુષ્ય ધરાવતા) વડિલો છે. જેમાં ૧૨ મહિલાઓ અને પાંચ પુરુષો છે. જીવનના ઝંઝાવાતો સામે અડિખમ રહેલા આ વડિલોને પરમાત્મા સ્વસ્થ અને શાંતિપ્રદ આયુષ્ય બક્ષે અને સમાજને ઉષ્મા સભર, હૂંફ સદા મળતી રહે તેવી ‘સેતુ પરિવાર’ની શુભેચ્છાઓ સાથે રાયપુરી - દાદા-દાદીઓને ભાવસભર વંદન કરે છે. **– *મુખ્યતંત્રી***

અમૃતબેન બાબુલાલભાઈ પોમલ
ચાંદુબેન બાબુભાઈ સોની
દયાબેન ભગતલાલભાઈ બારમેડા
જમનાદાસ દેવકરણભાઈ મૈચા
જમુનાબેન માવજીભાઈ સોલંકી
કમળાબેન વ્રજલાલભાઈ બારમેડા
કમળાબેન છગનલાલભાઈ બારમેડા
મણીબેન મથુરદાસભાઈ કોટડીયા
મનોહરલાલ છગનલાલભાઈ પોમલ
નરોત્તમભાઈ પ્રાગજીભાઈ બીજલાણી
પુષ્પાબેન જમનાદાસભાઈ મૈચા
પુષ્પાબેન રસીકલાલભાઈ પોમલ
રંભાબેન ચુનિલાલભાઈ બુદ્ધભટ્ટી
રૂક્ષ્મણીબેન બેચરદાસભાઈ મૈચા
રસીકભાઈ મુરજીભાઈ બારમેડા
રસીકલાલ છગનલાલભાઈ પોમલ
ઉમિયાબેન બાબુલાલભાઈ બુદ્ધભટ્ટી

# શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુરનું વર્તમાન નેતૃત્વ



પ્રફુલ એમ. બારમેડા
પ્રમુખ
મો. ૦૯૩૦૨૨ ૨૦૮૮૮



અનિલભાઈ મૈચા
ઉપપ્રમુખ
મો. ૦૯૮૨૬૬ ૪૫૭૮૮



કમલેશ એન. બીજલાણી
સચિવ
મો. ૦૯૪૨૫૫ ૫૫૫૬૨



ચેતન કે. બારમેડા
સહસચિવ
મો. ૦૯૮૨૬૫ ૧૫૭૨૮



નીલેશ એન. બુદ્ધભટ્ટી
ખજાનચી
મો. ૦૭૭૧ ૨૫૩૩૩૧૧

## કારોબારી સમિતિ

| | | |
|---|---|---|
| અજય પોમલ | સહખજાનચી | મો. ૦૯૮૨૬૬ ૬૯૯૫૫ |
| દિપકકુમાર શશીકાંતભાઈ બારમેડા | | મો. ૦૯૮૨૬૩ ૨૨૭૬૪ |
| વિજયકુમાર વાલજીભાઈ બારમેડા | | મો. ૦૯૩૨૯૮ ૨૮૪૪૫ |
| મનોજકુમાર નરોત્તમભાઈ બીજલાણી | | મો. ૦૯૭૫૪૮ ૩૩૭૦૦ |
| મયુરકુમાર મનસુખલાલ બારમેડા | | મો. ૦૯૮૨૬૧ ૯૧૩૩૩ |

## મહિલા મંડળ

| | | |
|---|---|---|
| પુર્ણિમાબેન જુગલભાઈ બુદ્ધભટ્ટી | પ્રમુખ | મો. ૦૯૦૯૮૧ ૬૮૧૮૧ |

## યુવા મંડળ

| | | |
|---|---|---|
| પરેશ મગનલાલ બારમેડા | પ્રમુખ | મો. ૦૯૮૨૫૫ ૧૩૬૮૪ |

## યુવામંડળના સભ્યો

| | | | |
|---|---|---|---|
| સંદીપ બારેમડા | ૦૯૩૦૨૪૫૪૯૯૯ | હિતેશ ચંદ્રકાંતભાઈ બારમેડા | ૦૯૩૦૦૨૯૧૬૧૯ |
| જીતેશ એન. બારમેડા | ૦૯૮૨૭૯૪૯૧૭૦ | મનોજ નરોત્તમભાઈ બીજલાણી | ૦૯૭૫૪૮૩૩૭૦૦ |
| મેહુલ પ્રકાશ મૈચા | ૦૭૮૨૮૮૦૧૨૯૧ | પરેશ બારમેડા | ૦૯૮૨૫૫૧૩૬૮૪ |
| નિખીલ ચંદ્રકાંત કટ્ટા | ૦૯૬૧૭૯૬૪૬૫૧ | ચિરાગ પોમલ | ૦૯૪૨૪૨૩૩૫૮૬ |
| દિપેશ અશ્વિનભાઈ કટ્ટા | ૦૯૮૨૭૯૨૨૧૦૨ | હિતેશ બીજલાણી | ૦૯૮૨૭૧૫૩૯૬૦ |
| મહેશ પી. બારમેડા | ૦૯૮૨૬૫૮૪૦૩૧ | જીતેશ કટ્ટા | ૦૯૪૨૪૨૨૭૭૦૩ |
| હિતેશ ચંદ્રકાંત કટ્ટા | ૦૯૩૦૦૨૯૧૬૧૯ | દિપક શશીકાંતભાઈ બારમેડા | ૦૯૮૨૬૩૨૨૭૬૪ |
| જતીન જુગલભાઈ બુદ્ધભટ્ટી | ૦૯૬૩૦૮૫૦૦૯૮ | ધર્મેશ બારમેડા | ૦૮૯૫૯૪૨૭૦૦૦ |
| રીશભ જયેશભાઈ પોમલ | ૦૯૦૩૯૧૦૩૩૦૨ | | |

## વિજય બારમેડાની છત્તીસગઢ ઓલિમ્પિક સંઘ કાર્યકારી સમિતિમાં સભ્ય તરીકે વરણી



રાયપુરના આપણા સમાજના એક યુવાને ખેલક્ષેત્રે એની પ્રતિભા ઝળકાવી છે. આ યુવાન છે, વિજય બારમેડા. તેઓ છત્તીસગઢ પ્રદેશ ક્રિકેટ એસોશીએશન તેમજ ટેબલ ટેનીસ એસોશીએશનના ઉપપ્રમુખ છે. છત્તીસગઢ ચેમ્બર્સ ઓફ કોમર્સના સદસ્ય છે. છત્તીસગઢ રાજ્ય આ એક માત્ર ખેલ સંસ્થાની તાજેતરની મિટીંગમાં ભારતીય ઓલિમ્પિક સંઘના આજીવન અધ્યક્ષ વિદ્યાચરણ શુક્લે કહ્યું કે, જ્યારથી છત્તીસગઢ રાજ્ય બન્યું અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી એ આ સંસ્થાની બાગડોળ સંભાળી છે, ત્યારથી રાજ્યના ખેલાડીઓને એમની પ્રતિભા થકી દેશભરમાં ઓળખ હાંસલ કરી છે અમને વિશ્વાસ છે કે આપણો આ યુવાન વિજય, આ ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરશે અને દેશવિદેશમાં એની આગવી ઓળખ બનાવી આપણા સમાજને ખેલક્ષેત્રે પણ ગૌરવાન્વિત કરશે.

**– મુખ્યતંત્રી**

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળનો અહેવાલ

## રાયપુર ખાતે મહામંડળ કારોબારીની મિટીંગ

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની રચના બાદ અલગ અલગ સ્થળે મહામંડળ હોદ્દેદારોની કે કારોબારી સમિતિની મિટીંગ થતી હોય છે. રાયપુર જ્ઞાતિ ઘટકના આમંત્રણથી મહામંડળ દ્વારા સૌ પ્રથમ વખત કારોબારી સમિતિની મિટીંગ ગુજરાત રાજ્ય બહાર રાયપુર (છત્તીસગઢ) ખાતે તા. ૨૨-૭-૨૦૧૨ના રોજ યોજાઈ.

સુંદર વરસાદી માહોલમાં કારોબારી મિટીંગ સવારના પ્રથમ સત્રનો પ્રારંભ થયો. મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોની, રાયપુર જ્ઞાતિ પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઈ મગનભાઈ સોની તથા મચંસ્થ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. રાયપુર સમાજની કુમારિકાઓ અંકિતા કે બીજલાણી, નિધી અનિલભાઈ મહિચા તથા કુંતલ ચંદ્રકાંત કટ્ટા દ્વારા પ્રાર્થના રજુ થઈ. ત્યારબાદ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. રાયપુર મહિલા મંડળના શ્રીમતી નીતાબેન નિલેશભાઈ બુદ્ધભટ્ટી દ્વારા રાયપુર તથા છત્તીસગઢની વિશેષતા તથા ઘટકની માહિતી આપવામાં આવેલ. મીટીંગના કાર્યવાહક તથા મહામંડળના પ્રવકતા તરીકેની જવાબદારી અદા કરતા ખજાનચી શ્રી ચંદ્રકાંતભાઈ જટુભાઈ ચનાણી દ્વારા મહામંડળને પાઠવવામાં આવેલ વિવિધ શુભેચ્છા સંદેશનું પઠન કરવામાં આવેલ.

૨૨, જુલાઈએ મહામંડળનો છઠ્ઠો સ્થાપના દિન હોવાથી મંચ પર કેક કાપી તેની ઉજવણી કરવામાં આવેલ. સ્વાગત પ્રવચનમાં રાયપુર જ્ઞાતિ પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઈ સોનીએ સૌ મહેમાનોને આવકારી રાયપુર ખાતે કારોબારીની મિટીંગ યોજવા બદલ મહામંડળનો આભાર માનેલ. તેઓએ રાયપુર સમાજની પ્રવૃત્તિઓ વિશે પણ જાણકારી આપેલ. રાયપુર મહિલા મંડળના પ્રમુખ પૂર્ણિમાબેને મહિલા મંડળની પ્રવૃત્તિ વિશે માહિતી આપેલ.

મહામંડળના ખજાનચી શ્રી ચંદુભાઈ ચનાણી દ્વારા નાણાંકીય અહેવાલ તથા ગત વર્ષના હિસાબો રજુ કરવામાં આવેલ જેને સર્વાનુમતે બહાલ કરવામાં આવેલ. મહામંડળના મંત્રીશ્રી ઈન્દુભાઈ સોલંકી તથા સહમંત્રીશ્રી કુ. એકતા કટ્ટા દ્વારા ગત મિટીંગોની મીનીટ્સનું વાંચન કરવામાં આવેલ. મંચ પર ઉપસ્થિત મહાનુભાવોએ રાયપુર જ્ઞાતિના આયોજનની પ્રસંશા કરી રાયપુર જ્ઞાતિ માટે દાનની જાહેરાત કરેલ.

મહામંડળના મહામંત્રીશ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકી ગત છ વર્ષમાં મહામંડળની પ્રગતિની વિગતો આપી. ઘટક સમાજની વસ્તીના દર સો વ્યક્તિએ એક વ્યકિતને વિશિષ્ટ વ્યક્તિ તરીકે લેવાની જાહેરાત કરેલ. આ ઉપરાંત રાયપુર ખાતે ૭૫ વર્ષથી મોટી ઉંમરની વ્યક્તિઓનું મહામંડળ દ્વારા સન્માન કરવાની જાહેરાત કરેલ, તે મુજબ મહામંડળના મહાનુભાવો દ્વારા ૧૭ વયોવૃદ્ધ વ્યક્તિઓનું 'વડીલ વંદના'ના માધ્યમે સન્માન કરવામાં આવેલ.

મહામંડળના વિવિધ હોદ્દેદારો દ્વારા મહામંડળની પ્રવૃત્તિઓ, ફંડ, સગપણ-લગ્ન વિચ્છેદ જેવા સામાજિક પ્રશ્નો રાયપુર ઘટકની પ્રવૃત્તિઓ જેવા વિવિધ મુદ્દાઓ બાબતે મંતવ્યો તથા રજુઆતો કરવામાં આવેલ. તદુપરાંત ઉપસ્થિત અન્ય જ્ઞાતિ શ્રેષ્ઠીઓ દ્વારા પણ વિવિધ સૂચનો કરવામાં આવેલ જેના પ્રતિસાદ રૂપે વિવિધ ઠરાવોની બહાલી કરવામાં આવેલ.

તદુપરાંત મહામંડળના આગામી અધિવેશનના આયોજન અંગે પણ ચર્ચા-વિચારણા કરવામાં આવેલ. જેના અનુસંધાને મહામંડળની શિક્ષણ સમિતિ, કલા-સાંસ્કૃતિક સમિતિ અને મહિલા સેલ દ્વારા પ્રોજેક્ટ રજુ કરવામાં આવેલ. જે અંતર્ગત શિક્ષણ સમિતિ ચેરપર્સન શ્રી ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા દ્વારા આગામી મહાઅધિવેશન પ્રસંગે ઉચ્ચ અભ્યાસક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધીને બિરદાવવા અખિલ ભારતીય સ્તરે ઉચ્ચ દેખાવ કરનારા તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનનું કાર્યક્રમ આયોજિત કરવાનું નિયત કરવા હેતુ રજુઆત કરવામાં આવેલ. જેને સર્વાનુમતે સ્વીકારવામાં આવેલ. મહામંડળની કલા-સાંસ્કૃતિક કાર્યક્રમ કરવાનું આયોજિત કરવામાં આવેલ હોય તે અંગે પણ સહયોગ અને સૂચનો કલા-સાંસ્કૃતિક સમિતિ ચેરપર્સન સુધાબેન અમૃતલાલ બુદ્ધભટ્ટી દ્વારા મંગાવવામાં આવેલ. તો મહિલા સેલ ચેરપર્સન શ્રીમતી લતાબેન ઈન્દુભાઈ સોલંકી દ્વારા પણ અગાઉ આયોજીત થયેલ ક્રાફ્ટ મેળાનું બૃહદ સ્વરૂપે આયોજન કરવા તથા મેરેજ બ્યુરો અંગે પણ રજુઆત કરવામાં આવેલ.

મુંબઈ જ્ઞાતિ અગ્રણી શ્રી બાબુભાઈના સુચન મુજબ જ્ઞાતિ ફંડની વૃદ્ધિ માટે વિવિધ જ્ઞાતિ શ્રેષ્ઠીઓ સુવર્ણ દાન નોંધાવેલ. તદુપરાંત શ્રી બાબુભાઈ ઘાટકોપર (મુંબઈ) કચ્છરત્ન એવોર્ડ મેળવવા બદલ અભિનંદન પાઠવવામાં આવેલ તો રાયપુર ઘટકના સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવવામાં આવેલ. વડોદરા નિવાસી શ્રી રાજેશભાઈનું પણ મિટીંગના ભોજન ખર્ચના સૌજન્ય બદલ રાયપુર ઘટક દ્વારા આભાર સહ બહુમાન કરવામાં આવેલ. અત્રે એ ઉલ્લેખનીય છે કે, કચ્છથી મિટીંગમાં સામેલ તમામ જ્ઞાતિજનોનું રાયપુર ઘટક ઉપરાંત વડોદાર નિવાસી શ્રી ચીમનલાલભાઈ તથા શ્રી રાજેશભાઈ દ્વારા પણ સ્નેહિલ આતિથ્ય સત્કાર મળેલ જે બદલ મહામંડળ તેઓને પણ આભાર સહ અભિનંદન પાઠવે છે.

મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસ ખેતશી સોનીએ રાયપુર સમાજને ઉદાહરણીય આયોજન કરવા બદલ અભિનંદન આપેલ. શ્રી અતુલભાઈ સોનીએ મહામંડળની પ્રવૃત્તિમાં સહકાર આપવા અપીલ કરેલ.

કાર્યક્રમના અંતે આભાર વિધિ રાયપુરના માનદ્ મંત્રી શ્રી કમલેશભાઈ બીજલાણીએ કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી નીલાબેન નિલેશભાઈ બુદ્ધભટ્ટી તથા મહામંડળની કામગીરીનું સંચાલન શ્રી ચંદુભાઈ ચનાણીએ કરેલ.

**કુ. એકતા કટ્ટા, સહમંત્રી**

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ મહિલા સેલ

**લત્તા આઈ. સોલંકી - કન્વીનર**

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની સ્થાપના તા. ૨૨/૨૩-૭-૨૦૦૬ના રોજ ખેડબ્રહ્મા - સાબરકાંઠા મધ્યે કરવામાં આવેલ. મહામંડળની તા. ૩૦-૯-૨૦૦૮ના રોજ મળેલ જનરલ મીટીંગમાં થયેલ ઠરાવ મુજબ મહિલા સેલની રચના કરવામાં આવેલ અને તેના કન્વીનર તરીકે શ્રીમતી લતા આઈ. સોલંકીની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. મહિલા સેલમાં બહેનોની સભ્ય તરીકે નિમણુંક કરવા માટે દરેક ઘટકમાંથી સક્રિય કાર્યકર્તા બહેનોના નામ, સરનામા, ઘટકના મહિલા મંડળના પ્રમુખશ્રી પાસેથી મંગાવવામાં આવેલ. દરેક ઘટકના વસ્તીના પ્રમાણમાં બહેનોની સભ્ય તરીકે નીચે મુજબ મહિલા સેલના કાર્યકરોની નિમણુંક કરવામાં આવેલ.

| ઘટક | સભ્ય | ઘટક | સભ્ય |
|---|---|---|---|
| ભુજ | ૧૦ | અંજાર | ૪ |
| માંડવી | ૨ | નખત્રાણા | ૩ |
| કોઠારા | ૧ | નલીયા | ૧ |
| ગાંધીધામ | ૨ | મુંબઈ | ૨ |
| રાયપુર | ૨ | અમદાવાદ | ૨ |
| વડોદરા | ૨ | રાજકોટ | ૨ |
| જામનગર | ૨ | ગઢશીરા | ૨ |
| સાબરકાંઠા | ૨ | | |

સમાજના કલાકારોમાં છુપાયેલ કલાને ઉજાગર કરવા તથા જાણ્યા અજાણ્યા કલાકારોને પ્રકાશમાં લાવી પ્રોત્સાહિત કરી રોજગારીની અનેક તકો મેળવવા મહામંડળના મહિલા સેલ દ્વારા ભુજમાં યોજાયેલ રજત જયંતી સમુહ લગ્ન પ્રસંગે તા. ૧૩ તથા ૧૪-૧૨-૨૦૧૦ ક્રાફ્ટ મેળાનું આયોજન કરવામાં આવેલ. જેમાં સમસ્ત ભારત જેમ કે મુંબઈ, રાયપુર, નાસીક, બનાસકાંઠા, અમદાવાદ, સુરત, ભુજ, અંજાર, નખત્રાણા, માંડવી જેવા અનેક વિસ્તારોમાંથી કલાકાર ભાઈબહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. તેમાં ૧૬ સ્ટોલ રાખવામાં આવેલય આ ક્રાફ્ટ મેળાને બહોળો પ્રતિસાદ મળેલ. તેના પ્રતિભાવરૂપે તા. ૭-૭-૨૦૧૨ના રોજ મહામંડળની મહિલા સેલની મિટીંગ બોલાવવામાં આવેલ. જેમાં મહામંડળના આગામી મહા સંમેલન દરમ્યાન ક્રાફ્ટ મેળાને વ્યાપક સ્વરૂપ આપવાની ચર્ચા વિચારણા કરી તેનો પ્રોજેક્ટ રીપોર્ટ મહામંડળની રાયપુર મધ્યેની તા. ૨૨-૭-૨૦૧૨ની કારોબારી મિટીંગમાં રજુ કરવામાં આવેલ. જે પ્રોજેક્ટને મહામંડળ દ્વારા બહાલી આપવામાં આવેલ. આ ક્રાફ્ટ મેળાના આ વ્યાપક સ્વરૂપને કલાકૃતિ મેળાનું નામ આપવામાં આવેલ છે. જેની સમગ્ર વિગતોને આખરી સ્વરૂપ અપાયેથી દરેક ઘટકને જાણ કરવામાં આવશે. જેથી દરેક ઘટકમાંથી કલાકાર ભાઈ-બહેનો ભાગ લઈ શકે.

મહિલા સેલની મિટીંગમાં સમાજના દરેક વર્ગને મુંઝવતા પ્રશ્નો જેવા કે પોતાના સંતાનો માટે યોગ્ય જીવન સાથીની શોધમાં જે મુશ્કેલી પડે છે તેમાં સહાયરૂપ થવા તેમજ બીજા અનેક પ્રશ્નોનો નિરાકરણ લાવવાના પ્રયત્નો કરવામાં આવશે.


સ્ત્રીઓ સમાજનું અભિન્ન અંગ છે અને તેના યોગદાનથી સમાજ સ્વર્ણીમ પગલાં પાડતું અગ્રેસર થતું રહે એવી શુભ ભાવનાથી 'મહિલા સેલ'ની રચના થયેલ છે. તેને સાર્થક કરવામાં મહિલા સેલ હંમેશા પ્રયત્નશીલ રહેશે.

## શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ

તા. ૨૯-૭-૨૦૧૨ને રવિવારના રોજ દહેગામ મુકામે સમાજના સભ્યોની સહકુટુંબ સાથે જનરલ સભા મળી તેમાં સમાજ તરફથી તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું તથા નીચે મુજબના નવા પ્રમુખ, ઉપપ્રમુખ તથા મંત્રીશ્રી, કારોબારી સભ્યોશ્રી તેમજ સલાહકાર સભ્યોની નિમણુંક કરવામાં આવી.




સોની નરેન્દ્રભાઈ મગનલાલ
પ્રમુખ - ગાંધીનગર



સોની દિનેશકુમાર જેઠાલાલ
ઉપપ્રમુખ - તલોદ



સોની ધર્મેન્દ્રકુમાર ભાઈલાલભાઈ
મંત્રી - તલોદ



સોની રશ્મીનકુમાર જેઠાલાલ
ખજાનચી - તલોદ

**કારોબારી સભ્ય**

સોની શૈલેષકુમાર જેઠાલાલ (તલોદ)
સોની મેહુલકુમાર શાંતિલાલ (તલોદ)
સોની ગોપાલભાઈ જીવરામભાઈ (તલોદ)
સોની પ્રતિકકુમાર હસમુખભાઈ (ખેડબ્રહ્મા)
સોની ભરતકુમાર ગોરધનદાસ (ધનસુરા)
સોની રાજેશકુમાર કાન્તીલાલ (બાયડ)
સોની સુરેશભાઈ મોહનલાલ (નરોડા)

**સલાહકાર સમિતિ**

સોની અતુલકુમાર પ્રેમજીભાઈ (વડાલી)
સોની જયંતીલાલ નેણશીભાઈ (દહેગામ)
સોની રમેશભાઈ વેલજીભાઈ (નરોડા)
સોની જયેશકુમાર ઉમરશીભાઈ (ડેમાઈ)

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ શિક્ષણ સન્માન કાર્યક્રમ

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના ઉપક્રમે શૈક્ષણિક ત્રણ વર્ષમાં (૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨) માન્ય યુનિવર્સિટીનો અભ્યાસ પૂર્ણ કરી ઉચ્ચ શિક્ષણની ડીગ્રી પ્રાપ્ત કરી હોય એવા સમગ્ર ભારતના જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈ-બહેનોનું સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. નીચે જણાવેલ કક્ષાઓમાં ડીગ્રી પ્રાપ્ત કરનાર જ્ઞાતિના ભાઈ-બહેનોને સન્માનિત કરવામાં આવશે.

| **કેટેગરી** | **ડીગ્રી** |
|---|---|
| **અનુસ્નાતક** | MA, M.Sc., LLM, M-Pharm, M.Com., MBA etc. |
| **મેડીકલ સાયન્સ** | MBBS, BHMS, BAMS, BDS, B.Phy. etc. |
| **એન્જી. અને ટેકનો.** | M.E., B.E., M.Tech eng. branch |
| **એકાઉન્ટન્સી** | CA, CS, ICWA etc. |
| **ડિઝાઈન, આર્કિટેકચર** | BArch, MArch, Interir Design, Fashion Design |
| **રિસર્ચ સ્ટડી** | M.Phil, Ph. D. |
| **પબ્લીક સર્વિસ કમિશન** | IAS, IPS and other govt. service selection examinations. |

**પ્રેમજીભાઈ કેશવજી સોની -** મહામંત્રી

**અસાધારણ તેજસ્વીતા - રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ મેળવનાર વિદ્યાર્થીઓ :-** જે વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉપરોક્ત કેટેગરીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧, ૨૦૧૧-૧૨માં પદવી પ્રાપ્ત કરી હોય તેઓને ડીગ્રી સર્ટિફિકેટ અથવા માર્કશીટની ઝેરોક્ષ, કોન્ટેક્ટ નંબર અને સરનામું ફોટોગ્રાફ, જન્મ તારીખ સાથે તા. ૧૫-૯-૨૦૧૨ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવા વિનંતી છે.

મારૂ કંસારા સોની જ્ઞાતિ ઘટક પ્રમુખ/મંત્રીશ્રીઓ/શિક્ષણ સમિતિના સભ્યશ્રીઓને નમ્ર વિનંતી છે કે તેઓ તેમના વિસ્તારના સન્માનપાત્ર ભાઈ-બહેનોની વિગતો એકત્રિત કરીને નીચેના સરનામે મોકલી આપે. શિક્ષણ ઉત્કર્ષના ઉમદા કાર્યમાં આપના સાથ સહકારની અપેક્ષા સાથે...

**માર્કશીટ/પ્રમાણપત્રો મોકલવાનું સરનામું :**

ચેરમેનશ્રી, શિક્ષણ સમિતિ,
શ્રી બારમેડા ચેતનભાઈ ઈશ્વરલાલ
ઈશ્વરકૃપા, ૮, યોગીરાજપાર્ક,
એસ.ટી. વર્કશોપ સામે,
સંસ્કારનગર, ભુજ-કચ્છ-૩૭૦ ૦૦૧
(મો.) ૯૮૭૯૨ ૮૬૦૬૪

**પ્રભુદાસભાઈ ખેતશી સોની -** પ્રમુખશ્રી

## શિક્ષણ

## જ્ઞાતિ ગૌરવ




**સ્વાતિ સુરેશભાઈ સોલંકી - માંડવી** M.PHARM (Q.A) Master of Pharmcy, Quality Assurance - 9 SPI, 8.17 CPI સાથે વિરાયતન ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસી, માંડવી-કચ્છમાં પ્રથમ ક્રમાંક Gujarat Technological Univertisy (GTU) માંથી M.Pharm કરેલ છે. જેમાં Semester-I અને Semester-II માં કોલેજમાં બીજો ક્રમાંક તેમજ Semester-III અને Semester-IV માં કોલેજમાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે. તેમણે M.Pharm, Semester-IV માં Process Validation and analytical method development for some antibiotics વિષય પર રિસર્ચ વર્ક કરી આ ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. અભિનંદન સહ અંતરના આશિર્વાદ.



**સચીન દિલીપભાઈ ડુંગરશીભાઈ પોમલ** હાલ - અમદાવાદ કઠલાલ સ્થિત મૂળ વતન - દેશલપુર ગુંતલી (કચ્છ)ના વર્ષ-૨૦૧૧માં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) ની પરિક્ષામાં ઉત્તીર્ણ થયેલ છે.



**ગુજરાતી વિવેક પરેશભાઈ** (M.Sc. Physics) સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગર GPA 6.88 (First Class) હાલે એમ. ફિલ, એસ.પી. યુનિ. વિદ્યાનગર ખાતે કરી રહેલ છે.



**ગુજરાતી કિશન પરેશભાઈ** (T.Y. B.Com.) ગુજ. યુનિ. અમદાવાદ 66.77% હાલે CA Finale ની તૈયારી સાથે M.Com. ગુજ. યુનિ. અમદાવાદથી કરી રહેલ છે.

***આપણા સમાજના આ યુવાધનને એમની ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઝળકતી સિદ્ધિ બદલ જ્ઞાતિસેતુ પરિવારના હાર્દિક અભિનંદન તેમજ ઉજ્જવલ કારકિર્દી શુભકામના.***

# ત્રેવડ ત્રીજો ભાઈ !!!

મીતા સોલંકી - ભુજ

સુજ્ઞ વાચક મિત્રો, નમસ્કાર

ગત અંકમાં મારો લેખ મોંઘવારી અને મધ્યમવર્ગના વિષયને વાચકોએ પસંદ કર્યો અને પ્રતિભાવો આપ્યા તે બદલ જાહેરમાં આભાર ! તે વિષયને આજે આગળ વધારીએ. 'ત્રેવડ ત્રીજો ભાઈ' આ જુની કહેવત આજે પણ સત્યની એટલીજ નજીક લાગે છે.

જો ઘરની કોઈપણ એક વ્યક્તિ મહેનત કરીને કમાતી હોય તો ઘરની આર્થિક વ્યવસ્થા ચાલ્યા કરે તેવી હોય છે. જ્યારે બે વ્યક્તિ કમાતી હોય ત્યારે એ વ્યવસ્થા (આર્થિક) થોડી સુધરે છે, થોડી બચત પણ થાય છે, પણ, ઉપરોક્ત ઉક્તિ મુજબ ઘરના દરેક સભ્યો કરકસર પૂર્વકનું જીવન જીવે તો એ જ આવકમાં ત્રણ ભાઈ કમાતા હોય તેટલી આવક ઘરમાં રહે છે અને ઉત્તરોત્તર પ્રગતિના પંથે પ્રયાણ કરે છે. ભવિષ્યમાં થનારા અણધાર્યા ખર્ચ ને પણ પહોંચી વળવા સક્ષમ થઈએ.

તો આવો, આ વધતી જતી મોંઘવારીના રાક્ષસનો સામનો કરવા શસ્ત્રો સજ્જ કરીએ.

★ ઘરની ઈલેક્ટ્રોનીક આઈટમોનો બીનજરૂરી વપરાશ ટાળીએ. મહિનાના અંતે અમુક ટકા બીલ ઓછું આવશે.

★ પેટ્રોલ મહિનાનું બજેટ ખોરવવામાં મહત્વનો ભાગ ભજવ છે. ક્યારેક શેરીંગ વાહન કે પગે જવાનું રાખી શકાય.

★ બાળકોની જરૂરીયાતો ચોક્કસ પૂરી કરવી પરંતુ એની ખોટી જીદ ન પોષવી.

★ ઘણા પરિવારોમાં દરરોજ બે-ત્રણ અખબારો આવતા હોય છે, સમયના અભાવે વાંચ્યા વગરના પસ્તી બની જાય છે, તો શક્ય હોય તો એક ન્યૂઝપેપર લેવું.

★ વારંવાર હોટલમાં જમવાનું અને પાર્ટીઓ કરવાનું ટાળી, ખર્ચમાં કાપ મૂકી શકાય.

★ આજકાલ મહિલાઓ કોસ્મેટીક અને બ્યુટીપાર્લરો પાછળ અઢળક નાણાં ખર્ચ કરે છે, શક્ય તેટલો અને ધારીએ તો તેટલો કાપ મૂકી શકાય છે. આખરે સુંદરતા તો મનની અને દ્રષ્ટિની જ છે.

★ જે વસ્તુ બાર મહિનાની સંગ્રહ કરી શકાય એવી હોય તો હોલસેલ ભાવે ખરીદી કરી, સાચવીને રાખવાથી બાર મહિના દરમિયાન થતા કડાકૂટ, મજુરી ખર્ચ, તેમાં થતો પેટ્રોલનો વપરાશ વગેરેની સરવાળે બાર મહિનાના વર્ષાંતે તો સારી એવી રકમ હાથમાં રહેશે.

★ થિયેટર્સમાં ફિલ્મો જોવી ખૂબ ખર્ચાળ છે અને મોટાભાગની ફિલ્મોમાં કશુ જોવા જેવુ હોતું જ નથી. તેના બદલે ડીવીડી જેવા ઉપકરણો વડે ઘરે યોગ્ય ફિલ્મો જોઈ શકાય.

★ પ્રવાસ પર્યટનો બાર મહિનામાં એક વખત જવુ હોય તો પ્લાનીંગ કરી ઓફ સીઝનમાં જવાથી ખર્ચમાં કાપ મૂકી શકાય અને ટ્રેનની મુસાફરી સૌથી સસ્તી મુસાફરી છે.

★ ખરીદી કરતાં પહેલાં જે વસ્તુ કે પછી ખરીદવાની છે ખરેખર જરૂરી છે કે પછી દેખાદેખી વટ પાડવા થઈ રહ્યો છે.

★ વસ્ત્રોનો ખર્ચ એન્ડલેસ છે, દર મહિને બદલતી ફેશનને તમે ક્યારેય પહોંચી નથી શકવાના, બ્રાન્ડેડ આઈટમોનું ઘેલું વધુ ખર્ચ કરાવે છે.

★ પુરુષ વર્ગની વારંવાર ચા, ઠંડા-પીણાં, પાન-મસાલા કે સીગરેટની આદત સ્વાસ્થ્ય બગાડવાની સાથે આર્થિક બોજ વધારે છે. આવી આદતો પ્રયત્ન કરવાથી ટાળી શકાય.

★ ઘરમાં રાખવામાં આવતા શો-પીસ પાછળ ઘણા લોકો એટલો બધો ખર્ચ કરતા જોયા છે કે નવાઈ લાગે ! માત્ર શો-પીસ જ છે. ઘરના કોઈ ખૂણે પડી રહે છે. આવો ખરીદીમાં વિવેક જાળવવો જરૂરી છે.

★ ઘર સજાવવું એ વ્યક્તિગત રૂચિની વસ્તુ છે પરંતુ જરૂરી નથી કે ભીંડાની જેમ ભર્યુ ભર્યુ લાગતુ ઘર જ સારુ લાગે, દુનિયાભરનું રાચરચીલુ ઘરમાં વસાવીને વ્યક્તિ આખરે પોતાના ખાલી મનને સમજાવવાની કોશીશ કરે છે કે મારી પાસે તો બધુ છે !!! ઘર રાચરચીલા થી નહિ સુઘડતાથી, ચોખ્ખાઈથી શોભે છે.

★ હમણા હમણા મોબાઈલ, ફોન પર ખર્ચ વધ્યો છે. ટોક-ટાઈમ ફ્રી મળે તો પણ આપણો કિંમતી સમય અમસ્તો ટોક (વાતોમાં) જ જાય છે.

ખાસ, જરૂરી એ છે કે, સમજી વિચારીને કરકસર દ્વારા કરેલી નાની બચતો મોટી બચત કરવા પ્રેરશે. પૈસા પૈસાને વધારે છે. ત્રેવડને કારણે બચેલી રકમનું રોકાણ કરી વધુ વળતર મેળવી ફુગાવાનો પ્રતિકાર થઈ શકે છે.

માત્ર ખર્ચા પર કાપ મૂકવાથી નહિં ચાલે, આવક પણ વધારવી પડશે. પોતાની આવકનો સ્રોતનો ક્યાસ કાઢીને જો તમે પોતાનું જીવન બહેતર બનાવવા ઈચ્છતા હોય તો આર્થિક વિકાસની પ્રક્રિયા બમણી કરવી જ પડશે ! પછી જીત તમારી જ છે ! **'જેટ'** ની જેમ પ્રગતિ કરવા **'બજેટ'** બનાવો...

# લગ્ન વિચ્છેદ સમસ્યા અને સમાધાન

છત્રાળા મહેશકુમાર તુલસીદાસ - અંજાર

એક આદર્શ એવો હોય કે પ્રેમી યુગલો જનમોજનમ એક બીજાનો સાથ નિભાવે. બીજો એવો કે પરણે ત્યારે આખી જિંદગી સાથે રહેવાનું વિચારે પણ આ એકવીસમી સદીના વાયરા એવા છે કે હવે પરિણીત યુગોલ જરાજરામાં છૂટાછેડા સુધી દોડી જાય છે અને તે પણ ક્ષુલ્લક કારણોસર. આ સમાચાર આપનારા ખૂબ ગંભીરતાથી કહેતા હોય છે કે આ નવું વલણ સમાજ માટે ખતરનાક છે. જેનું પરિણામ ગંભીરમાં ગંભીર આવશે.

**નોકરી કરવા ન મળે તો લગ્ન સમસ્યા**

કેટલીક મહિલાઓને પૈસાની લાલસા હોય છે. તેને વાપરવા માટે ખૂબ જ પૈસા જોતા હોય છે. ઘરમાં આવકની મર્યાદામાં ખર્ચ મળે છે, ત્યારે પત્ની નોકરી કરવાની ઈચ્છા કરે છે. સંયોગોની નજરે, પરિવાર તરફથી નોકરી માટે મંજૂરી ન મળે તો પત્ની ઘરમાં ઝઘડો કરીને ચાલી જાય છે સમસ્યા લગ્ન વિચ્છેદ સુધી પહોંચે છે. સમાધાનરૂપે જો નોકરી કરવા મળે તો છૂટા સમસ્યાનો આ ખરો આ ઉકેલ નથી. પતિની આવકમાં ઘર ખર્ચ ચાલતુ હોય તો ચલાવવું જોઈએ. ઘરમાં શાંતિ મોટામાં મોટું સુખ છે.

**યુવતી કમાતી થઈ તેથી છૂટાછેડા**

અત્યારે જમાનો ઝડપી છે. મહિલા સ્વ-નિર્ભર પગભર થઈ છે, જે સારું છે. પરંતુ એને પોતાને પતિની જરૂર જ નથી એ ધારણા ખોટી છે. એકલવાયા જીવનનો અર્થ નથી. સ્ત્રી એમ વિચારે કે હું અને મારા સંતાનનું ભરણ-પોષણ જાતે કરી લઈશ, હું કોઈની ગુલામ નથી પરંતુ, જીવનની ગાડી ચલાવવા બે પૈડાની જરૂર પડે છે. સારા નરસા પ્રસંગોમાં યુગલ જ શોભે છે. સંતાનના લગ્નન પ્રસંગ કરવા પ્રથમ પિતાની પૂછા થાય છે. જેનો જવાબ આપી શકાતો નથી સમય પ્રમાણે એકલી સ્ત્રીની સલામતી નથી.

**બાળક અંગ્રેજીમાં ન ભણે તો લગ્ન સમસ્યા**

અત્યારે અભ્યાસનું ખૂબ જ મહત્વ છે બાળકોને ભણાવવા ખૂબ જ જરૂરી છે એ સાચુ. પરંતુ બાળકને પ્રારંભથી જ અંગ્રેજીમાં અભ્યાસ કરાવવા ઘરની આવક મર્યાદીત હોય ખર્ચાળ સ્કૂલોમાં દાખલ કરાવવો પડે અને પતિ-પત્ની વચ્ચે કંકાસ થાય છે. પત્ની અંગ્રેજી ભણાવવાની જીદ કરે છે અને પતિ ગુજરાતી. આ જીદ લગ્ન વિચ્છેદ સુધી પહોંચે છે. સમાધાનરૂપે પતિની પહોંચ ન હોય ત્યારે બાળકોને ગુજરાતી શાળામાં ભણાવવા પડે તેમાં આપણે નીચા થઈ જતા નથી અંગ્રેજી સારું અને ગુજરાતી નહીં. આપણી વિચારસરણી ભ્રામક છે. ઘરમાં આવી બાબતે કંકાસ ન થાય અને શાંતિ જળવાય તે જરૂરી છે.

**સમાધાનરૂપે કોર્ટ કેસ પાછા ખેંચો**

હાલમાં લગ્ન વિચ્છેદ સમસ્યા ખૂબ જ વકરી છે. આપણો સમાજ ચિંતિત બન્યો છે. જે યુગલોમાં લગ્ન સમસ્યા છે, તેમણે કોર્ટમાં કેસ ચાલતો હોય તો પાછો ખેંચી લ્યો.

અરે ! ખિસ્સામાં નોટ નથી, ઘરમાં લોટ નથી પણ જીદમાં આવીને કોર્ટમાં જવું છે. લગ્ન સમસ્યા સંબંધી સમાજ પાસે રજુઆત કરો. તેમાં પૈસાની જરૂર નહી પડે. કોર્ટમાં વર્ષો વીતી જશે. ન્યાય નહીં મળે. વડીલોની મધ્યસ્થી થકી લગ્ન વિચ્છેદ સમસ્યાનું સમાધાન થવું જોઈએ. જેથી પાછળથી પસ્તાવુ ન પડે. યુવાનીમાં પતિ-પત્ની બંનેનું મહત્વ સમજાતું નથી. વૃદ્ધ ઉંમરે અહેસાસ થાય છે ત્યારે સમય પૂરો થઈ ગયો હોય છે.

**જાહેરમાં સન્માન કરો.**

**ઘણા કેસમાં પતિ-પત્ની વચ્ચે છૂટાછેડા થવાની તૈયારી હોય અને સમાજમાં સમજૂતી થાય. ફરીથી જીવનરૂપી ગાડી દોડવા લાગે. પતિ-પત્ની વચ્ચેની અસમજણ દૂર થાય આવા યુગલોનું જાહેરમાં સન્માન કરવું જોઈએ. જેથી બીજા યુગલોને આમાંથી પ્રેરણા મલે.** છૂટાછેડા લેવાથી કશો ફાયદો નથી. બીજુ પાત્ર કેવું અને ક્યારે મળે તે નક્કી નથી. જિંદગીના દિવસો જતા રહે છે જે પાછા આવવાના નથી. કઈ એવી વ્યક્તિ હશે જે પોતાનું ઘર તોડાવવા પૈસા આપે. કોઈ નહી, પત્ની જતી કરવી, સંતાન જતા કરવા, પૈસા જતા કરવા આવું ન થાય. તેથી સારો વિચાર કરીને દંપતિએ લગ્ન સમસ્યા હલ કરવી જોઈએ. જેથી આખો પરિવાર, બાળકો અને માતા-પિતા, અને દંપતિ જાતે પણ ખુશ રહી શકે.

## જ્ઞાતિ સેતુપ્રસાર

ભારતભરમાં તેમજ વિદેશમાં ખાસ કરીને નાના નાના ગામોમાં 'સેતુ' પહોંચતું થયું છે. 'સેતુ'ને એનું ગૌરવ છે. સદ્‌ભાવી વાચકોનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

## સાભાર સ્વીકાર

શ્રી બાબુભાઈ સાકરીયા - મુંબઈ રૂા. ૧,૦૦૦/- શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદને જ્ઞાતિસેતુના વિકાસ માટે સાભાર ભેટ

# છૂટાછેડા

ઈન્દુલાલ હ. સોલંકી, એડવોકેટ - ભુજ

આપણી જ્ઞાતિમાં હાલે સગપણ તૂટવાના તેમજ છૂટાછેડાના બનાવો ઉત્તરોત્તર વધતા રહેલ છે. જો કે છૂટાછેડાના બનાવો અન્ય જ્ઞાતિઓ સમાજો તથા સમગ્ર દેશમાં પણ ઉત્તરોત્તર વધતા રહેલ છે. આ બંને પ્રસંગો આપણી જ્ઞાતિમાં વધારો થઈ રહેલ હોવાના કારણે આપણી જ્ઞાતિ પણ તે માટે ચિંતીત બનેલ છે. તેમજ આવા પ્રસંગો બનવા ન પામે તેમજ કેવા કારણોસર આવા બનાવો બને છે તે માટે ચિંતિત કરી તેના ઉપાયો શોધવાના પ્રયત્નો કરી રહેલ છે.

હાલમાં સગપણ તુટવાના પ્રસંગો અવાર-નવાર બનતા રહે છે. તે માટે પ્રથમ કારણ જુની અને નવી પેઢી વચ્ચેની વિચારસરણીમાં આવેલ મોટો તફાવત નજરે પડે છે. અત્યારની પેઢી તથા તેની વિચારસરણીને નજર સમક્ષ રાખીને વિચારીએ તો પ્રથમ કારણ માવિત્રો દ્વારા ગોઠવવામાં આવતા સંબંધો સમયે બંને પાત્રોની પસંદ ના પસંદગીની ઉપેક્ષા કરવામાં આવતી હોય છે. કેટલીક વખત માવિત્રો દ્વારા એક અથવા તો બંને પાત્રો ઉપર દબાણ કે પ્રલોભનની અસર પણ જોવામાં આવે છે. આવા કારણોસર સમય જતાં બંને પાત્રો વચ્ચે મનમેળ થવાના બદલે મતભેદ ઉભા થાય છે. ઉપરાંત બંને પાત્રો દ્વારા પણ એકબીજાની પસંદગીમાં ટુંકા ગાળાના ઉપર છલ્લા મિલન વખતે મનમેળમાં લાંબા ગાળાનો વિચાર કર્યા વગર ઉત્સાહમાં આવી જઈ માવિત્રો ઉપર લગ્નજીવન ટકી જશે તેવો અભાષ ઉભો કરી સગપણ જાહેર કરવામાં આવે છે. પરંતુ જ્યારે કોઈ નાની અમથી વાતમાં પણ મતભેદ ઉભા થાય છે ત્યારે સગપણ તુટવાનો પ્રસંગ ઉભો થાય છે. તે સાથે ક્યારેક માવિત્રો - માવિત્રો વચ્ચે અહમ ટકરાવાના કારણે પણ સગપણ તુટતા રહે છે.

કોઈપણ પક્ષે જીવન સાથીની પસંદગી કરવામાં આવેગ નહીં પરંતુ કુટુંબ અને સમાજની ગરિમા જાળવવી જરૂરી છે. યુગ ઝડપથી બદલાઈ રહ્યો છે. ત્યારે સમયને અનુરૂપ લગ્ન જેવી બાબતમાં સંતાનોની લાગણી ધ્યાનમાં લેવી જરૂરી છે. તે સાથે સંતાનોમાં પણ માવિત્રોની લાગણી પણ સમજવી જરૂરી રહેલ છે. યુવા વર્ગે એટલું તો સમજવું જરૂરી છે કે લગ્ન જેવી બાબતમાં ક્ષણિક આવેગ દ્વારા ગોઠવાતા લગ્ન, સમય જતા વિખવાદનું સ્વરૂપ ધારણ કરે છે પરિણામે બંને પક્ષે સહન કરવાનું આવે છે.

સામાન્ય રીતે યુગલના લગ્નજીવનની શરૂઆતમાં જે નથી તે હોવાનો ડોળ કરવામાં આવે છે. કોઈ ક્રોધી હોય છતાં શાંત અને પ્રસન્ન હોવાનો ડોળ કરવામાં આવે છે. અમુક ચીજ આવડતી ન હોવા છતાં આવડે છે તેમ બતાવવામાં આવે છે. સામી વ્યક્તિ પ્રત્યે અમુક ક્ષણે અણગમાનો ભાવ હોય તો પણ પ્રેમાળ હોવાનો આભાષ ઉભો કરવામાં આવે છે. ખરી હકીકત એમ છે કે ચાવવાના અને બતાવવાના દાંત વચ્ચે જોજનનું અંતર હોય છે. એક ખાનગી સ્વ અને બીજા જાહેર સ્વ હોય છે. સ્વ રૂપી દંભને કારણે કેટલાય યુગલોનું લગ્નજીવન નષ્ટ થાય છે અને ટૂંકા ગાળામાં યુગલ છુટું પડી જાય છે.

લગ્ન સંબંધ દિલથી બંધાયેલ હોય તેવા સંબંધો કાગળ ઉપર એક લીટી દોરી તુટી શકતા નથી. આપણી જ્ઞાતિમાં આંતરજ્ઞાતિ પ્રેમ લગ્નથી બંધાયેલ એક યુગલ આઠેક વર્ષથી સારી રીતે લગ્ન જીવન ગાળી રહેલ હતું. સંપત્તિની દૃષ્ટિએ સુખી કહી શકાય તેમ હતું. યુવક અવાર નવાર કાયદાકીય સલાહ લેવા મારી પાસે આવતા. એક દિવસ પતિ-પત્ની એક સાથે મારી પાસે આવેલ અને જણાવેલ કે તેમને છૂટાછેટા લેવા છે. બંનેની વાતો પરથી એવું કોઈ કારણ જણાયેલ નહીં કે તેઓ છુટાછેડા લેવા પાત્રતા ધરાવતા હોય. આમ છતાં તેમને સ્ટેમ્પ પેપર સાથે બીજા દિવસે આવવાનું અને છૂટાછેડાનું લખાણ તૈયાર કરવાનું જણાવેલ. ઉપરાંત બંનેએ જે રીતે છૂટાછેડા લેવાનો નિર્ણય કરેલ છે તેના જે કંઈ પણ કારણો હોય તે સંબંધ શાંત અને સ્વસ્થચિત્તે પોતાના ભવિષ્ય વિષે વિચાર કરી, આ પગલું, પોતાને, પોતાના કુટુંબને અને સમાજને નજર સમક્ષ રાખી યોગ્ય ગણાશે કે કેમ તેની વિચારણા કરી આગળનું પગલું લેવાની સમજણ આપયેલ. તે દિવસે મારી પાસેથી ગયા બાદ આજ દિવસ સુધી તેઓ બંને કે બંનેમાંથી કોઈ મારી પાસે આવેલ નથી. તેમજ જાણવા મળ્યા મુજબ હાલે પણ એ યુગલ, યુગલ જ રહેલ છે.

કેટલીક વખત એવું પણ બને છે કે દિલથી બંધાયેલ સંબંધ તોડવામાં બંને વ્યક્તિઓમાંથી કોઈ તૈયાર નથી હોતા પરંતુ નવી પેઢીની વિચારણસરણી જુની પેઢીને અનુરૂપ નથી હોતી અથવા જૂની પેઢી, નવી પેઢીની વિચારસરણી સ્વીકારી શકતી નથી. જેના કારણે વાણી વિકૃતિ ઉદ્‌ભવે છે અને તેના કારણે બંને પાત્ર છૂટા પડે છે. જો કે છૂટા પડતી વખતે કોઈ પાત્રને છુટું પડવું પસંદ નથી હોતું. ત્યાર બાદ જુની પેઢી એક યા બીજા કારણો સબબ સામી વ્યક્તિ ઉપર દબાણ લાવવાના પ્રયત્નો કરે છે અને ક્યારેક કોર્ટના દરવાજે પણ પહોંચે છે. ભુજની કોર્ટમાં એક કેસ પાંચેક વર્ષથી ચાલતો હતો. તે કેસમાં કોર્ટ તરફથી ત્રણેક વર્ષથી સમાધાન માટેના પ્રયત્નો ચાલુ જ હતા. પરંતુ જુની પેઢી તે યુગલને એક થવા માટે કોઈ હિસાબે તૈયાર ન હતી. કોર્ટમાં કેસના પક્ષકારો અને અમો એક જ જ્ઞાતિના અને જે તે વખતે જ્ઞાતિ પ્રમુખ હોવાથી મને કોર્ટ દ્વારા બોલાવવાની રજુઆત કરવામાં આવેલ. મને બોલાવવામાં

આવેલ. કોર્ટે કેસના પક્ષકારોની તથા કેસની જાણ કરી અને સમજાવટ થઈ શકે તે માટેના પ્રયત્નો કરવા જણાવેલ. તે જ વખતે પ્રથમ પતિ-પત્ની તથા તેમના માવિત્રોને એક સાથે, ત્યાર બાદ ફક્ત પતિ-પત્નીને એક સાથે અને અલગ અલગ રીતે મળેલ, તેમની વાતો સાંભળેલ. આ વાતચીત ઉપરથી એવી હકીકત જાણવા મળી કે જ્યારથી કેસ ચાલુ થયો ત્યારથી બંને પાત્રોને સ્વતંત્ર રીતે મળવાની કે વાત કરવાની કોઈ તક બંનેના માવિત્રોએ આપેલ ન હતી. જ્યારે વાતચીત કરવા માટે અને એકબીજાને જે પણ કહેવું હોય તે કહી, સાંભળી, સમજી અને જે કંઈ પણ નિર્ણય કરેલ હોય તેની જાણ કરવા એક કલાકનો સમય આપેલ. તે દરમ્યાન બંનેને એક સાથે રહેવા દઈ તેમના માવિત્રોને તે બંને પાસે ન જવા ખાસ સુચના આપેલ. કોર્ટ રીસેષ બાદ જ્યારે મળ્યો ત્યારે મને એવું લાગેલ કે કાગળ ઉપર લીટી કરી છુટા પડવાના બદલે પતિ-પત્ની એક યુગલ બની ગયેલ છે. માવિત્રોએ અનિચ્છાએ પણ યુગલને સ્વીકારી લીધેલ અને પાંચ વર્ષથી ચાલતો કેશ પુરો થયેલ. આવા વખતે એવું પણ લાગે કે માવિત્રો પણ અનિષ્ટ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. પરંતુ એવું પણ માની લેવાની જરૂર પણ નથી કે દરેક વખતે માવિત્રો જ અનિષ્ટ કરવામાં ભૂમિકા ભજવે છે. એવું પણ બનતું હોય છે કે બંને પાત્રને એક બીજા વગર ચાલતું નથી. આમ છતાં આગળ જણાવ્યું એમ એક ખાનગી સ્વ અને બીજા જાહેર સ્વ રૂપી દંભને કારણે યુગલનું લગ્ન જીવન નષ્ટ થતું હોય છે.

દરેક યુગલે તથા માવિત્રોએ પોતાની અંગત અને કુટુંબની તમામ પ્રકારની વાસ્તવિકતાનો સ્વીકાર કરવો જરૂરી છે. જો વાસ્તવિકતાનો સ્વીકાર કરવામાં ન આવે તો યુગલ વચ્ચે તથા યુગલ અને માવિત્રો વચ્ચે અનિષ્ટતા ઉભી થવાની શક્યતાઓ ઘણી જ વધી જાય છે. ઉપરાંત ઉછીની લીધેલ વિચારસરણી ન અપનાવતા અથવા કોઈની દેખા દેખીથી દૂર રહી પોતાના તથા કુટુંબની વાસ્તવિક પરિસ્થિતિ ધ્યાનમાં રાખવી જરૂરી છે. બંને પક્ષના માવિત્રોએ એટલું તો સ્વીકારવું પડશે લગ્ન કરીને જતી દિકરી પોતાના પતિના કુટુંબમાં જાય છે ત્યારે તે પોતાના માવિત્રના ઘરની સંસ્કૃતિ, રહેણીકરણી, રીત રિવાજ માન્યતા લઈને જાય છે. તેવી સંસ્કૃતિ, રહેણીકરણી, રીત રિવાજ માન્યતા સાથે પતિના ઘરની સંસ્કૃતિ, રહેણીકરણી, રીત રિવાજ માન્યતા સાથે તેણીએ એડજેસ્ટ કરવાનું હોય છે. તેમજ માવિત્રના ઘરના બદલે પતિના ઘરની સંસ્કૃતિ, રહેણીકરણી, રીત રિવાજ માન્યતાને કાયમી રીતે અનુરૂપ થવાનું રહેશે. આ પ્રમાણેના એડજસ્ટમેન્ટ થવા માટે નવી આવેલ વહુ સાથે સસરાના ઘરને દરેક સભ્યે સંયમથી કાર્ય કરવાનું રહે છે. આવા પ્રસંગે એડજેસ્ટમેન્ટ થતા સમય લાગે તે સ્વાભાવિક છે. પરંતુ તે માટે કોઈ પણ પ્રકારની ઉતાવળ કરવામાં આવે અને આવેલ વ્યક્તિ ઉપર એક યા બીજા કારણોસર વાણીવિકૃતિ કે અન્ય કાર્ય કરવામાં આવે તો તેનું પરિણામ છુટાછેડા જ હોય છે.

આપણા સમાજમાં જ્યારે છૂટાછેડાના લખાણમાં જે કારણો આપવામાં આવે છે તે કારણો કાયદાને અનુરૂપ હોતા નથી. ક્યારેક એવુ પણ બને છે કે આવા લખાણમાં જે કારણો આપવામાં આવેલ હોય તેવા કારણો વાસ્તવિક રીતે હોતા જ નથી. પરંતુ છૂટાછેડા મેળવવા માટે તેવા કારણો ઊભા કરવામાં આવે છે. આવા છૂટાછેડાના લખાણમાં સામાન્ય રીતે એવું લખવામાં આવે છે કે સમાજમાં છૂટાછેડા લેવાનો રિવાજ ચાલ્યો આવે છે. પરંતુ આ રિવાજની માન્યતા અંગે સમાજના અગ્રણીઓ દ્વારા અનુમોદન લેવામાં આવતું નથી. મારું કંસારા સોની જ્ઞાતિ સમાજ ભુજ - કચ્છ દ્વારા સને ૧૯૫૦ ના અરસામાં જ્ઞાતિ સભ્યો માટે ધારાધોરણ તૈયાર કરવામાં આવેલ. જે પૈકી લગ્ન વખતે તેમજ ત્યાર બાદ કરવાના રહેતા વ્યવહારો અંગે વિસ્તૃત નિયમો કરવામાં આવેલ. જેમાં લગ્ન બાદ દિકરીના માવિત્ર તરફથી વાર તહેવાર કે અસાધારણ પ્રસંગે દિકરીને લેવા આવે ત્યારે વર પક્ષે રજા આપવા તેની સાથે દિકરીના માવિત્ર તરફથી દિકરીને કોઈ કારણ વગર તેડી આવવા તથા લાંબા સમય સુધી રોકી ન રાખવી તેવા નિયમો બનાવવામાં આવેલ. આવા ધારા ધોરણમાં છૂટાછેડાના બદલે પુનઃલગ્ન અંગેના નિયમો બનાવવાં આવેલ. પુનઃલગ્ન કરનારે જ્ઞાતિની લાગત આપવાની રહેતી હતી. તેમજ પ્રથમ લગ્ન વખતે જે કંઈ દાગીના વગેરે આપવામાં આવેલ હોય તે છોકરીના પિતાએ જ્ઞાતિ રૂબરૂ પ્રથમ લગ્નના દિકરીના સસરાવાલાને પરત આપવાની જોગવાઈ કરવામાં આવેલ. આ રીતે છૂટાછેડા લીધા બાદ પુનઃલગ્નની જાણ જ્ઞાતિને કરવાની ફરજ રહેતી હતી તેની સાથ જ્ઞાતિની લાગત પણ ચૂકવવાની રહેતી હતી. આ રીતે સમાજ દ્વારા છૂટાછેડાને પરોક્ષ રીતે પુનઃલગ્ન વખતે અનુમોદન આપવામાં આવતું.

ભુજ જ્ઞાતિ સમાજ દ્વારા છેલ્લા કેટલાક સમયથી સગપણ વખતે અપનાવવામાં આવતા બિનજરૂરી રીત રિવાજો તથા તેવા પ્રસંગે થતા બેફામ ખર્ચા અટકાવવા માટે નિયમો ઘડવામાં આવેલ છે અને તેનો અમલ પણ થઈ રહેલ છે તે સાથે આ નિયમો મુજબ અમલ કરવા અન્ય સ્થળે આવેલ જ્ઞાતિ સમાજ દ્વારા પણ અમલ થઈ રહેલ છે. આવા નિયમો સાથે જ્ઞાતિ સમાજમાં સગપણ તુટવાના તથા છૂટાછેડાના બનાવો અટકાવવા માટે પણ નિયમો ઘડવા જરૂરી છે. તેની સાથે જ્ઞાતિ સમાજમાં

છૂટાછેડા યોગ્ય સત્તા ધરાવતી અદાલત દ્વારા મેળવેલ હુકમ મુજબ લેવામાં આવેલ છૂટાછેડાને જ માન્યતા આપવી હાલના સંજોગો મુજબ અત્યંત જરૂરી છે. હિન્દુ લગ્ન અધિનિયમની જોગવાઈઓ મુજબ પણ કોર્ટ દ્વારા લેવામાં આવેલ છૂટાછેડા માન્ય રહે છે. અન્યથા બે પક્ષકારો પૈકી કોઈ પણ પક્ષકાર સામા પક્ષકાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી શકે છે.

અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળે સામાજીક સમિતિની રચના કરેલ છે. તે સમિતિ દ્વારા સગપણ તૂટવાના તથા છૂટાછેડાના પ્રસંગો અટકાવવા માટે વિસ્તૃત રીતે જાહેરાતો તથા લેખો દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. મહામંડળ દ્વારા રચવામાં આવેલ સામાજીક સમિતિનું કાર્ય ક્ષેત્ર સ્થાનિક નહિં પરંતુ સમગ્ર દેશ સાથે સંકળાયેલ છે. તેમજ આ સમિતિની પ્રવૃત્તિ ફક્ત એક વિષય પુરતી મર્યાદિત નહીં પરંતુ સમાજને સ્પર્શતા દરેક વિષય માટે વિસ્તૃત થયેલ છે. જેથી સગપણ અને છુટાછેડાના પ્રસંગે સ્થાનિક સમિતિ દ્વારા કાર્ય કરવામાં આવે તો બંને પક્ષકારો તથા સમિતિને સુગમતા રહે. જેથી દરેક સ્થાનિક સમાજ દ્વારા સામાજિક સમિતિની રચના કરવી અત્યારના સંજોગોમાં જરૂરી છે. આવી સમિતિ તથા સમિતિના સભ્ય માટે પણ અમુક મર્યાદા નક્કી થવી જોઈએ. સમિતિ કે તેના કોઈ સભ્ય નકારાત્મક વલણ ધરાવતા ન હોવા જોઈએ, પૂર્વગ્રહથી પ્રેરાવાના બદલે તટસ્થતા હોવી જોઈએ, અન્ય સ્થળેથી સાંભળેલ વાતો ઉપર આધાર રાખવાના બદલે બંને પક્ષકારો પાસેથી હકીકતો મેળવવી જોઈએ, કોઈ એક પક્ષકાર સાથે ચર્ચા વિચારણા કરવાના બદલે બંને પક્ષોની હાજરીમાં જ ચર્ચા વિચારણા કરવી જોઈએ. આમ છતાં જરૂર પડે ત્યારે બંને પક્ષકારોની સંમતિથી જ એક એક પક્ષકારને અલગથી ચર્ચા વિચારણા માટે મળી બીજા પક્ષકાર સાથે પણ તે રીતે ચર્ચા વિચારમા કરવી જોઈએ તેમજ કોઈએ પોતાની ઈચ્છા મુજબ થાય તે મુજબ આગ્રહ કોઈએ રાખવો ન જોઈએ. આવા પાયાના મુળભુત સિદ્ધાંતો સાથે આવી સમિતિની રચના કરવામાં આવે અને તે મુજબ અમલ કરવામાં આવે તો લગ્નજીવનના અનિચ્છનિય બનાવો બનતા અટકાવવામાં સમાજ સહાયભુત બની શકશે.

કોઈપણ વ્યક્તિ તથા માવિત્રે લગ્ન સંબંધ બાંધતા પહેલા 3 H નો ઉપયોગ કરવો જોઈએ. જે વ્યક્તિ સાથે સંબંધ બાંધવાનો છે તે વ્યક્તિ પોતાને તથા પોતાના કુટુંબને હૃદયપૂર્વક અનુકૂળ અને અનુરૂપ રહેશે કે કેમ તેનો આત્મમંથન કરવો જરૂરી છે. (Heart) જે વ્યક્તિ સાથે સંબંધ બાંધવાનો છે તે વ્યક્તિ પોતાને તથા પોતાના કુટુંબને અનુકૂળ અને અનુરૂપ બનશે કે કેમ તેનો સ્વસ્થચિત્તે વિચાર કરવો જરૂરી છે. (Head). જો આત્મમંથન અને વિચાર સકારાત્મક હોય તો હાથ ફેલાવવો જોઈએ. (Hand)

અને છેલ્લે જ્યારે યુગલ છુટુ પડે છે ત્યારે એકલ યુગલ જ નહીં પરંતુ બે કુંટુબોના છૂટાછેડા થાય છે અને તેવા છૂટાછેડા ક્યારેય સંધાતા નથી.

## કેસોનું ભારણ ઘટાડવા હવે મિડિએશન સેન્ટર

અદાલતોમાં કેસોના ભરાવાને હળવો કરવા માટે ફાસ્ટટ્રેક કોર્ટ અમલી બનાવાય બાદ હવે વિવાદનો શાંતિ અને એકસપંથી તથા બંને પક્ષને માન્ય હોય તેવો સદ્ભાવપૂર્ણ વાતાવરણમાં ઉકેલ લઈ આવવા માટે મિડિએશન સેન્ટર કાર્યરત કરાઈ રહ્યા છે. કચ્છ જિલ્લાનું આવું પ્રથમ મિડિએશન સેન્ટર આગામી એપ્રિલ મહિનામાં ભુજ ખાતે શરૂ કરવામાં આવશે.

સિવલિ પ્રોસિજરની કલમ ૮૯ તળે મિડિએશન સેન્ટરની રચના કરવામાં આવી છે. તથા આ સેન્ટરની કાર્યવાહી ચલાવવા માટે જિલ્લાના ૧૭ ધારાશાસ્ત્રીઓને તાલીમબદ્ધ કરીને તેમને નિમણુંક પણ આપવામાં આવી છે.

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કચ્છ જિલ્લાનું પ્રથમ મિડિએશન સેન્ટર કાર્યરત કરી દેવાની તૈયારીઓ થઈ રહી છે. આ સેન્ટર ખાતે જિલ્લા ન્યાયાલયમાં ભોંયતળીયે કાર્યરત થશે. આ માટે જરૂરી સુવિધાઓ સાથે ખાસ પ્રકારનું બાંધકામ અને વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

વિવાદનો શાંતિ અને એકસપંથી બંને પક્ષને માન્ય હોય તેવો ઉકેલ સદ્ભાવપૂર્ણ વાતાવરણમાં લઈ આવવાના હેતુસર સમાધાનના પાયા ઉપર આ સેન્ટર કાર્ય કરશે. જેમાં તાલીમ પામેલા ધારાશાસ્ત્રીઓ કે જેઓ મિડિએટર તરીકેની ભૂમિકા ભજવશે તેઓ બંને પક્ષ વચ્ચે કડીરૂપ સમાધાનકારી ભૂમિકા ભજવશે. આ સેન્ટરનો સમાધાનનો હુકમ ઉપરથી હુકમ વગેરે કાર્યવાહી કરવા માટે પક્ષકારોને જાણ કરી અને સંબંધિત અદાલતને મૂકવામાં આવશે. આ સેન્ટર મટે જિલ્લાના ૧૩ ધારસાસ્ત્રીઓને દિલ્હીથી આવેલા ન્યાયાધીશોએ ૪૦ કલાકની તાલીમ અત્રે જિલ્લા કોર્ટમાં આપી હતી. બીજા ચાર વકીલોને ગુજરાત હાઈકોર્ટ ખાતે તાલીમ અપાઈ હતી.

આ સેન્ટરમાં જેમને નિયુક્ત કરવામાં આવ્યા છે. તે ધારાશાસ્ત્રીઓમાં અમીરઅલીભાઈ લોઢિયા, નિરંજભાઈ ડી. વૈદ્ય, ઈન્દુભાઈ સોલંકી, દર્શકભાઈ કિશોરચંદ્ર બુચ, યજ્ઞેશ વી. વોરા, નશીમબેન ખત્રી, એચ. આર. શુક્લા, એમ. કે. અંતાણી, વિજય ગડાઈ, એચ. બી. જાડેજા, કેનાબેન દેસાઈ, પ્રવીણ ધોળકિયા, સુનિતાબેન ભણશાલી, ઉર્વશીબેન ગોર, શિલ્પાબેન ગોર, ઘનશ્યામ બી. ગોર અને ધવલ પાઠકનો સમાવેશ થાય છે.

— સૌજન્ય : કચ્છમિત્ર

# મીડીયેશન (મધ્યસ્થીકરણ)

પ્રેષક : ઈન્દુલાલ હ. સોલંકી, એડવોકેટ - ભુજ



**મધ્યસ્થીકરણ (Mediation) શું છે ?**

મિડિયેશન વિવાદોનું નિરાકરણ કરવા માટેની સરળ અને નિષ્પક્ષ આધુનિક પ્રક્રિયા છે. આ પ્રક્રિયા દ્વારા મિડિયેટર દબાણ રહિત વાતાવરણમાં સામ-સામા પક્ષોના વિવાદોનું નિરાકરણ કરે છે. બધા પક્ષો સદ્‌ભાવપૂર્ણ વાતાવરણમાં સ્વેચ્છાએ વિવાદોનું સમાધાન શોધે છે અને તેને અપનાવેછે. મિડિયેશન દ્વારા વિવિધ પક્ષકારો પોતાના વિવાદોને તમામ દ્રષ્ટિકોણથી જાણે છે અને જે સમાધાન બધા પક્ષોને માન્ય હોય છે તેને અપનાવે છે. આ પદ્ધતિ દ્વારા વિવાદોનું સત્વરે નિરાકરણ થાય છે. જે ખર્ચરહિત છે. આ પ્રક્રિયા કેસોના ઝંઝટોથી મુક્ત છે અને સાથે સાથે કોર્ટોના વધતા જતા ભારણને ઓછું કરવામાં પણ મદદ કરે છે.

મિડિયેશન એક સ્વૈચ્છિક પ્રક્રિયા છે અને મિડિયેટર એક ઉદ્દીપકનું કાર્ય કરે છે અને તે મૈત્રીભાવથી પક્ષકારોને એકમેકની નજીક લાવવાનું અને દરેકને બીજાનો પક્ષ સમજવા માટે મદદ કરવાનું મહત્વનું કાર્ય કરે છે. મિડિયેટરે નિર્ણય કરવાનો નથી કે તેની પાસે નિર્ણય કરવાની સત્તા પણ નથી, તેમ છતાંય તે સફળ રીતે પક્ષકારોને સમીપ લાવે છે અને તેમને પરસ્પર સ્વીકાર્ય સમાધાન સુધી પહોંચવામાં મદદ કરે છે.

મિડિયેટરો તરીકે નિવૃત્ત ન્યાયાધીશો, વકીલો અને સંનિષ્ઠ સામાજિક કાર્યકરો કે નિષ્ણાંતો હોઈ શકે કે જેઓ મિડિયેશનની પ્રક્રિયા માટે પ્રશિક્ષણ મેળવેલ હોય. મિડિયેશનના નીચે મુજબના લાભ છે :

★ મિડિયેટરોનો સમય અને તેમની નિપુણતા, ★ મિડિયેશનની પ્રક્રિયાનું ખાનગીપણું, ગુપ્તતા અને સાતત્ય, ★ સમાધાન શોધવામાં પક્ષકારોનું યોગદાન, ★ આ પ્રક્રિયા પક્ષકારો પાસેથી ત્યાગ માંગતી નથી પરંતુ તેમના હિતોનું રક્ષણ કરે છે.

**મિડિયેશનમાં શું થાય છે ?**

મિડિયેટર નિષ્પક્ષ મિડિયેશન માટે પૂર્ણ રીતે પ્રશિક્ષિત હોય છે. આ પ્રક્રિયા સર્વે પક્ષોને તેમના વિવાદોને સમાધાન કરવામાં સહાય કરે છે. મિડિયેશન માળખાગત પ્રક્રિયા છે જેની પદ્ધતિ નીચે મુજબ છે.

**૧. પરિચય :** મિડિયેટર, મિડિયેશનની પ્રક્રિયાથી બધા પક્ષોને પરિચિત કરાવે છે તેમજ પક્ષકારોને આ પ્રક્રિયાના નિયમો તથા તે દરમ્યાન જાળવવામાં આવતી ગુપ્તતા વિશે પણ બતાવે છે.

**૨. સંયુક્ત બેઠક :** મિડિયેટર, પક્ષકારો પાસેથી તેમના વિવાદ બાબતો જાણકારી મેળવે છે તથા વિવાદના નિરાકરણ માટે અનુકૂળ વાતાવરણ તૈયાર કરે છે.

**૩. અલગ બેઠક :** સંયુક્ત બેઠક ઉપરાત જો જરૂર પડે તો મિડિયેટર દરેક પક્ષકાર સાથે અલગ અલગ ચર્ચા કરે છે. આ બેઠકો દરમ્યાન દરેક પક્ષ પોતાની વાત મિડિયેટર સમક્ષ મૂકે છે જેને ગુપ્ત રાખવામાં આવે છે. આ બેઠકોમાં મિડિયેટર વિવાદના મૂળ સુધી પહોંચે છે.

**૪. સમાધાન :** વિવાદના નિરાણકર ઉપરાંત મિડિયેટર બધા પક્ષકારો પાસેથી સમાધાન માટેની સંમતિ મેળવે છે અને તેઓને સમાધાનની શરતો સમજાવે છે. આ સમાધાનને લેખિત સ્વરૂપ આપવામાં આવે છે. જેના પર બધા પક્ષકારો સહીઓ કરે છે. જે એકમેકને બંધન કર્તા છે.

**મિડિયેટરની ભૂમિકા અને કાર્ય**

★ મિડિયેટર વિવાદી પક્ષકારોની વચ્ચે સમાધાનની ભૂમિકા તૈયાર કરે છે. ★ તે પક્ષકારોની વચ્ચે અરસપરસની ચર્ચા વિચારણા માટેના માધ્યમ બને છે. ★ તે સમાધાન દરમ્યાન આવનાર સમસ્યાઓને શોધી કાઢે છે. ★ તે ચર્ચાના પરિણામે ઉદ્‌ભવતા સંભાવનાઓ અને સમીકરણોને પક્ષકારોને સમક્ષ મૂકે છે. ★ તે બધા પક્ષકારોના હિતોને સમજાવે છે.★ તે સમાધાનની શરતોને સ્પષ્ટ બનાવે છે અને એવી વ્યવસ્થા કરે છે કે જેમાં બધા પક્ષકારો સ્વૈચ્છિક રીતે સમાધાનને અપનાવી શકે.

**મિડિયેશનની પ્રક્રિયાના લાભ :**

★ વિવાદનો ત્વરિત નિકાલ અને વિના વિલંબે સમાધાન ★ વિવાદનું કાયમી, અસરકારક અને સર્વમાન્ય સમાધાન ★ સમય તથા ખર્ચની બચત ★ કોર્ટોના ચક્કર લગાવવામાં રાહત ★ અત્યંત સરળ અને સુવિધાજનક ★ સમાધાનમાં પક્ષકારોની સંમતિનું મહત્વ ★ ખાનગી તથા ગુપ્ત પ્રક્રિયા ★ સામાજિક સદ્‌ભાવ સ્થાપવામાં સહાયક ★ મિડિયેશન દ્વારા સમાધાન કરવાથી પક્ષકારોને ગુજરાત કોર્ટ ફીસ એક્ટ ૨૦૦૪ની જોગવાઈઓ મુજબ પક્ષકાર કોર્ટ ફી પરત મેળવવા હક્કદાર છે.

**વિવાદોથી થતા નુકસાન :**

★ સમયની બરબાદી ★ માનસિક તથા શારીરિક શાંતિનો ભંગ ★ નાણાંના નુકશાન ★ અરસપરસની ઘૃણા

અને વેરઝેર ★ માનસિક તાણની પરિસ્થિતિ ★ ખોટા અહંકારને મળતું બળ ★ અસંતોષ

**કોર્ટ સંલગ્ન મિડિયેશન :**

કોર્ટ સંલગ્ન મિડિયેશનમાં મિડિયેશનની સેવા કોર્ટ દ્વારા ન્યાયિક સેવાના અંતર્ગત ભાગરૂપે જ પુરી પાડવામાં આવે છે. કોર્ટ સંલગ્ન મિડિયેશનની પ્રક્રિયાનો લાભ એ છે કે ન્યાયાધીશો, વકીલો અને પક્ષકારો આ પ્રક્રિયામાં ભાગ લે છે જેથી બધા ભેગા મળીને સ્વીકાર્ય સમાધાન ઉપર પહોંચે છે અને દરેકની સંમતિથી સમાધાન થવા પામેલ હોઈ નવી લાગણી બધાને થાય છે જ્યારે કોઈ ન્યાયાધીશ ખુદની દેખરેખ હેઠળ જો કોર્ટ સંલગ્ન મિડિયેશન માટે કોઈ વિવાદને મોકલાવે છે ત્યારે કોઈ પણને એવું નથી લાગતું કે વિવાદ એ ન્યાયતંત્રની વિખોટું પડ્યું છે. ન્યાયાધીશને એવુ જ લાગે છે કે ન્યાયિક પ્રક્રિયાની અંદર જ વિવાદને મિડિયેશન માટે મોકલાવેલ છે. જે વકીલો કોર્ટ કેસમાં પક્ષકારોનું પ્રતિનિધિત્વ કરે છે. તે વકિલો પાસે જ તે કેસ રહે છે અને તેઓ જ પોતાના અસીલોના પ્રતિનિધિ તરીકે મિડિયેટર સમક્ષ હાજર થાય છે. પક્ષકારોને એવા અનુભવ થાય છે કે તેઓને વિવાદના નિવારણમાં ભાગ ભજવવા માટેની તક મળેલ છે. આનાથી મિડિયેશનની પ્રક્રિયાને એક અનુભવ અને સફળ ન્યાયિક સાધન તરીકેની લોક સ્વીકૃતિ મળશે. મિડિયેશન એ ન્યાયિક પ્રક્રિયાથી નિયંત્રિત એક વધારાની ન્યાયિક સેવા હોઈ અને તેની સરળતા અને પારદર્શકતાના કારણે વિશ્વના અનેક દેશોમાં તથા ભારતની અન્ય હાઈકોર્ટ જેવી કે દિલ્હી, કર્ણાટક, કેરાલા, તામિલનાડુ, જમ્મુ કાશ્મીર વિગેરે સ્થળોએ, આ પદ્ધતિએ પક્ષકારોમાં વિશ્વાસ સંપાદીત કરેલ છે.

**મિડિયેશનનો કાયદાકીય આધાર :**

દિવાની કાર્યરીતિ સંહિતાની કલમ ૮૯ના અનુસંધાને જે ચાર વૈકલ્પિક વિવાદ નિવારણ પદ્ધતિઓ ( ) કાયદામાં અમલમાં છે. જેમાંની એક મિડિયેશન પ્રક્રિયા કે જેમાં ત્રાહિત તટસ્થ વ્યક્તિની મદદથી કેસની કાર્યવાહી ચલાવ્યા સિવાય પક્ષકારોની વચ્ચેની તકરારનું સુખદ અંત લાવવાની જોગવાઈ છે. તટસ્થ ત્રાહિત વ્યક્તિ કે જેને મિડિયેટર તરીકે ઓળખવામાં આવે છે તે પોતાની પાસેથી વાતચીતથી છૂટા તથા સમજાવટની આવડતની મદદથી પક્ષકારો વચ્ચેનો વિવાદ નિવારીને તેનું સર્વ સ્વીકૃત સમાધાન સુધી પહોંચવામાં તેને મદદ કરે છે. આ રીતે મિડિયેટર સાચા કે ખોટાનો નિર્ણય ન કરતા બંને પક્ષકારો વચ્ચેની તકરારોના મુદ્દાને નિશ્ચિત કરી તેઓની વચ્ચેના સમાધાન અને વાતચીતમાં વચ્ચે આવતા અવરોધોને દૂર કરવા માટેના ઉદ્દીપકનું કામ કરે છે.

મિડિયેશનમાં કેવા પ્રકારના કેસો મૂકી શકાય ?

કૌટુંબિક વિવાદ, મજુરોને લગતા, મોટર એક્સિડન્ટ ક્લેઈમ, મકાન માલિક ભાડુઆત વચ્ચેના વિવાદોના કેસ, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ નીચે નોંધાયેલ ફરિયાદો, ભરણ પોષણને લગતા કેસો, સમાધાન લાયક ફોજદારી કેસો, મનાઈ હુકમના કેસો, વિશિષ્ટ દાદ માંગતા કેસો, રકમની વસુલાત અંગેનો કેસ, કોર્ટમાં દાખલ ન થયા હોય તેવા કેસો વિગેરે કેસો મિડિયેશનમાં મૂકી શકાય છે.

**ગુજરાત રાજ્યમાં મિડિયેશનની કાર્યવાહી થઈ રહી છે તે કેન્દ્રોની યાદી :**

(૧) ગુજરાત હાઈકોર્ટ મિડિયેશન સેન્ટર

ભોયતળિયું, લોયર્સ વિંગ, હાઈકોર્ટ કોમ્પ. એસ. જી. રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. ફોન : ....

(૨) અમદાવાદ સીટી સિવિલ કોર્ટ મિડિયેશન સેન્ટર

સીટી અને ડિસ્ટ્રીક્ટ લો લાયબ્રેરી, ભદ્ર કોર્ટ કંપાઉન્ડ, ભદ્ર, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : ...

(૩) રાજકોટ મિડિયેશન સેન્ટર

સિવિલ કોર્ટ બિલ્ડીંગ, ત્રીજો માળ, રૂમ નં. ૩૦૧, મોચી બજાર, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૩૧૪૦૪

(૪) જામનગર મિડિયેશન સેન્ટર

સિવિલ કોર્ટ બિલ્ડીંગ, પહેલો માળ, કોર્ટ કંપાઉન્ડ, જામનગર-૩૬૧૦૦૧. ફોન : ૦૨૮૮-૨૬૬૫૭૧૩

(૫) આણંદ એ.ડી.આર. સેન્ટર

ગ્રાઉન્ડ ફ્લોર, ડિસ્ટ્રીક્ટ કોર્ટ કંપાઉન્ડ, જિતોડીયા રોડ, આણંદ - ૩૮૮૦૦૧. ફોન : ૦૨૬૯૨-૨૩૮૮૧૭

## સાભાર સ્વીકાર



**સ્વ. શાંતાબેન વિઠ્ઠલભાઈ કંસારા**
**સ્વ. તા. ૨૯-૬-૨૦૧૨**

સ્વ. નીતીન કંસારા તથા કિરીટ કંસારાના માતુશ્રીના અવસાન નિમિત્તે રૂા. ૨૫૦૧/- શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદને સાભાર ભેટ.

# સિદ્ધાંમૃત સૂર્ય ક્રિયાયોગ

**નીતા નિલેશ બુદ્ધભટ્ટી - રાયપુર**

'સિદ્ધાંમૃત સૂર્ય ક્રિયા-યોગ' એક પ્રકારની સૂર્યની આરાધના છે. સૂર્યનારાયણ દેવ આરાધના-સાધનાના દેવ છે. સૂર્ય પૂજા તથા સૂર્ય નમસ્કારની સાથે બધા લોકો જન્મથી જોડાયેલા હોય છે. અહીં સૂર્યનારાયણની સમક્ષ જે એક સાધના કરવામાં આવે છે, એના વિષયમાં વર્ણન કરેલ છે. આ સૂર્ય ક્રિયાયોગ આપણા શરીરને ઘણા રોગોથી મુક્ત કરે છે તેમજ અમૂક રોગોથી રાહત આપે છે.

સૂર્યની ઊર્જા આપણા શરીર માટે એક ઔષધીનું કાર્ય કરે છે. વિદ્યાર્થીઓને સ્મરણશક્તિ વધારવામાં મદદ કરે છે. સૂર્યક્રિયાથી માનવશરીરમાં એક નવી ઊર્જાનો સંચાર થાય છે. જેનાથી આપણી રોગપ્રતિકારક શક્તિ વધે છે. આપણા મગજને સજાગ રાખે છે તથા સંતુલીત કરે છે.

આ સૂર્યક્રિયા સરળ અને દરેક મોટી નાની વ્યક્તિ કરી શકે એવી છે. સૂર્યક્રિયા કરવા માટે ખુલ્લા આકાશ નીચે બેસવાનું છે, એટલે કે જ્યારે સૂર્ય ઉદય થાય ત્યારે સૂર્યના કિરણો બરોબર આપણી સામે જ પડે ત્યારે સૂર્યનો તાપ બહુ વધુ પણ ન હોય અને સાંજે સૂર્યાસ્ત થવાના પહેલા સૂર્યનો તાપ વધુ ન લાગે અને એના કિરણો આપણી સામે જ આવે એ રીતે સૂર્યની સામે બેસવાનું હોય છે.

આ સિદ્ધામૃત સૂર્ય ક્રિયા કરતી વખતે અહીં નિમ્ન વર્ણન કરેલ બે શ્લોકોનું ઉચ્ચારણ દસ દસ વખત કરવાનું હોય છે.

**સૂર્યશક્તિ મંત્ર –**

હઁ હી હં સઃ સૂર્યાય નમઃ

**સૂર્ય ગાયત્રી મંત્ર –**

આદિત્યાય વિદમહે, સહસ્ત્ર કિરણ ધીમહિ
તનઃ સૂર્યઃ પ્રચોદયાત્ ।

**વિધિ –**

'સૂર્યક્રિયા યોગ' કરવાની શરૂઆતમાં સૌ પ્રથમ જમીન પર સૂર્યની બરાબર સામે બેસવાનું આંખો બંધ કરીને ૐનું ઉચ્ચારણ પાંચ વખત કરવાનું. ત્યાર બાદ બંને હાથની હથેળીઓને જોરથી ઘસીને ગરમ હથેળીઓને આંખો પર રાખવી. ત્યારબાદ આંખોને જોરથી ખોલ બંધ કરવી. આંખોને પૂરી જોરથી મુઠ્ઠી ભીડીને પાંચ વખત ખોલ બંધ કરવી. ત્યારબાદ સૂર્યના પ્રકાશને બંધ આંખો દ્વારા શરીરની અંદર પ્રવેશ કરવા દેવો.

સૂર્ય શક્તિ મંત્રને ધીમી ગતિથી શરૂ કરીને ધીરે ધીરે અવાજ વધારતા રહી, દસ વખત બોલવો. એવી જ રીતે સૂર્ય ગાયત્રી મંત્ર પણ દસ વખત બોલવો. સૂર્ય ગાયત્રી મંત્ર ઉચ્ચારણ કરતી વખતે વચ્ચે હાસ્ય તથા રુદનના ભાવ ઉમેરવા. મંત્રોચ્ચાર કરતી વખતે પાંચ પ્રકારની ક્રિયાઓ કરવાની રહે છે.

**પ્રથમ :-** બંને હાથ જોડીને નમસ્કારની ક્રિયા કરવી. નમસ્કાર કરતી વખતે હાથ છાતી પાસે રાખવા.

**દ્વિતીય :-** બંને હાથ પુરા ઊંચા કરીને બંને હાથના અંગુઠા સાથે પકડવાના.

**તૃતીય :-** બંને હાથના પંજાને સિંહની ગર્જના કરવાની સ્થિતિમાં રાખવા.

**ચતુર્થ :-** બંને હાથની હથેળીઓની મદદથી (છાતી પાસે) ખીલેલા કમળની આકૃતિ બનાવવી.

**પંચમ :-** બંને હાથની હથેળીઓની મદદથી અર્પણ કરવાની ક્રિયામાં હથેળીને નાભી પાસે રાખવી.

આમ આ પાંચ પ્રકારની ક્રિયા સૂર્ય ગાયત્રી મંત્ર બોલતી વખતે કરવી. આ પુરી ક્રિયા દરમ્યાન આંખો બંધ જ રાખવી. છેલ્લે ઊંધા સૂઈને બંને હાથ પર માથું ટેકીને બે ત્રણ મિનીટ સુધી આરામની ક્રિયા કરવી. છેલ્લે ફરીથી બંને હાથની હથેળીઓને ઘસીને બંધ આંખો પર રાખવી. ત્યારબાદ ધીરે ધીરે આંખો ખોલવી.

આ 'સિદ્ધાંમૃત સૂર્ય ક્રિયા'નું શિક્ષણ યોગી સ્વામી સૂર્યેન્દ્ર પુરી તથા સાધ્વી યોગાંજલી ચૈતન્યા દ્વારા રાયપુર - છત્તીસગઢ મધ્યે એક નિઃશુલ્ક શિબિર દ્વારા આપવામાં આવ્યું હતું.

આ ક્રિયા કરવાના એક કલાક પહેલાં અને પછી કાંઈ પણ ખાવું - પીવું નહીં. આ ક્રિયા એક પ્રકારની સારવાર છે. પદ્ધતિસર અને નિયમીત રીતે આ સૂર્ય ક્રિયા યોગ સાધના કરવાથી ચામડીના રોગો, સ્ત્રી રોગો, આંખની તકલીફો, ગેસ, અપચો, હૃદય રોગ, સાયનસ, માઈગ્રેન વગેરે જેવા રોગોથી હંમેશ માટે છુટકારો મળે છે.

આ સૂર્ય ક્રિયા યોગ બીજા યોગાસનોની સાથે પણ કરી શકાય છે. સૌથી જરૂરી છે કે જે પણ યોગાસનો કરતા હોઈએ એ સરખી રીતે શિક્ષણ લીધા બાદ જ કરવા. બરાબર પદ્ધતિથી યોગાસનો કરવામાં ન આવે તો શરીરને બીજી તકલીફ વધી જાય છે, અને જે તકલીફ હોય એમાં પણ રાહત મળતી નથી.

'સિદ્ધાંમૃત સૂર્યક્રિયા યોગ'ની ખાસ તાલીમ મેળવ્યા બાદ ના મારો અનુભવ તથા વર્ણન.

# ધો.૧૦,૧૨ પાસ/નાપાસ વિદ્યાર્થીઓ માટે આઈટીનું પ્રવેશદ્વાર

ભારત સરકારની સંસ્થા TCI એ Ministry of Communication & IT હેઠળ આવે છે. જેની સ્થાપના ૧૯૭૮માં ડિપાર્ટમેન્ટ ઓફ ટેલીકોમ (DOT) માં થઈ હતી. (DOT) ના ચાર ડિપાર્ટમેન્ટ છે. (1) BSNL (2) MTNL (3) ITIL (4) TCIL જેમાં TCIL-IT એ TCIL નું એજ્યુકેશન ડિવિઝન છે. આજના IT યુગમાં વિદ્યાર્થીઓના સારા ઉજ્જવળ ભવિષ્ય માટે TCIL-IT કોમ્પ્યુટર ટ્રેનીંગ આપી રહી છે. TCIL-IT માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને Govt. સર્ટીફિકેટ અને UGC, AICTE, DEC માન્ય ડિપ્લોમાની સાથે સાથે નોકરી તક પણ આપે છે. ધો. ૧૦, ૧૨ પાસ નાપાસ વિદ્યાર્થીઓ TCIL-IT માં કોર્ષ કર્યા બાદ UGC, AICTE, DEC માન્ય યુનિવર્સિટીમાંથી BCA, B.Sc. IT, BA, VFXA માં સીધો જ બીજા વર્ષમાં પ્રવેશ મેળવી શકે છે.

**ગાઈડ લાઈન :** આજના કોમ્પ્યુટર જગતમાં ટકી રહેવા માટે IT ક્ષેત્રે નિષ્ણાંત હોવું જરૂરી છે. આજના યુગમાં માત્ર કોલેજની ડિગ્રી પૂરતી નથી. કોલેજની સાથે સાથે આવું કંઈક કરો જેના પછી તમને સારી નોકરી મળી શકે તેના માટે TCIL-IT ભારત સરકારની સંસ્થામાં પ્રવેશ મેળવીને ઉચ્ચતર કારકિર્દી બનાવી શકો છો.

ધો. ૧૦, ૧૨ પછી કોલેજ સાથે TCIL-IT સર્ટિફાઈડ હાર્ડવેર એન્ડ નેટવર્ક પ્રોફેશનલ, TCIL-IT સર્ટિફાઈડ વેબ પ્રોફેશનલ, TCIL-IT સર્ટિફાઈડ ડિપ્લોમા ઈન મલ્ટિમીડીયા એન્ડ એનિમેશન જેવી ટ્રેનિંગમાં જોડાઈ નાની ઉંમરે સરસ કારકિર્દી મેળવી શકાય છે. જેથી બીજા વિદ્યાર્થીઓની સરખામણીમાં પોતે અલગ તરી આવે અને પોતાની આઈડેન્ટિટી મેળવી શકે. આ બધા કોર્સમાં BCA, MCA, BE IT, BSC IT કરનારા વિદ્યાર્થીઓ પણ જોડાઈને પોતાની કેરિયર વધારે સિક્યોર્ડ કરી શકે છે. ધો. ૧૨ નાપાસ થયેલ વિદ્યાર્થી પણ ફરી એકઝામ આપશે પણ સાથે જો આવી ટ્રેનિંગમાં એડમીશન લઈ લે તો સમયનો સદ્ઉપયોગ કરી સમય અને કેરિયર બગડતા અટકાવી શકે છે.

TCIL-IT દ્વારા ચાલતા કોર્સમાં નેશનલલાઈઝ બેંકો દ્વારા શિક્ષણ લોન મેળવી વિદ્યાર્થીઓ ભણતર દ્વારા શિક્ષણ લોન મેળવી વિદ્યાર્થીઓ ભણતર મેળવી શકે છે. જેમાં ટ્રેનિંગ સમય પુરો થયા પછી વિદ્યાર્થીઓ સરળ હપ્તામાં ફી ભરપાઈ કરી શકે છે. આ સંસ્થા જૂજ વિદ્યાર્થીઓ માટે ખાસ ઓફર રજુ કરે છે. તા. ૧૨-૬-૨૦૧૨ના એડમીશન શરૂ થઈ ગયા છે. જેની વિગતો નીચે મુજબ છે.

TCIL-IT Certified Hardware & Network Professional-30 seats. (Diploma in Hardware & Networking - AICTE, UGC & DEC Approved University - Free)

TCIL-IT Certified Web Professional - 30 seats. (Diploma in Computer Application - AICTE, UGC & DEC Approved University - Free)

TCIL-IT Certified Diploma in Multimedia & Animation - 30 Seats - (Diploma in VFX & Animation - AICTE, UGC & DEC Approved University - Free) બહાર ગામના વિદ્યાર્થીઓ માટે સ્ટુન્ડ બસ પાસ સુવિધા ઉપલબ્ધ છે.

**અમદાવાદ પ્રવેશ માટે નીચેના સ્ટડી સેન્ટરનો સંપર્ક કરવો.**

★ **મણીનગર :** સાતમો માળ, સત્યમ્ ટાવર, મણીનગર રેલ્વે સ્ટેશન સામે, અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૬૨૨૨૩૩, ૨૫૪૬૧૧૮૭ ★ **ગુરૂકુળ :** ૩૦૪, ૩૦૫, હેરીટેઝ પ્લાઝા, ગુરૂકુળ મંદિર સામે, મેમનગર, અમદાવાદ. ફોન : ૦૭૯-૪૦૦૫૫૨૨૧, ૦૯૩૭૬૧૪૪૬૨૨ ★ **ચાંદખેડા :** ૪૦૫, ચોથે માળ, ઓરેન્જ મોલ, ચાંદખેડા બસ સ્ટોપ પાસે, અમદાવાદ. ફોન : ૨૩૨૯૧૦૦૫, ૯૯૯૮૦૫૮૯૮૬ ★ **વલ્લભ વિદ્યાનગર :** બીજે માળ, સીલ્વર ઓક, રઘુવીર ચેમ્બર પાસે, વલ્લભવિદ્યાનગર. ફોન : ૦૨૬૯૨-૨૨૯૩૧૯, ૯૫૮૬૩૮૨૮૮૨ www.tcilitwest.com

## ટાઈમ્સ સ્કોલર્સ

દેશની યુવા-પ્રતિભા શોધ હેતુ 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' દ્વારા ટાઈમ્સ સ્કોલર્સ ટેસ્ટ જાહેર થયેલ છે. સમગ્ર દેશમાં હાલે બારમા ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ ટેસ્ટ દ્વારા સ્કોલરશીપ / ફેલોશીપ મેળવી શકે છે. વધુ વિગતો તેમજ ફોર્મ મેળવવા www.timescholars.com લોગ ઓન કરો. સ્કોલરશીપ પ્રોગ્રામ વિગતો www.facebook.com/times scholars અથવા ટ્વીટર (twitter.com/times scholars) મેળવી શકાય છે.

Attention bright chaps - be one of the TOP TWENTY

સ્ટોપ પ્રેસ

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

**૨૭ મો સમૂહલગ્ન તા. ૧૦-૧૨-૨૦૧૨, સોમવાર** કારતક વદ ૧૨નાં રોજ યોજાનાર છે.

સમૂહ લગ્ન પ્રવેશ ફોર્મ **તા. ૧૬-૧૦-૨૦૧૨ (પ્રથમ નવરાત્રી) થી તા. ૫-૧૧-૨૦૧૨** સુધીમાં ભરવામાં આવશે.

**આ ૨૭ મા સમૂહલગ્નમાં દરેક કન્યાઓને ફ્રી પ્રવેશ આપવામાં આવશે.**

**નિતીન કે. હેડાઉ**
કન્વીનર - સમૂહ લગ્ન સમિતિ

**કિશોર જે. ચનાણી**
પ્રમુખ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ

## પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ



મૈત્રી એમ. છત્રાળા
અંજાર
ધો. : L.KG. 98.5%



પૂર્વી એમ. બારમેડા
રાયપુર
ધો. : SR.KG.



તેજશ વી. બિજલાણી
ભુજ
ધો. : ૧ ૯૫.૮૭%



ઋત્વાબેન એ. સોની
સૈજપુરબોઘા-અ'વાદ
ધો. : ૨ ૯૩.૦૦%




ગૌરવ એસ. કંસારા
ડીસા
ધો. : ૩ ૯૮.૦૦%



ધ્રુવ વી. બિજલાણી
ભુજ
ધો. : ૪ ૯૮.૦૦%



મહિમા એચ. બુદ્ધભટ્ટી
અંજાર
ધો. : ૪ ૯૭.૫૦%



મીતાલી એચ. બુદ્ધભટ્ટી
અંજાર
ધો. : ૪ ૯૬.૨૫%



મિરાજ આર. સોલંકી
ભુજ
ધો. : ૫ ૮૯.૭૨%



રોશની એચ. બુદ્ધભટ્ટી
અંજાર
ધો. : ૭ ૯૮.૨૨%



વિધી એલ. સોની
ઓઢવ
ધો. : ૯ ૮૬.૦૦%



તીર્થ એલ. સોની
ઓઢવ
ધો. : ૫ ૯૪.૭૦%




નૈન્સી સી. બારમેડા
રાયપુર
ધો. : ૭



જીનલ ચંદુલાલ બગા
ભુજ
ધો. : ૪ ૭૮.૨૦%

### પાર્થ પોમલનું ભુજ જ્ઞાતિ દ્વારા સન્માન



શ્રી પાર્થ વિનયભાઈ પોમલ આ વર્ષે ૧૨ સાયન્સ (બી-ગ્રુપ) માં ૯૨% માર્કસ મેળવી શાળામાં તેમજ આપણા સમાજમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ. તે બદલ ભુજ જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા એનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

ચિ. પાર્થ હવે, એલ. જી. મેડીકલ કોલેજ, અમદાવાદ મધ્યે એમ. બી. બી. એસ. (પ્રથમ વર્ષ) માં અભ્યાસ કરે છે. તેમને સેતુ પરિવારના હાર્દિક અભિનંદન.

### જ્ઞાતિ ગૌરવ



હાર્દિક બગા ભુજના વતની શ્રી હસમુખભાઈ બગા અને હેમલત્તાબેનના પુત્ર ચિ. હાર્દિક - ૨૦૧૨માં ધો. ૧૨ સાયન્સ 'એ' ગ્રુપમાં ૭૦ ટકા મેળવી ઉત્તીર્ણ થયેલ છે. ચિ. હાર્દિક DDIT એન્જીનીયરીંગ કોલેજ, નડીયાદમાં 'ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન' ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. ચિ. હાર્દિકના મોટા બેન, નેહા હાલે અમદાવાદની B. J. મેડીકલ કોલેજમાં એમ.બી.બી.એસ. ના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. ચિ. હાર્દિકને સેતુ પરિવારના હાર્દિક અભિનંદન સાથે શુભેચ્છાઓ.

# અણમોલ 'મા'

હિમેશ ભગતલાલ બારમેડા

નવ મહિના સુધી અસહ્ય પીડા સહન કરવાવાળી 'મા'. પા પા પગલી પડાવી પડાવીને ડગલા ભરતાં શીખવાડવા વાળી 'મા'. મામુલી છીંક ઉપર પણ ગભરાઈ જવા વાળી 'મા', પળે પળે સંસ્કારોનું સિંચન કરનારી 'મા', ધીમે ધીમે શિક્ષણ ના માર્ગ પર આગળ વધારવાવાળી 'મા', સમયની હર ક્ષણમાં ગંતવ્ય ઉપર આંગળી ચીંધનારી 'મા', ગંતવ્ય યાદ અપાવનારી 'મા', હિંમત હારવા પર ફરી પાછી બમણી હિંમત બનાવતી 'મા', રાત રાતના ઉજાગરા કરી સવારે પ્રેમથી ઉઠાડતી એ 'મા', પોતાના લોહીનું સિંચન કરી બળવાન કરતી 'મા', દૂર રહીને પણ આસપાસ રહેવાવાળી 'મા', રજે રજ દુઃખ પાસે રાખી સુખની પોટલી દેતી 'મા', પડી જવા પર દોડીને ઉઠાવવા આવતી 'મા', જે પોતાના પ્રત્યેક શ્વાસ આપણા પર ન્યોછાવર કરે છે તે 'મા'.


આ 'મા' ને હું હર પળે હર પગલે નત મસ્તકે ગદ્ ગદ્ થઈને પ્રણામ કરું છું. તેના પગનો સ્પર્શ કરીને તેના વ્હાલને લૂંટવા અને તેના પ્રેમને પ્રાપ્ત કરવા તેના અમીટ આશીર્વાદ ને લેવા હું આતુર બન્યો છું. પણ કશેક હ્રદયમાં ગ્લાનીનો અનુભવ થાય છે. શું ખરેખર ! હું લાયક છું ? એ ગ્લાની મને દૂર રહેવાની સલાહ આપે છે. મેલા હાથે કોઈ પરમાત્માને કેમ સ્પર્શ કરી શકે ? મારી ગ્લાનીને કહું છું કે દૂર જા, મારા મનને સ્વચ્છ કરવા ચાહું છું. માના આશીર્વાદ લેવા ચાહું છું, પણ આત્મગ્લાની જતી નથી અને અપરાધોની સંખ્યાબંધ શૃંખલાઓ પછી પણ મા નિર્મળ પ્રેમનોૌ ફરી ક્યારે અહેસાસ થાશે ? ક્યારે 'મા' દરેક ભૂલોની માફી મળશે ? ક્યારે તેનો કરૂણા ભરેલો હાથ મારા મસ્તકે ફરશે ? ક્યારે મારી આત્મગ્લાનીના દરેક અનુભવની માફી મળશે ?

વિચારોના આ વમળમાં હું કશેક ખોવાયેલા હતો ત્યાં મારા દરવાજાની ટકોરે મારું ધ્યાન આકર્ષિત કર્યું તેના જવાબ રૂપે જ્યારે મેં દરવાજો ખોલ્યો તો મારા નેત્રોએ સ્વતઃ અશ્રુધારા વહાવવી શરૂ કરી દીધી. શરીરની શક્તિ ક્ષીણ થઈ ગઈ. હું એ 'મા'ના પવિત્ર ચરણોમાં સરી પડ્યો, જેણે મને જીવનમાં ઉઠતાં શીખવાડ્યું તેણે ફરી મને ઉઠાડ્યો.

શક્તિથી ક્ષીણ થયેલા એ હાથોમાં ફરીથી શક્તિનો સંચાર કરવા વર્તમાનની મારી અપાર સંપત્તિ તેના પ્રેમના અનંત સમૃદ્ધ સામે એક ટીપાં જેટલીય ન હતી.

મારી પાસે બધુંય હોવા છતાં, તેને દેવા માટે કશુંય ન હોતું પણ તેની પાસે કંઈ ન હોવા છતાંય બધુંય....

## શ્રદ્ધાંજલી



**પ્રથમ પુણ્યતિથી - અશ્રુભરી ચિરવિદાય**

**સ્વ. નરોત્તમભાઈ રાવજીભાઈ પોમલ (દુર્ગ - છત્તીસગઢ)**

**જન્મ : ૧૮-૯-૧૯૫૦, સ્વ. તા. ૮-૮-૨૦૧૧**

સમય જીંદગીનો ઓછો હતો. તેની ક્યાં ખબર હતી. વિદાય તમારી અણધારી થશે એવી ક્યાં ખબર હતી. આંસુ સુકાઈ ગયા આંખમાં, તમે અટવાઈ ગયા હ્રદયમાં આપે પરિવારની આધેશી સેવા કાર્યથી પરિવારનો ગૌરવ વધાર્યો. સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યું નહી. તમે નથી એ સત્ય છે. તમારા મધુર સ્મરણો અંકિત છે. અમારા હ્રદયથી એવી ભાવભિની શ્રદ્ધાંજલિ. પરમાત્મા આપની આત્માને શાંતિ આપે એજ હ્રદયથી પ્રાર્થના.

**પત્ની - ચંદ્રિકાબેન એન. પોમલ**

**દીકરી - દિપાલી એન. પોમલ**

**નાની દીકરી - ભૂમિ એન. પોમલ**

**એવમ્ સમસ્ત પોમલ પરિવાર તથા બારમેડા પરિવારના જયશ્રીકૃષ્ણ**

ગત જુન-જુલાઈ'૧૨ના અંકમાં આપનો તંત્રી લેખ વાંચ્યો. પ્રથમ દ્રષ્ટિએ તો મને થયું કે, લેખમાં આપણી જ્ઞાતિને લગતી કોઈ વાત કે વિગત દેખાતી નથી, પણ વિચારતાં થયું કે, આપણી જ્ઞાતિનાં યુવાધન કે નોકરી વાંચ્છુઓ માટે આમાં ઉપયોગી માહિતી છે અને આપે આ મહત્વના પ્રશ્ને જ્ઞાતિનું ધ્યાન દોર્યું છે. આપે લખ્યું છે કે - આજે કચ્છની ધરતી નાના - મોટા સેંકડો ઉદ્યોગોથી ધમધમે છે. પરંતુ એમાંથી આપણી જ્ઞાતિના કેટલાને આ ઉદ્યોગોમાં સ્થાન મળ્યું છે ? વિગતો નથી ! આ વિશે આપણી જ્ઞાતિના અગ્રણીઓએ સાથે બેસીને ચિંતન કરવાની તાતી જરૂર છે. આજે સોના-ચાંદીના ભાવો આસમાને પહોંચ્યા છે. ત્યારે આપણા ઘણા જ્ઞાતિજનોને આ સોના-ચાંદીનો ધંધો પરવડે તેવો રહ્યો નથી અને આપણા સમાજમાં હવે ભણતરનું સ્તર પણ અમુક અંશે વધ્યું છે ત્યારે આપણે ઘર આંગણે આવેલ ઉદ્યોગોમાં નજર દોડાવવી જોઈએ.

આપે દૂરંદેશી કહી શકાય એવું સાચું જ લખ્યું છે કે, આપણા યુવા વર્ગ માટે કચ્છમાં વિકસતા ઉદ્યોગોમાં નોકરી શોધવા કરતાં, એ ઉદ્યોગોને અનુલક્ષીને કોઈ ઉદ્યમ વિષે વિચારવું અને એને મૂર્ત સ્વરૂપ આપવા ધીરજપૂર્વક સંઘર્ષ કરવો. આ તંત્રીલેખ અગ્રણીઓએ ફરીથી વાંચી જવા વિનંતી છે.

આ ટાંકણે એક બીજી આડ વાત લખવી મને જરૂરી લાગી છે કે કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં આપણી સુવર્ણ જ્ઞાતિના મતદારો (વોટર્સ) કેટલા ? આપણી જ્ઞાતિનું રાજકીય દૃષ્ટિએ વજન કેટલું ? વિધાનસભા ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે આ મહત્વનાં પ્રશ્ને વિચારવું જરૂરી છે. આ બાબતે એક અંદાજીત સર્વે કરીને રાજકીય દૃષ્ટિએ આપણી તાકાત બતાવવી જરૂરી છે. સમયની માંગ છે. આજે અન્ય જ્ઞાતિઓનું રાજકીય રીતે ઘણું જ મહત્વ છે. એ જોતા આપણી જ્ઞાતિમાંથી પણ ઈચ્છુકો રાજકારણમાં સક્રિય થાય એ હાલના સમયમાં જરૂરી છે. જો કે આપણી જ્ઞાતિમાંથી ગણ્યા ગાંઠ્યા જ અગ્રણીઓ રાજકારણમાં સક્રીય છે તે સુવિદિત છે.

**— પી. જી. સોની 'દાસ', ભુજ**

સમસ્ત મારૂ કંસારા સોની જ્ઞાતિને એક-મેકને ઓળખવામાં ખૂબ જ સુંદર કાર્ય કરી રહેલ મુખપત્ર 'જ્ઞાતિસેતુ' માં રજૂ થતા જ્ઞાતિબંધુઓના વિચારો તથા છેલ્લા ચાર અંકથી જ્ઞાતિમાં લગ્નવિચ્છેદની સમસ્યા અંગે 'સમજણના સૂર' અંતર્ગત લેખકોના મંતવ્યો સમગ્ર જ્ઞાતિને વિચારતા કરે તેવા છે. આ માટે અખિલ ભારતીય મારૂ કંસારા મહામંડળની રાહબર હેઠળ દરેક તાલુકા ઘટકોના હોદ્દેદારોશ્રીઓ તથા જ્ઞાતિમોવડીઓ એક થઈ સાથે મળી કાર્ય કરશે તો તેના સારા પરિણામો ભવિષ્યમાં જોવા મળશે.

પોતાના મંતવ્યો રજૂ કરનાર તમામ જ્ઞાતિબંધુઓને સલામ.

**દિપ્તી પરેશ ગુજરાતી, ભુજ**

## 'જ્ઞાતિસેતુ' પરિવારના નવા સભ્યો

| | |
|---|---|
| મનુભાઈ છગનભાઈ સોની | રાયપુર |
| હિતેશભાઈ રસિકલાલ પોમલ | રાયપુર |
| વિભાબેન વી. સોની | મુંબઈ |
| દિપકભાઈ એસ. બારમેડા | રાયપુર |
| અરવિંદભાઈ ગોપાલજી કટ્ટા | રાયપુર |
| શીવલાલભાઈ મોતીલાલ બુદ્ધભટ્ટી | વડોદરા |
| સાકેત પરમાર | રાયપુર |
| ચંદ્રેશ પરમાર | રાયપુર |
| સુરેશ નંદલાલ કંસારા | અમદાવાદ |
| ચંપકલાલ પરસોત્તમ સોની | અંજાર |
| હેમંતભાઈ બુદ્ધભટ્ટી | રાયપુર |
| સુષ્મા ચંદ્રકાંત સોની | મુંબઈ |
| કમલેશ છગનલાલ સોની | અમદાવાદ |

## જ્ઞાતિ ગૌરવ



મૈચા પરિવારના પુત્ર સોની વત્સલ મનોજ તેઓએ ગાંધીધામ ખાતે યોજાયેલ કચ્છ જિલ્લા આંતર સ્કૂલ તરણ સ્પર્ધા અંતર્ગત અંડર-૧૭ બ્રેસ્ટ સ્ટ્રોક ઈવેન્ટમાં ૫૦ મીટર તથા ૧૦૦ મીટરમાં પ્રથમ અને ૨૦૦ મીટરમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

તેઓ ધો. ૯માં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યા છે. આગામી સપ્ટેમ્બરમાં અમદાવાદ ખાતે રાજ્ય કક્ષાએ યોજાનારી તરણ સ્પર્ધામાં તેઓ ભાગ લેવા જઈ રહ્યા છે.

ચિ. વત્સલને સેતુ પરિવારના હાર્દિક અભિનંદન સાથે તરણ ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ સાધે તેવી શુભેચ્છાઓ..

Secrete of success
"come out of comfort zone"

# શતરંજના ખેલ

હંસરાજ કંસારા

**ગત અંક સુધીમાં આપણે વાંચ્યું....**

*એક રાજા શતરંજના ખેલમાં એના તરૂણ નોકર સુકાળથી હારી ગયો. આપેલા વચન મુજબ, સુકાળને શતરંજના પ્રથમ કોઠામાં એક પછી પ્રત્યેક કોઠામાં બમણાના હિસાબે અનાજ આપવા હુકમ કર્યો. પાડોશના સામંતની મદદથી રાજસત્તા પોતાના હાથમાં લેવાની વેતરણમાં સફળ થવાની અણી ટાણે, આ રાજ હુકમે દીવાન મૂંઝાયો. કારણ કે રાજ્ય ના અન્ન ભંડારનું ભોંયરું, જે પડોશી રાજની હદ સુધી જતું હતું ત્યાંથી શસ્ત્રો, આવી ગયા હતા. દીવાને તરૂણને સોમવતી અમાસને રોજ અનાજ લેવા આવવાનો આદેશ આપ્યો.*

*ગામની પાદરે ટેકરી પર કાલી માતાના મંદિરના વૃદ્ધ પુજારી અને રાજમાતાને દીવાનની હીલચાલની ગંધ હતી. દીવાનની ચાલ નિષ્ફળ કરવાના પૂજારીના આયોજનને અનુસરતા સુકાળને મહેલ અંદરના ભેદી ભોંયરાઓની ભાળ મળી. એ ભોંયરાના ત્રિભેટે, એક રસ્તો કાલી મંદિરે અને બીજો રસ્તો રાજમાતાના પિયરના ગામ તરફ જતો હશે એવું અનુમાન સુકાળે કર્યું એને ભંડારની પછી તે ભોંયરામાં દીવાન અને ભંડારીને જોયા. કાલીમાંની મૂર્તિની પગથી પર જમીન ખસકી અને અંધારા કૂવામાં એ ઉતરી ગયો. સુકાળ અને તેજુએ ભોંયરામાંથી ભંડારમાં થતી હિલચાલ જોઈ. બધી વાત કાલી મંદિરના પુજારીને જણાવી. પુજારીએ સુકાળ સાથે રાજમાતાને અને તેજુ સાથે રાજમાતાનાં પીયરમાં સંદેશ મોકલ્યા. રાજમાતાએ સેનાપતિ સમશેરસિંહને નગરના ગઢની બહાર છાનો પડાવ નાખવાની સુચના આપી. સુકાળ અને તેજૂએ બીજે દિવસે ભોંયરામાં દુર્જનના સૈનિકોની ઘુંસપેઠની ખબર લેવાની તૈયારી કરી. સુકાળ પુજારી પાસેથી રોટી અને કમળનો સંકેત સમજ્યો અને વિદેશી હકુમત સામેના વિદ્રોહમાં સામેલ થવા પ્રતિબદ્ધ થયો. એ જ રાત્રે પૂજારી ને ત્યાં એને એના સાથીઓનો પરિચય ગુરૂદેવનો થયો. સોમવતી અમાસને રોજ બંને પક્ષે પોત પોતાની ના કહેવાથી ચાલ આરંભી. દીવાને ગોરા અમલદાર અને દુર્જન સિંહને સજ્જનગઢ આવ્યા. રાજમહેલમાં ઉતારો આપ્યો.*

**હવે આગળ વાંચો......**

ગોરા અમલદાર બટલર અને જાગીરદાર દુર્જનસિંહના આરામની પૂરતી વ્યવસ્થા કરી, દીવાન અમરચંદ અતિથીગૃહની બહાર આવ્યો. એણે માથા પરની પાઘડીના આંટા ઠીક કર્યા. ગોઠણ સુધીના એના કોટના જમણા ગજવામાં હાથ નાખ્યો. ગજવામાં પડેલી ચીજ પર હાથ ફેરવતાં એણે ચોપાસ જોયું.

આખો રાજમહેલ ચોતરફ ગઢની ઊંચી દિવાલથી ઘેરાયેલો હતો. અતિથી નિવાસની બરાબર  સામે રાજનિવાસ હતો. એની ડાબી બાજુ ગઢરાંગની લગોલગ શસ્ત્રાગાર હતું. રાજ નિવાસ અને શસ્ત્રાગાર વચ્ચે શિવાલય હતું. કુળદેવીનું સ્થાનક પણ રાજ્યની પરંપરાગત હતું. બાગમાં અતિથીગૃહથી રાજ નિવાસ તરફ જતા રસ્તાની બંને બાજુ છાતી સમાણી હાથી ઘોડાના આકારો કોતરેલી મેંદીની વાડ હતી. વાડની બંને તરફ ફૂલવાડી હતી. રસ્તામાં સમાંતરે બે ફૂવારા હતા. આ ફૂવારા ફરતા ગોળાકાર પગથાર હતા. મહેમાનોના માનમાં બંને ફૂવારો ચાલુ હતા. સુરજ હવે ગઢની ઊંચી દિવાલથી પણ ઉપર આવી ગયો હતો. ફૂવારાના પાણી એના તેજ કિરણોમાં થોડા ઉંચે સુધી ઉડતા પાણીની આરપારથી પસાર થઈ, આંખો આંજી નાંખતો પ્રકાશ વેરતા હતા.

દીવાન ઘડીભર એ આંજી નાખતા પ્રકાશમાં ફૂવારાની ગોળ પગથાર પર ટપકતી પાણીની ધાર જોઈ રહ્યો... હા, બરાબર બે દાયકા પૂર્વે આવી જ ધારાને એણે રક્ત રંજીત થતી જોઈ હતી. એ ગોઝારો દિવસ એને બરાબર યાદ હતો. એ દિવસે સવારથી એ એના પિતા સાથે રાજમહેલમાં આવ્યો હતો. ત્યારે એના પિતા રાજના દીવાન હતા. મહારાજાની સંમતિથી એના પિતા, એને દિવાનગીરીની તાલીમ માટે હંમેશા સાથે રાખતા, કારોબાર શીખવતા. તે દિવસે એના પિતાએ, પણ, આજની માફક કોઈ ગોરા અમલદારનું સ્વાગત કર્યું હતું અને એને માનભેર અતિથીગૃહમાં ઉતારો આપ્યો હતો.

એ ગોરા અમલદાર સાથે એના પિતાએ એનો પરિચય કરાવ્યો હતો. ગોરા અમલદારે ત્યારે, એ દીવાન પદ સંભાળી શકે અને સાથે સાથે ગોરી હકુમતને વફાદાર રહે તેવો છે કે નહીં તેની ચકાસણી કરવા એને અટપટા પ્રશ્નો પૂછ્યા હતા. એણે આપેલા જવાબોથી પૂરતો સંતોષ થતાં, ગોરા અમલદારે એજ વખતે એના પિતાને ખાત્રી આપી હતી કે એમની નિવૃત્તિ બાદ એના પુત્રને જ એ દીવાન પદ અપાવશે.

ગોરા અમલદારની તહેનાતમાં રહેવાની એને સૂચના આપી એના પિતા ત્યાંથી રાજભવન જવા નીકળ્યા. એમને મુખ્ય દ્વાર સુધી મૂકી, એ પાછો અતિથી ભવન તરફ આવતો હતો, ત્યારે જ અચાનક પાછળથી એને ધનાધન ગોળીઓ છૂટવાનો અવાજ સંભળાયો. એણે સહસા પાછળ જોયું. રાજ નિવાસ તરફ જતી સડક પર ફૂવારા પાસેથી પસાર થતા એના પિતાનું શરીર ગોળીઓથી વિંધાયેલું અને ફૂવારાની બોછારને રક્ત રંજીત કરતું લથડતું, ફૂવારાની પગથાર પર પડતું એણે જોયું. એણે જોરથી ચીસ પાડી.

ગોળીઓના અવાજે ચમકેલો ગોરો અફસર એજ વખતે ભવનની બહાર પરશાળમાં આવ્યો. હાથમાં ખુલ્લી રિવોલ્વર સાથે એ ફૂવારા તરફ ધસી ગયો. એની પાછળ પાછળ એ પણ ગયો હતો. ગોરા અમલદારે સતાવાહી સ્વરે આસપાસ તહેનાતમાં હતા તે બધા પહેરેદારોને બોલાવવા બુમાબુમ કરી. ફરજ પર તહેનાત ચોકીદારો તાબડતોબ ફૂવારા પાસે પહોંચી ગયા. બુમાબુમ સાંભળી રાજભવનમાંથી મહારાજા પણ એના અંગરક્ષકો સાથે ઘટના સ્થળે આવી ગયા.

એના પિતાનું આખું શરીર ગોળીઓથી વિંધાઈ ગયું હતું. ફૂવારાનું

પાણી જે ઊંચે સુધી જઈને પાછું ગોળાકાર કુંડીમાં પડતું હતું તે એના પિતાના શરીરમાંથી વહેતા લોહીથી લાલ થઈ ગયું હતું અને એ લાલ પાણી ફૂવારા વાટે ઉપર નીચે બોછાર કરતું હતું.

અમર ચંદની આંખમાં સમાયેલી એ લાલી ત્યારથી લઈને આજ સુધી કાયમ હતી. કારણકે એ દીવાન થયા પછી પણ આકાશ પાતાળ એક કર્યા છતાં એના પિતાનો ખૂની એને હાથ લાગ્યો નહતો.

જો કે બનાવ બન્યો ત્યારે જ, ગોરા અમલદારે તાબડતોબ ગુન્હેગારને પકડવાના શક્ય બધા જ પ્રયાસો કરવાના કડક હૂકમો આપી દીધા હતા. મહેલના પ્રવેશ દ્વારથી લઈને ગઢરાંગ ફરતો કડક જાપ્તો ગોઠવાઈ ગયો હતો. અને આમેય, મહેલમાં મુખ્ય પ્રવેશ દ્વાર સિવાય ક્યાંય પણ બહારથી આવવાનું કે બહાર જવાનું કોઈ બારું નહોતું. અને પ્રવેશ દ્વારથી કોઈ જાણ્યા કે અજાણ્યા શખ્સને પૂરતી ચકાસણી વિના આવવા કે જવા મળતું નહોતું. એટલે ખૂની મહેલની બહાર નાસી ગયો હોવાની કોઈ સંભાવના નહોતી તેથી રાજમહેલના સમસ્ત વિસ્તારનો ખૂણે ખૂણો ચકાસાઈ ગયો હતો. ગોરો અમલદાર અને મહારાજા જાતે પણ તપાસમાં લાગી ગયા હતા. પણ ખૂની શખ્સ ના કોઈ સગડ ન હોતા. પગીને પણ એ આખા વિસ્તારમાંથી કોઈ પગેરું મળ્યું નહોતું. અતિથી ભવન અને રાજનિવાસની લોન ક્યાંય પણ કચડાયેલી નહોતી.

ગોઝારા બનાવની મૂક સાક્ષી સમી એ મેંદીની વાડ મૌન હતી. અને ફુવારા પાસે કોતરેલી મેંદીનો હાથી આકાર જરા પણ હલ્યો નહોતો.

વીસેક વર્ષ પહેલાંની એ ગોઝારી ઘટનાનું દૃશ્ય એના સ્મૃતિ પર તાજું થયું. તે પછીની તપાસની ઘડીએ ઘડી એને યાદ આવી. ગોરો અફસર રાજમહેલમાં એની હાજરી દરમ્યાન બનેલા આ બનાવની ગંભીરતાને લક્ષ્યમાં લઈ એનો તાગ મેળવવા ઘણા દિવસ સુધી ત્યાં જ રોકાઈ ગયો હતો. બનાવના સ્થળનું એણે વારંવાર બારીકાઈથી અવલોકન કર્યું હતું. બનાવ વખતે હાજર હતા અને નહોતા એ બધા જ સુરક્ષાકર્મીઓ તેમજ મહેલના રસોયા, માળી અને કુળદેવીના મંદિરના પૂજારી સહિત બધાની, શામ દામ અને દંડ નીતિ અપનાવી, ઉલટ તપાસ કરી લીધી હતી. પરંતુ, દીવાન પર ગોળી ચલાવનાર કોણ હતો એને એણે શા માટે એવું કર્યું તેનો ઉકેલ તરફ ઈશારો કરે તેવી એક પણ વિગત ગોરા અફસરને જાણવા નહોતી મળી. ગોરા અફસરનું રાજમહેલમાં રોકાણ વધારવાનું બીજું પણ કારણ હતું. એણે એના પ્રભાવથી દીવાનની ખાલી પડેલી જગ્યા પર અમરચંદને ગોઠવી દીધો. એટલું જ નહીં, જેટલા દિવસ અફસર ત્યાં રહ્યો એ બધા દિવસો એણે અમરચંદને સાથે જ રાખ્યો. રાજવહીવટ ચલાવવાના અને પોતાનો પ્રભાવ જમાવવાના બધા જ નૂસખા એણે અમરચંદને શીખવી દીધા.

**વધુ આવતા અંકે ....**

## METRIMONIAL



**Name :** Kansara Arpana Dineshbhai
**Date of Birth :** 12th September 1987
**Birth Time :** 8:15 am (Rajkot)
**Janmakshar :** Manglik **Height:** 5'1
**Weight :** 70kg **By Cast :** Maru - Kansara (Parmar)
**Qualification :** Completed B.com & doing Fashion Designing from NIFD last year.
**Hobbies :** Listening Music, Reading **Father :** Dineshbhai Jayantilal
**Grand Father :** Jayantilal Chatrabhuj Kansara (Rajkotwala) (Business of Silver Utensils & Gift Articles) JAY SILVER, 1, Supermall, C.G. Road, Ahmedabad - 9
**Mother :** Jashvantiben Dineshbhai (Housewife)
**Brother :** Kaushik Dineshbhai (Married at Jamnagar)
**Bhabhi :** Pooja Kaushikbhai (MBA from IIPM Ahmedabad)
**Sister :** Vanashree Dineshbhai (12''' std)
**Address :** "Manorath" 3, Devalayam Bunglow, Bh. SBl Bank, Iskcon-Ambli Road, Ambli, Ahmedabad -54.
**Contact Number:** 9328233337 (Dineshbhai) 8905033337 (Kaushik)
**Email :** info@jaysilver.in

# 'દાન'નું 'માન'

લતા કે હેડાઉ, નાગલપુર

લગભગ હજારેક વર્ષ પહેલાની આ વાત છે. તામિલનાડુમાં તે સમયે થન્જેપુર નામનું નગર હતું. થન્જેપુરમાં રાજચોલા નામે રાજા રાજ્ય કરતો હતો. તેના રાજ્યકાળમાં ખૂબ જ શાંતિ અને સમૃદ્ધિ હતી. રાજા ચોલા શંકર ભગવાનનો ભક્ત હતો. તેણે શંકર ભગવાનનું વિશાળ મંદિર બનાવવાનું વિચાર્યું અને આજુબાજુના રાજ્યમાંથી શિલ્પી અને સ્થાપત્ય નિષ્ણાંતોને બોલાવીને કહ્યું કે, મંદિર એવું બનાવો કે એનો પડછાયો જમીન પર ન પડે. મંદિર બને તેટલું ઊંચું વિશાળ અને ઉમદા કારીગરીવાળું હોવું જોઈએ.

રાજાની આજ્ઞા થતાં વિચાર કરી સ્થાપતિઓએ પીરામીડ આકારની રચનાવાળું મંદિરનું ચિત્ર બનાવી રાજાને બતાવ્યું અને કહ્યું કે, મંદિરનો પડછાયો જમીન પર ન પડે એ તો વિજ્ઞાનના નિયમ બહારની વાત થઈ, છતાં આ આકૃતિ પ્રમાણે જો મંદિર બનાવવું હોય તો બહુ ઓછો પડછાયો જમીન ઉપર પડશે. રાજાને મંદિરની આકૃતિ ગમી ગઈ. એટલે રાજાએ કહ્યું કે ભલે સત્વરે કામ પતાવો. હવે હું વૃદ્ધ થયો છું મારે મારા મૃત્યુ પહેલા પૂર્ણ થયેલ મંદિર જોવું છે !

રાજાએ દૂર દૂરથી ઉચ્ચ કક્ષાના પત્થરો અને શિલાઓ મંગાવી આપી. હજારોની સંખ્યામાં મજૂરો રાત-દિવસ મંદિરના ઘડતરના કામે લાગી હતા. નગરવાસીઓએ મંદિર નિર્માણ કાર્યમાં યથાશક્તિ ફાળો આપવા લાગ્યા.

તે નગરમાં ઊગલીબાઈ કરીને એક ડોશી રહે. તે નિઃસંતાન વિધવા હતી. તે દહીં-છાશ બનાવી તે વેચીને તેનું ગુજરાન ચલાવતી ઊગલીબાઈ રોજ છાશ વેંચવા જતી ત્યારે રસ્તામાં મંદિર બંધાતું હતું. ત્યાં ઉદાસ થઈ જતી અને વિચારતી કેવું સરસ અને વિશાળ મંદિર બધા બનાવે છે. બધા કેવો પરિશ્રમ કરી રહ્યા છે અને હું અભાગણ એમાં મારું યોગદાન આપી શકતી નથી.

એક દિવસ જ્યારે મંદિરના બધા શિલ્પીઓ જમીને ઉભા થયા ત્યારે ઊગલીબાઈ છાશ લઈ પસાર થતી હતી. ત્યારે તે જોઈને શિલ્પીને છાશ પીવાની ઈચ્છા થઈ અને તેણે ઊગલીબાઈ પાસે છાશ માંગી. ઊગલીબાઈએ છાશ આપી. શિલ્પીએ છાશ પીને એક પૈસો ઊગલીબાઈને છાશનો ધર્યો. તેણે શિલ્પી પાસેથી તે સિક્કો ન લીધો. પરંતુ તેના મનમાં વિચાર આવ્યો અને તેનું મન પ્રસન્ન થઈ ગયું. ઊગલીબાઈની ઝૂંપડીમાં એક પત્થરની મોટી કૂંડી હતી. ઊગલીબાઈ તેમાં દહીં અને પાણી ભેળવીને છાશ બનાવી અને ગામમાં વેચવા જતી. પણ બીજા જ દિવસે છાશ વેચવાનું બંધ કરી દીધું.. છાશની ગોળી ભરી મંદિર બંધાતું હતું ત્યાં પહોંચી ગઈ. બધા કારીગરોને મફતમાં છાશ પાવા લાગી. હવે ઊગલી ડોશીને શાંતિ થઈ કે હવે મેં પણ મંદિર બંધાવવામાં યોગદાન આપ્યું. આમ ઊગલીબાઈ રોજ છાશ પાતી જાય. કારીગરો કામ કરતા જાય. એમ દિવસો વિતવા લાગ્યા. તેમ મંદિર લગભગ તૈયાર થઈ ગયું. ફરી ઊગલીબાઈ ઉદાસ થઈ. વિચારવા લાગી મંદિર હવે થોડા દિવસમાં તૈયાર થઈ જશે. બધા કારીગરો ચાલ્યા જશે. હવે ઊગલી ડોશી તો નિઃસ્વાર્થ સેવા કરવા જ માંગતી હતી.

મંદિરના બાંધકામમાં હવે માત્ર ગુંબજનો ભાગ બાકી હતો. લગભગ બધા મોટા પત્થર ખલાસ થઈ ગયા હતા. છેલ્લા એક પત્થરને સુંદર રીતે કંડારીને કારીગરોએ ગુંબજ બનાવ્યો અને તેને ટોચ ઉપર જડવા માટે ચડાવતા હતા ત્યાંજ તે ગુંબજ દોરડામાંથી છટકી નીચે પડ્યો અને ગુંબજના કટકે કટકા થઈ ગયા અને આટલો મોટો પત્થર તાત્કાલીક ક્યાંથી આવે ! બીજા ગામમાંથી પણ જલદી આવી ન શકે.

ઊગલીબાઈને જાણ થતાં તેણે મુખ્ય કારીગરને કહ્યું, 'ભાઈ, મારે ઘેર એક મોટા પત્થરની કૂંડી છે. તમે આવીને તે જોઈ લો.' 'ડૂબતો માણસ તરણું પકડે' તેમ ઊગલીબાઈની વાત સાંભળી બે-ત્રણ શિલ્પી ડોશીને ઘેર કૂંડી જોવા ગયા. તેઓએ કૂંડી જોઈ. કૂંડી માપની હતી. એક શિલ્પીએ ઊગલી ડોશીને કહ્યું 'માજી, આ કૂંડી જરૂર કામમાં તો આવશે પણ પછી તમે છાશ શેમાં બનાવશો ? તમારું ગુજરાન કેવી રીતે ચાલશે ?'

ત્યારે ઊગલી ડોશી બોલી. એની ફિકર મારો શંકર ભગવાન કરશે. તમે જલ્દીથી કૂંડી લઈ જાવ અને જલ્દી મંદિરનું કાર્ય પૂરું કરો.

કારીગરોએ કૂંડી લઈ બે-ત્રણ દિવસમાં જ તેને સુંદર કંડારી અને ગુંબજમાં ફેરવી નાંખી અને સંભાળીને મદિરની ટોચ ઉપર ચડાવી. મંદિરનું બાંધકામ પૂરું કર્યું. સૂર્યપ્રકાશમાં ઝગારા મારતું વિશાળ અને ઊંચું મંદિર દૂર દૂર સુધી દેખાવા લાગ્યું.

રાજા મહેલના ઝરૂખામાંથી મંદિરના દર્શન કરી. મંદિરને જોઈને મનોમન હરખાતો ગર્વ કરી બોલવા લાગ્યો. મેં મહાદેવ શંકર ભગવાનનું કેવું સુંદર અને મોટું મંદિર બનાવડાવ્યું. મારા વડવાઓએ ન કર્યું એ કામ મેં કર્યું છે. રાજાને ગર્વ થયો એ રાત્રે એને નિરાંતની ઊંઘ આવી ગઈ.

ભર ઊંઘમાં એને સ્વપ્નમાં ભગવાન શંકર દર્શન દેતાં કહ્યું, 'હે રાજા ! તે રાજ ભંડારમાંથી ધન વાપરી મંદિર બંધાવ્યું છે. છતાં તું ગર્વ કરે છે. જ્યારે પેલી ગરીબ ઊગલીબાઈ એ

તેની રોજી રોટી જતી કરી તારા કારીગરોને મફત રોજ છાશ પીવડાવતી અને છેલ્લે ગુંબજ માટે એક પત્થર તેણે તેનો નિર્વાહ ના સાધન સમો પત્થર પણ ગુંબજ બનાવવામાં આપી દીધો. છતાં તેની મનમાં ગર્વની કોઈ ભાવના જ નથી. હું એ ડોશીનું યોગદાન શ્રેષ્ઠ માનું છું.' આમ કહી મહાદેવ અંતર્ધ્યાન થઈ ગયા. રાજાની આંખ ખૂલી ગઈ. સવાર પડતાં જ રાજા મંદિરે ગયો અને તેણે ઊગલીબાઈ વિશે તપાસ કરી. ઊગલીબાઈને બોલાવી અને કહ્યું ! માજી મંદિરના નિર્માણ કાર્ય દરમ્યાન તમે જે રીતે કારીગરોને રોજ છાશ પીવડાવી તે સાંભળી હું ખુશ થયો છું. હું તમને મંદિરના દ્વાર પાસે એક ઓરડી બંધાવી આપીશ. ત્યાં રહી તમે દરેક દર્શનાર્થીઓને પાણી પાવાની સેવા કરજો.

ધન્ય ! ભાગ્ય મારા. મારા માલિકને ઘણી ખમ્મા. રાજાને પગે લાગી ઊગલીબાઈએ કહ્યું. ત્યાર પછી ઊગલીબાઈએ બાકીની જિંદગી મંદિરના સેવા કાર્યમાં વિતાવી.

## શ્રી બ્રાહ્મણ મારૂ સોની સમાજ

**બાબુભાઈ નારાણજી સોની - મુંબઈ**

ઉપરોક્ત નામે મધ્ય ગુજરાતમાં આપણી જ જ્ઞાતિનો મોટો સમૂહ મુંબઈથી અમદાવાદ સુધીમાં વસેલો છે. મોટા ભાગના પરિવારો વડોદરા, સુરત, ભરૂચ, અંકલેશ્વર, બારડોલી અને ઓલપાડમાં રહે છે. તેઓની અટક (નુખ) ગોત્ર, કુળદેવી, નૈવેદ્ય, રિવાજ આપણા જેવા જ છે. મુખ્ય વ્યવસાય સોના-ચાંદીનો છે, પરંતુ હાલે આ ધંધામાં ૩૫ થી ૪૦ ટકા લોકો છે. સુરત, વડોદરાની સોના-ચાંદીની બજારમાં મારૂ સોની તરીકે તેઓ પ્રખ્યાત છે. શિક્ષણનું પ્રમાણ સારું હોવાથી અન્ય વ્યવસાય તેમજ સારી નોકરીઓ પણ કરે છે. લોકોમાં ૧૬ થી ૧૮ નુખના પરિવારો છે. તેમાં પણ સૌથી વધારે બારમેડા, બુદ્ધભટ્ટી, મેવચા, લાયચા, ધાંધલ છે. મહત્વની બાબત એ છે કે તેઓની વ્યવસાયી ઓળખ પારેખ, ચોક્સી, મહાજન અને પંચીગર છે.

તેમને પૂર્વ ઈતિહાસ વિષે માત્ર ઉચ્ચ બ્રાહ્મણ સોની હોવાનો અને મારવાડથી ચારસો પચાસ વર્ષ પહેલાં આવ્યા હોવાની માહિતી છે. તેમનું જ્ઞાતિ સંગઠન સંવત ૧૯૬૨થી છે. જ્યોતિ નામનું મુખપત્ર પણ પ્રગટ થાય છે. દર વર્ષે જ્ઞાતિમાં કેલેન્ડરનું વિતરણ થાય છે. હાલમાં જ તેમનું ત્રીજુ વસ્તીપત્રક પ્રગટ થયું છે. તેમજ સમૂહ લગ્ન, સરસ્વતી સન્માન, સ્નેહ મિલન, અધિવેશન વગેરે કાર્યક્રમ થાય છે. સગાઈ અને લગ્નમાં આપણા રિવાજ પ્રમાણે જ બધી વિધીઓ હોય છે. કચ્છીઓનાં અંદાજે ૨૮૦૦ પરિવાર છે, તે વિષે તેઓના ૧૫-૨૦ લોકોને પૂછ્યું તો તેમને કાંઈ ખબર ન હતી. તેમજ ગુજરાતમાં એમના ૧૨૫૦ પરિવારો છે, તે વિષે આપણા જ્ઞાતિ ભાઈઓને ખબર નથી. સગાઈ લગ્ન વગેરેમાં તેઓને પણ તકલીફ પડે છે. એટલે તેઓ ત્રાગડ સોની અને શ્રીમાળી સોનીમાં સંબંધો કરે છે. આ વિગતો તેમની જ્ઞાતિના પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી અને વડોદરા પંચના માજી પ્રમુખશ્રી તેમજ અન્ય જ્ઞાતિના પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી અને વડોદરા પંચના આજી, માજી પ્રમુખશ્રી તેમજ અન્ય જ્ઞાતિજનોને મળીને મેળવી છે. આપણા વિશે જાણીને તેઓ બહુ જ ખુશી થયા, મને ખૂબ સહકાર આપ્યો. ખાસ ગૌરવ લેવા જેવી બાબત એ છે કે તેમના નવા વસ્તીપત્રકમાં મારો લખેલો આપણી ઉત્પત્તિનો ઈતિહાસ તેમણે મારા નામથી જ છાપ્યો છે. અંતમાં જ્ઞાતિપ્રેમ, સમાજ નિષ્ઠા, મારો શોખ અને ઈશ્વરકૃપાથી આપણાં જ એક મોટા જ્ઞાતિ સમુદાયની શોધ કરી જાતે માહિતી મેળવીને આપણા મહામંડળ સમક્ષ રજુ કરું છું. હવે પછી શું કરવું જોઈએ તેના માટે મહામંડળના પદાધિકારીઓ સક્ષમ છે. હું એકલો આ કામ માટે બહુ જ નાનો છું. પરંતુ નસીબદાર છું કે આપણા મહામંડળની સ્થાપના કોઈ શુભ ચોઘડીએ થઈ છે. એટલે સફળતાપૂર્વક બધા કાર્યો થઈ રહ્યા છે અને આ કાર્ય માટે પણ ચર્ચા વિચારણા કરી મહામંડળ ઘટતુ કરશે એ જ અપેક્ષા.


## 'જ્ઞાતિસેતુ' જાહેરાતના ભાવ

| | | |
|---|---|---|
| **આખુ પાનુ - રંગીન - છેલ્લું ટાઈટલ પેજ** | **રૂ.** | **૪૦૦૦** |
| **આખુ પાનુ - રંગીન - અંદરનું ટાઈટલ પેજ** | **રૂ.** | **૩૫૦૦** |
| **આખુ પાનુ - રંગીન - અંદરનું પેજ** | **રૂ.** | **૩૦૦૦** |
| **અડધુ પાનુ - રંગીન - અંદરનું પેજ** | **રૂ.** | **૨૦૦૦** |
| **આખુ પાનુ - બ્લેક/વ્હાઈટ - અંદરનું પેજ** | **રૂ.** | **૧૫૦૦** |
| **અડધુ પાનુ - બ્લેક/વ્હાઈટ - અંદરનું પેજ** | **રૂ.** | **૧૦૦૦** |
| **૧/૪ પાનુ - બ્લેક/વ્હાઈટ - અંદરનું પેજ** | **રૂ.** | **૬૦૦** |

આ ભાવો એક અંક માટેના છે. જો અંક સાથે ૬ અંક (એક વર્ષ) માટે જાહેરાત આપવામાં આવશે તો ૧૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. ૧/૮ રંગીન પાનાની સાઈઝમાં કલાસીફાઈડ જાહેરાત એક વર્ષ માટેના ભાવ રૂ. ૩૦૦૦ રહેશે.

જાહેરાત માટે વધુ વિગત માટે **શ્રી મનુભાઈ કોટડીયા (મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮)** નો સંપર્ક કરવા વિનંતી.

જાહેરાતની રકમનો ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ **'શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ-અમદાવાદ'**ના નામે લખવા વિનંતી.

**- વ્યવસ્થાપક સમિતિ**